ઉન્નતિ
# વિચાર

વર્ષ ૪ **અંક ૧** જાન્યુઆરી–માર્ચ, '૯૯

**અનુક્રમ**

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
નવી સહસ્રાબ્દીમાં વિકાસ અંગેની કાર્યસૂચિ

**મંતવ્ય** ૬
નાગરિક સમાજ અને સુશાસન

**આપના માટે** ૧૨
વિકાસલક્ષી પ્રક્રિયામાં માનવવાદી મૂલ્યોનું કેન્દ્ર

**આપણી વાત** ૧૯
• 'ગુણી' પરંપરાના પુનર્સ્થાપન દ્વારા આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનો પ્રયાસ

• આદિવાસીઓમાં લુપ્ત થઈ રહેલી પરંપરાગત જડીબુટ્ટીવિદ્યા ૨૬

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** ૩૦

**સંદર્ભ સાહિત્ય** ૩૩

**અમારા વિશે** ૩૪

**સંપાદક ટીમ:**
દીપા સોનપાલ
મુરલી શ્રીનિવાસ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંસ્થાનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## નૂતન સહસ્રાબ્દીમાં શાસન વ્યવસ્થા

છેલ્લાં ૫૦ વર્ષમાં સામાન્ય નાગરિકોએ જેમાં રાજ્ય સર્વોચ્ચ છે એવા શાસન અંગેની સમજ વિકસાવી છે. રાજ્ય અને તેના અધિકારીઓએ નાગરિકો માટે, તેના અર્થતંત્ર અને પર્યાવરણ માટે શું સારું છે તે નક્કી કરવાની તમામ સત્તા ધારણ કરી છે. રાજ્ય કેન્દ્રી શાસન વ્યવસ્થાને આધારે વિકાસલક્ષી કાર્યક્રમો અને અન્ય સંસ્થાઓ ઊભાં થયાં છે. સ્થાનિક શાસન સંસ્થાઓ પણ લોકોને બદલે રાજ્યના અધિકારીઓને જવાબદાર બનાવાઈ છે કારણ કે તેનું કદ પ્રચંડ છે અને તે રાજ્યની શ્રેણીબદ્ધ (હાયારકી) શાસન પ્રથાનું એક સોપાન છે. રાજ્યને ઉત્તરદાયી અને પારદર્શક બનાવવા માટે સામાન્ય નાગરિકોને આત્મવિશ્વાસુ બનાવાયા નથી. જો કે, ઘણાં સામાજિક આંદોલનોએ સરકાર ઉપર સફળતાપૂર્વક દબાણ આણ્યું છે. નવી સહસ્રાબ્દીના ઉંમરે આપણને શાસનનો ખ્યાલ બદલાયો હોવાનો અને લોકો પ્રત્યેનું ઉત્તરદાયિત્વ સરળ બને તેને માટેની તંત્રવ્યવસ્થા સરળ બનાવાઈ રહી હોવાનો અનુભવ થઈ રહ્યો છે.

૭૩મા અને ૭૪મા સુધારાએ બંધારણમાં આપણા સમાજના તરછોડાયેલા વર્ગો અને સ્ત્રીઓના નેતૃત્વ સાથે સ્થાનિક શાસનની પ્રણાલી ઊભી કરવાની જોગવાઈ કરી છે. એક અછડતો અંદાજ એમ કહે છે કે દર પાંચ વર્ષે ચૂંટણી થતાં ૩૩ લાખ ગ્રામીણ મહિલાઓ નેતા તરીકે ઉપસી આવશે. કેટલીક વ્યક્તિઓ એવો મત ધરાવે છે કે આ ચૂંટાયેલા પ્રતિનિધિઓ તો તાકતવર લોકોની કઠપૂતળીઓ હોય છે. પરંતુ પાંચ વર્ષની પહેલી મુદતના અંતે ક્ષેત્રીય અનુભવ એનાથી તદ્દન વિપરીત છે. મહિલાઓ તેમનું યોગ્ય નેતૃત્વ પ્રસ્થાપિત કરવા માટે લડી રહી છે. આપણે એ પણ જોઈ રહ્યા છીએ કે ગ્રામ સભા દ્વારા માહિતીના અધિકાર માટેનું આંદોલન પંચાયતો ગ્રામજનો પ્રત્યે જવાબદાર બને તે જોવા માગે છે. આ માટેના લોકઆંદોલન બાદ રાજસ્થાન પંચાયતી રાજ ધારામાં આ અંગે સુધારો કરાયો છે અને કેરળમાં પણ આવી જ પહેલ કરાઈ રહી છે.

અનેક સ્વૈચ્છિક સંગઠનોએ પણ આવી જ વ્યૂહરચના અપનાવી છે. ઓરિસ્સામાં 'અગ્રગ્રામી' નામની સંસ્થા આદિવાસી પ્રદેશમાં ખાણકામની વિપરીત અસરો સામે ઝુંબેશ ચલાવે છે. રાજ્ય સરકારે આ સંસ્થાને તેની નોંધણી શા માટે રદ ન કરવી તે અંગેની કારણદર્શક નોટિસ પણ આપી છે. તેમ છતાં તેણે કશાય ડર વિના પોતાની તમામ સંસ્થાગત કામગીરી લોકોને જણાવવા માટે એક 'પ્રશ્નોત્તરી શિબિર' રાખી હતી. રાજસ્થાનના બિકાનેર જિલ્લાના 'નૌખા' પ્રદેશમાં 'ઉર્મૂલ જ્યોતિ'એ ભ્રષ્ટાચાર સામે લડવા 'જાગરૂક નાગરિક મંચ'ની સ્થાપના કરી છે. સ્થાનિક શાસન લોકો પ્રત્યે ઉત્તરદાયી બને તેને સમજાવતાં આ કેટલાંક ઉદાહરણો છે. અણ્ણા હજારે કહે છે કે ગામમાં દરેક સંગઠન માટે ગ્રામ સભા ઉત્તરદાયિત્વ અને પારદર્શકતાનું કેન્દ્ર છે. કેન્દ્ર સરકારે પણ માહિતીના અધિકારના પ્રશ્ને તપાસ કરવા સમિતિઓ રચી છે અને કેન્દ્રીય કાનૂનનો એક મુસદ્દો તૈયાર કર્યો છે. આપણને સૌને આશા છે કે સ્વશાસનની પ્રણાલી વધતાં શાસનકર્તા સંસ્થાનું નવું સ્વરૂપ ઊભું થશે. કારણ કે નૂતન સહસ્રાબ્દીમાં વિકાસ માટે મહત્ત્વની કાર્યસૂચિ માત્ર સ્થાનિક સ્તરે સામાજિક ન્યાયનું રક્ષણ કરવાની નથી, પરંતુ ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની વિપરિત અસરોને દૂર કરવાની પણ છે.

# નવી સહસ્ત્રાબ્દીમાં વિકાસ અંગેની કાર્યસૂચિ

નવી સહસ્રાબ્દીમાં પ્રવેશ કરતાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા અંગે સ્પષ્ટતા આપતો આ લેખ સોસાયટી ફોર પાર્ટિસિપેટરી રિસર્ચ ઈન એશિયા, નવી દિલ્લીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર **ડૉ. રાજેશ ટંડન** દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. તેઓએ છેલ્લાં ૨૫ વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ વિકાસલક્ષી સંસ્થાઓને સહયોગ પૂરો પાડ્યો છે.


આપણે નવી સહસ્રાબ્દી(હજાર વર્ષ)માં પ્રવેશ કરી રહ્યા છીએ. માનવજાતના ઈતિહાસની આ ત્રીજી સહસ્રાબ્દી વિશ્વમાં માનવનું ભવિષ્ય સુનિશ્ચિત કરવાના સંદર્ભમાં મહત્ત્વની બને તેમ છે. અનેક સંસ્થાઓ, સંગઠનો અને વ્યક્તિઓ આ નવી સહસ્રાબ્દી વિશે ચિંતિત છે. માહિતી ટેકનોલોજી ક્ષેત્રના લોકો વાયટુકે એટલે કે કોમ્પ્યુટર સીસ્ટમ અને સંગ્રહિત માહિતી અને નિર્ણયો કેવી રીતે નવી સહસ્રાબ્દીની ઘડિયાળ સાથે જોડી શકાય તેની સમસ્યા વિશે ચિંતિત છે. નવી સહસ્ત્રાબ્દીમાં વિશ્વના ગરીબ દેશોનાં દેવાં નાબૂદ કરવા ઉપર યુરોપનાં ચર્ચ અને નાગરિકોનાં જોડાણો ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છે. 'સંયુક્ત રાષ્ટ્રો'(યુનાઈટેડ નેશન્સ)ની વ્યવસ્થા નવી સહસ્રાબ્દીમાં નવી વૈશ્વિક શાસન વ્યવસ્થાની શક્યતા તપાસી રહી છે. વૈશ્વિક મૂડી અને મુક્ત વ્યાપારના પુરસ્કર્તાઓ નવી સહસ્રાબ્દીમાં નિયમનકારી માળખાં અને વ્યવસ્થા ઊભી કરવા વિશે ચિંતા સેવી રહ્યાં છે. આ સંદર્ભમાં નવી સહસ્રાબ્દીમાં સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિક મંડળો જે પ્રશ્નો અને પડકારોનો સામનો કરી રહ્યાં છે તે વિશે પ્રતિભાવ આપવા આપણે આપણા અનુભવો તપાસવા પડશે. સમુદાયો, પ્રદેશો અને દેશો વચ્ચે એમાં ઘણા તફાવતો હોઈ શકે છે પણ કેટલાક મહત્ત્વના મુદ્દા ઉપસ્થિત થઈ રહ્યા છે કે જેમને હજુ સુધી વિકાસ અંગેની કાર્યસૂચિમાં એટલા ભારપૂર્વક રજૂ કરાયા નથી. મારું એવું સૂચન છે કે આ મુદ્દાઓને વિકાસની કાર્યસૂચિ ઊભી કરવા માટેની રૂપરેખા તરીકે જોવામાં આવે.

**માનવજાત** માટે ચિંતાનો પ્રથમ મુદ્દો તો એ છે કે પૃથ્વી પરના તમામ નાગરિકો માટે નવી સહસ્રાબ્દી **શાંતિ અને સલામતીનો** સમય લાવી શકે તે જોવાનું છે. અહીં બધી વ્યક્તિઓ માટે શાંતિ અને સલામતીનો સવાલ છે. તાજેતરના દાયકાઓમાં એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે જેમાં આપણામાંના મોટા ભાગના વર્ગોને મુખ્ય પ્રવાહમાંથી **બાકાત** રાખવામાં આવ્યા છે. મુખ્ય પ્રવાહનું રાજકારણ કેટલાક વ્યવસાયી પક્ષો અને રાજકારણીઓનો હાથો બનેલું છે. આપણા જેવી લોકશાહીમાં પણ રાજકીય પ્રક્રિયાઓમાં નાગરિકોની સામેલગીરી ઘટતી ગઈ છે. એક રીતે તો તેઓ પોતે લોકતાંત્રિક પ્રક્રિયામાંથી જ બાકાત હોય એવું અનુભવે છે. આર્થિક ક્ષેત્રમાં સંપત્તિ અને સારી રીતે જીવવાનો હક્ક બહુ થોડા લોકોના હાથમાં કેન્દ્રિત થતાં જાય છે. પ્રજાના ઘણા વર્ગો આધુનિક ઔપચારિક આર્થિક વ્યવસ્થાની બહાર રહી જાય છે અને અનૌપચારિક અર્થતંત્રમાં તેમનો નિભાવ ચાલ્યા કરે છે. બજાર હજુ પણ તેની પહોંચની બાબતમાં મર્યાદિત છે અને નાની સંખ્યામાં વેપારીઓ, ઉદ્યોગપતિઓ, વ્યવસાયીઓ અને ધંધાદારીઓ જ તેનાં ફળ ભોગવે છે. અસંગઠિત ક્ષેત્ર, ગ્રામીણ ક્ષેત્ર, વન ક્ષેત્રમાંના **કામદારો ઉત્પાદક અને ગ્રાહક બંને સ્વરૂપે બજારથી બહાર જ રહે છે.** સામાજિક બાદબાકી એ તાજેતરના દાયકાઓની બીજી એક નોંધપાત્ર બાબત છે. પરંપરાગત રીતે સામાજિક બાદબાકી ધર્મ, ભાષા, વંશીયતા અને જ્ઞાતિ ઉપર આધારિત હોય છે. તાજેતરના દાયકાઓમાં પાયાનું શિક્ષણ અને આરોગ્ય સંભાળ, પીવાનું ચોખ્ખું પાણી અને સફાઈની સવલતોના અભાવે સામાજિક બાદબાકીની આ પ્રક્રિયાને વધુ તીવ્ર બનાવી છે. આ લોકોના **સમાવેશનો પડકાર** કદાચ નવી સહસ્રાબ્દીમાં




આર્થિક વિકાસમાં ઉત્પાદકોની ભાગીદારી

વિકાસનાં કામોની સૂચિમાં તાકીદની બાબત બને તેમ છે. **સમાજના વધુ ને વધુ વર્ગોનો સમાવેશ** થાય તેવા મુખ્ય પ્રવાહનું સર્જન કરવાના માર્ગો આપણે ન શોધીએ તો મુખ્ય પ્રવાહ પોતે જ જીર્ણશીર્ણ થઈ જશે અને છેવાડે ફેંકાઈ જશે.


નવી ટેકનોલોજીની લોકો સુધી પહોંચ

**બીજા** પડકારો નવી માહિતી અને સંચાર ટેકનોલોજીની શોધ સાથે સંબંધિત છે. દૂરસંચાર અને માહિતી ટેકનોલોજીમાં હાર્ડવેર-સોફ્ટવેરનું સંયોજન આપણને મળશે કે જેમાં દુનિયાભરના અનુભવો અને દૂરસુદૂરના અવાજો તત્કાળ જોડી શકાશે. તમારાં ઘર કે ઓફિસમાંથી બહાર ગયા વગર વૈશ્વિક **સંબંધો કેળવવાનું ઈન્ટરનેટ મારફતે** ક્યારનુંય શરૂ થઈ ગયું છે. તેમ છતાં, નવી ટેક્નોલોજીનાં હાર્ડવેર અને સોફ્ટવેરની દુનિયાભરમાં અસમાન રીતે વહેંચણી થયેલી છે. લગભગ અડધી માનવજાતે હજુ ટેલિફોન જોયો પણ નથી. **તેથી, નવી ટેકનોલોજી વર્તમાન અસમાનતાઓને બળવત્તર બનાવે** છે અને એ રીતે સામાજિક બાદબાકીની પ્રક્રિયાને તેજ બનાવે છે.

બીજી તરફ, પરંપરાગત શાણપણ અને લોકોના જ્ઞાનનું પુનર્ઘડતર કરવાનો પ્રતિબદ્ધ પ્રયાસ નવેસરથી શરૂ થઈ રહ્યો છે. અસ્તિત્વ, સર્જનાત્મકતા અને ઉત્પાદકતા માટેની માનવજાતની સદીઓ જૂની લડતને પરિણામે ખેતી, વનીકરણ, જમીન સુધારણા, જળસંગ્રહ, સામુદાયિક સંગઠન, પ્રાથમિક આરોગ્ય સંભાળ, પારસ્પરિક સહાય અને સહકારના મહાવરાથી જ્ઞાનનું માળખું ઊભું થયું છે. જ્ઞાનનો આ પ્રચંડ જથ્થો ઔપચારિક સંસ્થાઓ અને જ્ઞાનના દસ્તાવેજોમાં સંઘરાયેલો નથી. પરિણામે, લોકોના પોતાના જીવનમાં જ તેમનું મહત્ત્વ ઓછું થવા માંડ્યું અને વિકાસલક્ષી પરિયોજનાઓ તથા કાર્યક્રમોના ઘડતર તથા અમલમાં પણ તેમ જ બન્યું. તેથી નવી સહસ્રાબ્દીમાં લોકોનાં **પેઢીઓ જૂનાં જ્ઞાન અને શાણપણ** ગુમાવ્યા વિના નવી ટેકનોલોજીની મૂલ્યવૃદ્ધિનો સર્જનાત્મક ઉપયોગ કરવા માટેના માર્ગો શોધી કાઢવા એ એક પડકાર છે. એને માટેના માર્ગો શોધવા અને ફરી ફરી શોધવા અનિવાર્ય છે.

નવી સહસ્રાબ્દીમાં **ત્રીજો** મહત્ત્વનો મુદ્દો એ છે કે લોકોના જીવનની ગુણવત્તામાં સુધારાનો સંબંધ આપણા સમાજનાં માળખા અને સ્વશાસનની પ્રક્રિયા સાથે જોડાયેલો છે. ઐતિહાસિક રીતે, શાસનની વ્યવસ્થાઓ, પ્રક્રિયાઓ અને તંત્રો અમુક નિશ્ચિત પર્યાવરણીય, ભૌગોલિક અને સાંસ્કૃતિક પરિવેશમાં ઊભાં થયાં હોય છે. પ્રાકૃતિક સંસાધનોનો ઉપયોગ કરવા અને તેમનું રક્ષણ કરવા માટે કુટુંબો અને સમુદાયો જેમ જેમ લડત આપતાં ગયાં તેમ તેમ તેમણે સામાજિક અને રાજકીય પ્રક્રિયાઓ વિકસાવી કે જેનાથી તેઓ તેમના સમુદાયો પર શાસન કરવા શક્તિમાન બન્યા. સ્થાનિક શાસનની આ વ્યવસ્થાઓએ આ સમુદાયોની જરૂરિયાતોનો પ્રતિભાવ આપ્યો અને સમય જતાં તે પુખ્ત બનતી ગઈ. આધુનિક રાષ્ટ્ર-રાજ્યના વિકાસ સાથે અને આપણા દેશમાં બીજા વિશ્વ યુદ્ધ પછી લોકશાહીનું વિદેશી સ્વરૂપ આવતાં પ્રાકૃતિક સંસાધનો અને સામુદાયિક સંબંધોના સંચાલનના આ વિવિધ માર્ગો નાશ પામતા ગયા અને છેવાડે ફેંકાતા ગયા. શાસનની કેન્દ્રિત વ્યવસ્થાએ સંસાધનો પરનો તેનો અંકુશ વધાર્યો અને સામાન્ય નાગરિકો તેમના પોતીકાપણાની અને જવાબદારીની ભાવના ગુમાવતા ગયા. નિર્ણય પ્રક્રિયામાં પારદર્શકતા અને ઉત્તરદાયિત્વના અભાવને લીધે અને સત્તાના સતત કેન્દ્રીકરણને પરિણામે વ્યાપક ભ્રષ્ટાચાર, સત્તાનો દુરુપયોગ અને જાહેર સંસાધનોનો ખાનગી ઉપયોગ ચારેકોર વ્યાપી વળ્યાં. સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ તરીકે પંચાયતો અને મ્યુનિસિપાલિટીઓને પુનર્જીવિત કરવાના તાજેતરના પ્રયાસોનો હજુ સઘન અને પ્રતીતિજનક અમલ બાકી છે. સત્તા અને નિયંત્રણ મેળવવામાં આવે એ જરૂરી છે, એ આપવામાં આવે એમ નહિ. તેથી **શાસનની પ્રક્રિયાઓ,** વ્યવસ્થાઓ અને સંસ્થાઓમાં ગંભીર અને મહત્ત્વના સુધારા થાય તે માટે દરમ્યાનગીરી કરવી એ એક પડકાર છે. મતદાન અને રાજકીય પક્ષો જ કંઈ લોકશાહી શાસનની ઈતિશ્રી નથી. લોકશાહી શાસનમાં એક એવા માનસની જરૂર છે કે જેમાં દૃષ્ટિકોણોની અનેકતા સ્વીકાર કરવામાં આવે અને કાર્યોની વિવિધતાને ટેકો આપવામાં આવે. લોકતાંત્રિક સંસ્કાર અસંમતિ, અસંતોષ અને સંઘર્ષોને સ્વીકારે છે અને સહન કરે છે અને સમજાવટ તથા સર્વસંમતિ દ્વારા તેમનો ઉકેલ આણે છે. લોકશાહી સંસ્થાઓ આવા સંસ્કારોનું નિર્માણ કરે છે અને તેમને પોષે છે તથા લોકશાહી પદ્ધતિએ કામ કરવા માટેની વ્યવસ્થાઓ અને

ક્ષમતાઓનું નિર્માણ કરે છે. આજે આપણા સમાજમાં સરકારી સંસ્થાઓ તથા અન્ય સંસ્થાઓમાંથી લોકશાહી શાસન લુપ્ત થઈ ગયું છે. ખાનગી કંપની ક્ષેત્રમાં પણ તેની ગેરહાજરી છે. અનેક સ્વૈચ્છિક સંસ્થાઓમાં પણ લોકશાહી સંસ્કારોનો અભાવ છે. તેથી શાસનનાં સંસ્થાઓ અને **તંત્રોમાં સુધારાથી** લોકોના જીવનમાં સામાજિક-આર્થિક સુધારાની શક્યતા વધશે. એને માટે આપણા સમાજમાં શાસનમાં સુધારા માટે સીધી, અધ્યયનપૂર્ણ અને સતત દરમ્યાનગીરીની આવશ્યકતા છે.

અંતે, આપણે ભાવિ વિશે ભ્રમની લાગણી સાથે નવી સહસ્રાબ્દીમાં પ્રવેશી રહ્યા છીએ. ઉપરથી થોપાતું વૈશ્વિકીકરણ, ભદ્ર વર્ગીય વૈશ્વિકીકરણ વિશ્વભરમાં વિભિન્નતાને નષ્ટ કરી રહ્યું છે. પુનર્સર્જનની ક્ષમતાની ઉપરવટ જઈને પ્રાકૃતિક સંસાધનોનો જે બેફામ ઉપયોગ થઈ રહ્યો છે તેણે **જૈવ વૈવિધ્યનો** નાશ કર્યો છે. વસ્ત્રો, ભાષા, આહાર અને સંગીતના આક્રમક અને વ્યાપારી વેચાણે **સાંસ્કૃતિક વૈવિધ્ય** સામે ખતરો ઊભો કર્યો છે. અંગ્રેજી મુખ્ય ભાષા બની છે, જીન્સ વેશભૂષા બન્યાં છે, હેમ્બર્ગર અને કોક આહાર બન્યાં છે અને પોપ આપણું સંગીત બની ગયું છે. આ સંદર્ભમાં ભાષા, સંસ્કૃતિ, આહાર, વસ્ત્રો, કળા અને સંગીતના વૈવિધ્યના અસ્તિત્વના જતનનો અને વિકાસનો પડકાર ઊભો થયો છે. **સામાજિક-સાંસ્કૃતિક વૈવિધ્ય એ માનવવારસો** છે. નવી સહસ્રાબ્દીમાં તેનું રક્ષણ થવું જોઈએ અને **સંવર્ધન** થવું જોઈએ.

સામાજિક કર્મશીલો અને સ્વૈચ્છિક સંસ્થાઓની વિકાસની કાર્યસૂચિમાં આ મુદ્દાઓ કદાચ વર્તમાન પ્રાથમિકતાઓ કરતાં અત્યંત જુદા પડતા જણાય એમ બને પણ એકંદરે જોતાં, તે નૂતન દૃષ્ટિકોણની સાથે કામના નવા સ્વરૂપમાં આપણી વર્તમાન પ્રતિબદ્ધતાને ઢાળશે અને વિસ્તારશે.

નાગરિકોની સામેલગીરી અને તેનું સંવર્ધન એ નવી સહસ્રાબ્દીનું આહ્વાન છે. દેશના વિકાસ માટે પોતાની શક્તિઓનો ઉપયોગ કરીને અને વિવિધ નાગરિક પહેલને આગળ ધપાવીને નાગરિકો નીચેની બાબતોમાં પ્રવૃત્ત થઈ શકે:

**નાગરિક સમાજનાં સંગઠનો વચ્ચે ભાગીદારી**

નાગરિક સમાજનાં વર્તમાન સંગઠનો અને સમુદાય આધારિત સંગઠનો સામાજિક સંગઠન માટે અનેક પહેલ કરી રહ્યાં છે. જો કે, તેમાં વધારો કરવાની અને અન્ય નેટવર્ક્સ સાથે સંબંધો પ્રસ્થાપિત કરવાની જરૂર છે. આ પ્રક્રિયામાં માધ્યમો સાથેના સંબંધો ઘણું પ્રદાન કરી શકે. સમાન વિષયો ધરાવતાં ઔપચારિક અને અનૌપચારિક જૂથોનાં નેટવર્ક્સ, જોડાણો અને સંઘો અસરકારક નાગરિક સમાજના વિકાસ માટે અત્યંત મહત્ત્વનાં ગણાય છે. સામૂહિક તાકાત એ એડવોકસી, કાર્યક્રમોના સંકલિત આયોજન અને અમલ, અનુભવો અને જ્ઞાનની આપ-લે તથા સંસાધનોની આપ-લે માટેની અસરકારક વ્યવસ્થા છે. આ સહભાગિતા સ્થાનિક અને વ્યાપક બંને સ્તરે ઊભી કરવાની અને મજબૂત કરવાની જરૂર છે.

**એડવોકસીની પ્રક્રિયાને મજબૂત કરવી**

સ્થાનિક સ્તરે જ કામ કરવું પૂરતું નથી. બહુપક્ષીય અને દ્વિપક્ષીય દાતાઓ સહિતની રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની નીતિઓ ગરીબો પર વિપરીત અસર પહોંચાડી શકે છે. ગરીબો-તરફી દૃષ્ટિકોણ રાખીને નીતિઓ ઘડવાની જરૂર છે. અન્યત્ર, ગરીબો-તરફી નીતિઓ




નાગરિક સમાજની ભાગીદારી

હોય છે ખરી, પરંતુ તેમનો યોગ્ય રીતે અમલ થતો નથી. સ્થાનિક અને વ્યાપક સ્તરે નીતિ પર પ્રભાવ પાડવા અસરકારક એડવોકસીની જરૂર હોય છે. માત્ર લોબિંગ કરવું અને ઝુંબેશ ચલાવવી એ જ એડવોકસી નથી. પરંતુ આ માટે સ્થાનિક સ્તરે લોકોના અધિકારો અને રાજ્યની ફરજો વિશે જાગૃતિ આવે, વિશ્લેષણાત્મક અને અનુભવ આધારિત અભ્યાસો થાય તે અગત્યનું છે. આ અભ્યાસ માટે સંશોધન તથા દસ્તાવેજીકરણ થાય, તેમાં પ્રત્યાયન થાય, એડવોકસી માટેની પદ્ધતિઓ અને કુશળતાઓ વિકસે, નેટવર્ક્સ અને જોડાણો રચાય તે જરૂરી છે. વધુમાં, ગરીબોને સેવાઓ પહોંચે તે માટે સરકાર દ્વારા અપાતા લાભો ઉપર નાગરિક જૂથો દેખરેખ રાખે એ મહત્ત્વનું છે. નાગરિકોએ આયોજન અને અંદાજપત્રની પ્રક્રિયાઓ પર દેખરેખ રાખવી જોઈએ.

**ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સ્થાનિક સ્વશાસન**

પંચાયતી રાજની સંસ્થાઓ અને સ્થાનિક શહેરી સંસ્થાઓ એ નાગરિક સમાજ અને રાજ્ય વચ્ચે મહત્ત્વની કડી છે. નાગરિક સમાજ સ્થાનિક પ્રશ્નો પર ફરી અંકુશ મેળવે એવી સંભાવનાઓ તેમાં રહેલી છે. ૭૩મા અને ૭૪મા બંધારણીય સુધારાએ સ્થાનિક સ્વશાસનની વ્યવસ્થાને મજબૂત કરવા ભારતના નાગરિક સમાજનાં સંગઠનો માટે નવો જ અવકાશ ઊભો કર્યો છે. બંધારણ સ્થાનિક સ્વશાસન માટે અવકાશ ઊભો કરે છે ત્યારે આ સંસ્થાઓએ તેઓ અસરકારક અને જવાબદાર બને તે માટે પોતાની શક્તિ વિકસાવવાની હજુ બાકી છે.

૭૪મો બંધારણીય સુધારો શહેરી સ્થાનિક સ્વશાસનને ત્રીજા સ્તરની સરકારનો દરજ્જો આપીને લોકોને સત્તા આપે છે. આ ધારામાં સામાજિક ન્યાય અને આર્થિક વિકાસ માટે યોજનાઓ બનાવવાની જવાબદારી મ્યુનિસિપાલિટીઓને સોંપવામાં આવી છે. ધારામાં આર્થિક અને સામાજિક વિકાસના આયોજનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, કે જે સમાજના નબળા વર્ગોનાં હિતોનું રક્ષણ કરે છે અને ઝૂંપડપટ્ટી સુધારણા અને ગરીબી નિવારણના કાર્યક્રમો આધુનિક બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. શહેરી સ્થાનિક શાસનનું કાર્યક્ષેત્ર વ્યાપક બનાવાયું છે અને તેમાં શહેરી ગરીબો સંબંધી કાર્યક્રમોનો સમાવેશ કરાયો છે. આમ, મ્યુનિસિપાલિટીઓ શહેરી ગરીબોની જરૂરિયાતો પ્રત્યે વધારે પ્રતિભાવાત્મક બને એવી આશા રખાઈ છે. જો કે, રાજ્યોના કાયદાઓમાં ખામીઓ છે અને તેથી આ ધારાનો સંપૂર્ણ અમલ થઈ શકશે નહિ. પંચાયતી રાજ સંસ્થાઓને મજબૂત બનાવવા માટે ખાસ્સા પ્રયાસો થયા છે પરંતુ શહેરી વિસ્તારોમાં સ્થાનિક સ્વશાસન મજબૂત બનાવવા બહુ ઓછા પ્રયાસો થયા છે. અત્યાર સુધી એમ જ મનાતું રહ્યું છે કે ગરીબી માત્ર ગ્રામ વિસ્તારોમાં જ છે. જો કે, વિવિધ અભ્યાસો એમ દર્શાવે છે કે શહેરી ઝૂંપડપટ્ટીઓમાં વસતા અનેક લોકો અમાનવીય સ્થિતિમાં જીવે છે અને સરકારની યોજનાઓના લાભો તેમને મળતા નથી. નાગરિક સમાજનાં સંગઠનો શહેરી વિસ્તારોમાં પાયાની નાગરિક સુવિધાઓ સૌને પહોંચે તે માટે સ્થાનિક શાસનને મજબૂત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે તેમ છે. વળી, નાની સ્થાનિક યોજનાઓ ગ્રામ સભા અને પંચાયત સમિતિ દ્વારા ઘડાય છે. પણ તેનાં મંજૂરી, એકત્રીકરણ અને મૂલ્યાંકન જિલ્લા આયોજન મંડળ દ્વારા થાય છે અને તે શહેરી શાસનના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. આથી, જિલ્લા આયોજન મંડળની કાર્યક્ષમતા મહદંશે તેમની શાસન વ્યવસ્થા ઉપર આધાર રાખે છે.

પંચાયતી રાજ સંસ્થાઓને મજબૂત કરવા માટે સંસાધનો મેળવીને પ્રયાસોને વધુ વિસ્તૃત કરવાની જરૂર છે. એમ મનાયું છે કે મજબૂત અને સક્ષમ પંચાયત જ ગરીબોને સામાજિક સલામતી પૂરી પાડી શકે છે. જે કંઈ પદાર્થપાઠ શીખવા મળ્યા છે તેની માહિતી સૌ સુધી પહોંચે અને એડવોકસી આગળ ધપે તે માટે સંશોધન અને દસ્તાવેજીકરણ હાથ ધરવાની ખૂબ જ જરૂર છે. એ માટે વિવિધ પ્રદેશોની પંચાયતી રાજ સંસ્થાઓ વચ્ચે નેટવર્ક રચાય અને પંચાયતી રાજ કેન્દ્રો ઊભાં થાય એ સૌથી મહત્ત્વનું છે.

**સામાજિક સંવાદિતા**

નાગરિક સમાજ તેની બાદબાકીથી, વિભાજનોથી અને પાયાનાં સામાજિક મૂલ્યોનો ભંગ કરતાં વલણો અને વર્તનોથી નબળો પડે છે. દા.ત. સ્ત્રી-પુરુષ અસમાનતા, દલિતો અને આદિવાસીઓ પ્રત્યે ભેદભાવ, કોમવાદ અને બાળકોનું શોષણ વગેરે નાગરિક સમાજને નબળો પાડે છે અને ગરીબીને તીવ્ર બનાવે છે. ભેદભાવજનક રીતભાતની સામે લડત આપતી સંસ્થાઓએ નીતિઓ અને સામાજિક વલણોમાં ફેરફાર અને અધિકારો વિશે જાગૃતિ લાવવા માગતા કાર્યક્રમોને સહયોગ આપવાની જરૂર છે. આ માટે સમુદાયમાં પારસ્પરિક ટેકો અને સંવાદ શરૂ કરવાની જરૂર છે. યુવકોનાં જૂથો, સમુદાયોનાં રખેવાળ જૂથો, મહિલાઓનાં મહામંડળો, રાજકીય પક્ષો વગેરેને આ બાબતમાં પ્રોત્સાહન અપાય એ જરૂરી છે.


ઉપરોક્ત બાબતો અંગે કામ કરવા સમુદાય જે કંઈ પહેલ કરે તેને ટેકો આપવાની આવશ્યકતા છે. સાર્વજનિક હિત માટે કામ કરતાં ઔપચારિક કે અનૌપચારિક સ્થાનિક જૂથોનો વિકાસ થાય કે જેથી તે સ્થાનિક સંસ્થાઓ, મૂલ્યો અને સંસાધનો ઉપર અંકુશ મેળવી શકે. આમાંનાં ઘણાં સંગઠનો ઔપચારિક દરજ્જો ધરાવતાં નથી, કદાચ તેની તેમને જરૂર પણ નથી. પણ તેઓ તેમની પ્રવૃત્તિઓ માટે નાણાં મેળવી શકતાં નથી. આ જૂથોને ટકાઉ સમુદાય આધારિત સંગઠનો વિકસાવવા માટે ટેકો અને સહાય મળે તેવી વ્યવસ્થા ઊભી કરવી એ મૂલ્યવાન યોગદાન બની રહેશે.

સમુદાય આધારિત સંગઠનોની સ્થાનિક પ્રવૃત્તિઓની વ્યાપક અસર પડે તે જરૂરી છે. દા.ત. સ્વસહાય જૂથો અથવા મહિલા સંગઠનો કે લોકસંગઠનોની પ્રવૃત્તિઓને સંચાલનની કુશળતા વિકસાવીને, સંસાધનોનો પાયો વિસ્તારીને અને જોડાણો કે નેટવર્ક્સ બનાવીને વિસ્તૃત બનાવી શકાય.

# નાગરિક સમાજ અને સુશાસન

નાગરિક સમાજના ઘણા લોકો સાથે વાતચીત કરીને, તેમની મુલાકાતો લઈને તથા પ્રાપ્ય સાહિત્યનો આધાર લઈને 'ઉન્નતિ'નાં **સુશ્રી દીપા સોનપાલ** દ્વારા આ લેખ તૈયાર કરવામાં આવ્યો છે. આ લેખમાં અમે અમદાવાદની 'સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી'ના નિયામક ફાધર સેડ્રિક પ્રકાશ, ઉદયપુરના 'સેવા મંદિર'નાં સુશ્રી પૂનમ અબીબીના લેખ 'એમ્પાવરિંગ સિવિલ સોસાયટી', નવી દિલ્હીનાં 'પાર્ટિસિપેટરી રિસર્ચ ઈન એશિયા' દ્વારા તૈયાર કરાયેલા લેખ 'સિવિલ સોસાયટી એન્ડ ગૂડ ગવર્નન્સ', 'હ્યુમેનિસ્ટ મુવમેન્ટ'ના માસિક 'હ્યુમનસ્કેપ' અને 'ગુજરાત બિરાદરી'નાં મંતવ્યો સમાવ્યાં છે. 'કોમનવેલ્થ ફાઉન્ડેશન'ના વૈશ્વિક પ્રયાસના ભાગરૂપે 'ઉન્નતિ' દ્વારા 'નવી સહસ્રાબ્દીમાં નાગરિક સમાજ' અંગે હાથ ધરાયેલા અભ્યાસને પણ ટાંકવામાં આવ્યો છે. આ અભ્યાસ ગુજરાત અને રાજસ્થાન એમ બે રાજ્યોમાં કરવામાં આવ્યો છે. એ અભ્યાસમાં ઘણા લોકોનાં મંતવ્યો સમાવાયાં છે. તેમાં ભુજના 'જનવિકાસ ઈકોલોજી સેલ'ના શ્રી સંદીપ વીરમાણી, કચ્છના અગરિયા કામદાર શ્રી મનુભાઈ, 'વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ'ના ટ્રસ્ટી શ્રી તુલસીભાઈ ગજેરા, કચ્છના ગ્રામજન શ્રી સફીક, રાજસ્થાનના બિકાનેરના ગ્રામજન શ્રી હકમખાન, શાંતિ મૈત્રી મિશન, બિકાનેરના નિયામક શ્રી કપિલ ગૌડ, બિકાનેરના 'ઉરમૂલ ટ્રસ્ટ'ના શ્રી અરવિંદ ઓઝા અને બિકાનેરના જાણીતા પત્રકાર શ્રી શહીદ મિર્ઝાનો સમાવેશ થાય છે.

આદિ કાળથી સુશાસનને પ્રોત્સાહન આપવામાં નાગરિક સમાજની ભૂમિકા રહી છે. પર્યાવરણ, આજીવિકા નિર્માણ, સામાજિક લિંગભેદ(જેન્ડર), આરોગ્ય અને શિક્ષણ જેવા પ્રશ્નો અંગે સ્વૈચ્છિક વિકાસલક્ષી સંગઠનો અને લોક આંદોલનોની સંખ્યામાં થયેલો અભૂતપૂર્વ વધારો નાગરિક સમાજે જે રીતે પોતાની હાજરી વર્તમાન સમયમાં દર્શાવી છે એને વિશે ઘણું બધું કહી જાય છે. નાગરિક સમાજની સંસ્થાઓમાં રસ વધ્યો છે અને તેમની શક્તિનો સ્વીકાર થયો છે અને હવે લોકશાહી, સામાજિક ન્યાય અને સમતામાં તેમણે આપેલા પ્રદાનને પણ સ્વીકારવામાં આવે છે. વિકસતા દેશોમાં બહુમતી પ્રજા હજી ભૂખમરો, અનારોગ્ય અને નિરક્ષરતા સામે લડે છે ત્યારે સમતાપૂર્ણ અને લોકતાંત્રિક સમાજના સર્જનની જવાબદારી નાગરિક સમાજ ઉપર આવી પડી છે. બિનરાજકીય ક્ષેત્રમાં સામાજિક કલ્યાણને પ્રોત્સાહન આપનારી લોકોની પહેલનો લાંબો ઈતિહાસ છે. આર્ય સમાજ અને બ્રહ્મો સમાજ જેવાં આંદોલનોએ સતી પ્રથા અને બાળલગ્નનો વિરોધ કર્યો હતો. અંગ્રેજોએ અને તેમના સામંતશાહી મળતિયાઓએ અને ખાસ કરીને જમીનદારોએ જે અત્યાચારો આચર્યા હતા તેણે દેશના વિવિધ ભાગોમાં ખેડૂતોનાં આંદોલનો ઊભાં કર્યાં હતાં. ગાંધીજીના નેતૃત્વ હેઠળ સ્વાતંત્ર્ય માટે રાષ્ટ્રવાદી આંદોલન ઊભું થતાં લોકોને સામ્રાજ્યવાદી સરકાર સામે સંગઠિત કરાયા એટલું જ નહિ, પણ સામાજિક કુરિવાજો સામે પણ લડવા સંગઠિત કરાયા. આ રાષ્ટ્રવાદી આંદોલન દરમ્યાન ભારતીય ભાષાઓમાં અનેક છાપાં પણ શરૂ થયાં.




વિકાસની પ્રક્રિયા આગળ ધપાવવામાં લોકોનો ફાળો

૧૯૪૭માં ભારતે આઝાદી મેળવી તે પછી નાગરિક સમાજ અને સરકાર વચ્ચે સહકારનો તબક્કો શરૂ થયો. નવા જ સ્વતંત્ર થયેલા દેશમાં અનેક લક્ષ્યાંકો સિદ્ધ કરવાનાં ઉન્માદ, આશા અને મહત્ત્વાકાંક્ષા હતાં. આ તબક્કો લગભગ ૨૦ વર્ષ સુધી ચાલુ રહ્યો. એ પછીનાં વર્ષોમાં સરકારના વિકાસલક્ષી કાર્યક્રમોની ભારે ટીકા થઈ. તેમને ખબર પડી કે વિકાસના લાભો ગરીબો સુધી પહોંચવાને બદલે અમીરો જ તે ખાઈ જાય છે અને ગરીબો તથા ધનવાનો વચ્ચેની ખાઈ વધી રહી છે. એની પ્રતિક્રિયા સ્વરૂપે પશ્ચિમ બંગાળમાં અને બિહારના કેટલાક ભાગોમાં નકસલવાદી આંદોલન ઊભું થયું કે જેણે જમીનદારો અને ખેડૂતો વચ્ચેના તફાવતો નાબૂદ કરીને સમાનતા લાવવાનું ઈચ્છયું હતું. બીજી તરફ, જે ઘણા યુવાનોનો સરકારની કામગીરીથી ભ્રમ ભાંગી ગયો હતો તેમણે રચનાત્મક રીતે પરિવર્તન લાવવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ શરૂ કરી. ૧૯૭૫માં કટોકટી લદાતાં નાગરિક સમાજમાં કામ કરતાં પરિબળો વધારે દૃશ્યમાન અને અવાજ ઉઠાવતા થયાં. કોંગ્રેસ પક્ષના એકહથ્થુ શાસન અને મૂળભૂત અધિકારો વિશે કામ એ બંનેએ એવો પરિવેશ પૂરો પાડ્યો કે જેમાં લોકોએ ભારતમાંના ઉદારમતવાદી કલ્યાણ રાજ્યની સંભાવનાઓ અંગે

પ્રતિભાવો આપવાનું શરૂ કર્યું. એણે આદિવાસીઓ, હરિજનો, સ્ત્રીઓ, નાના અને સીમાન્ત ખેડૂતો અને ભૂમિહીન મજૂરો જેવાં અસહાય જૂથોના કલ્યાણ માટે કામ કરવા નાગરિક જૂથોને વધારે તાકાત પૂરી પાડી. છેલ્લા બે દાયકા દરમ્યાન ચિપકો, છત્તીસગઢ, નર્મદા બચાઓ આંદોલન અને શરાબ-વિરોધી આંદોલન, લોકોના ગૌણ વન પેદાશોના અધિકારો, આદિવાસીઓના જમીન પરના અધિકારો અને પંચાયત સ્તરે માહિતીના અધિકાર માટેનાં આંદોલનોને ભારતના સમાજમાં મહત્ત્વની સ્વીકૃતિ મળી છે. આમ, નાગરિક સમાજનો ખ્યાલ આરંભથી જ અસ્તિત્વમાં હતો. તેનો આધાર જ સમતાપૂર્ણ સમાજની ભાવના રહી છે.




તાજેતરમાં, શાસન અને ખાસ કરીને સુશાસનનો ખ્યાલ બંધાવા માંડ્યો છે. 'સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ' (યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ - યુ.એન.ડી.પી.) દ્વારા આ ક્ષેત્રે પાયાનું કામ થયું છે. તેણે શાસનની વ્યાખ્યા આ મુજબ આપી છે: "રાષ્ટ્રની બાબતોનું સંચાલન કરવાની રાજકીય, આર્થિક અને વહીવટી સત્તાનો અખત્યાર એટલે શાસન. એ સંકુલ તંત્રો, પ્રક્રિયાઓ, સંબંધો અને સંસ્થાઓ છે કે જેના દ્વારા નાગરિકો અને જૂથો તેમનાં હિતોને આકાર આપે છે, તેમની અરજો અને ફરજોનો અમલ કરે છે અને મતભેદોમાં મધ્યસ્થી કરે છે. શાસન સારી કે ખરાબ બધી જ એવી પદ્ધતિઓને આવરી લે છે કે જેમનો ઉપયોગ સમાજો સત્તાની વહેંચણી કરવા માટે અને સાર્વજનિક સંસાધનો અને સમસ્યાઓના સંચાલન માટે કરે છે." યુએનડીપીએ શાસનના ત્રણ હેતુઓ વર્ણવ્યા છે: **૧.** તમામ નાગરિકો માટે લઘુતમ જીવનધોરણ સાથે સામાજિક સમતા અને સંવાદ સિદ્ધ કરવાં. **૨.** લોકસ્વીકૃતિની પરિસ્થિતિ સિદ્ધ કરવી અને જાળવવી. **૩.** આર્થિક વિકાસને આગળ ધપાવવામાં અને સાર્વજનિક સંસાધનોની ફાળવણી અને ઉપયોગમાં બંનેમાં કાર્યક્ષમ બનવું.


આથી, યુએનડીપી સુશાસન તરીકે એને ગણે છે જેમાં સંસ્થાઓ અને નિયમનો ભેગાં મળીને એવું સામાજિક પર્યાવરણ ઊભું કરે અને જાળવે કે જેમાં તમામ જૂથોનો શ્રેષ્ઠ માનવ વિકાસ સધાય. સુશાસન એ છે કે જેમાં સાર્વજનિક સંસાધનો અને સમસ્યાઓનું અસરકારક અને કાર્યક્ષમ રીતે સંચાલન થાય છે અને તેમાં સમાજની જરૂરિયાતોનું પ્રતિબિંબ પડે છે. નિર્ણય પ્રક્રિયામાં, પારદર્શિતામાં અને ઉત્તરદાયિત્વમાં લોકભાગીદારી એ આ રીતે સુશાસનનાં અનિવાર્ય અંગો છે. સ્વાતંત્ર્ય બાદ ઊભા થયેલા ઉદારમતવાદી કલ્યાણ રાજ્યે બહુમતી નાગરિકોને અનેક રીતે નારાજ કર્યા છે. આજીવિકા નિર્માણ, આરોગ્ય, શિક્ષણ, આવાસ વગેરે અનેક બાબતોમાં તે અનેક રીતે બહુમતી નાગરિકોની પાયાની જરૂરિયાતોને પહોંચી વળી શક્યું નથી. ગરીબો અને અમીરો વચ્ચેની વધતી ખાઈ માટે જુદાં જુદાં અને માળખાગત કારણો જવાબદાર છે. નાગરિક સમાજનાં પરિબળો માત્ર રાજ્યની ટીકા કરતાં નથી કે માત્ર તેની સામે પ્રશ્નાર્થ ખડો કરતાં નથી, પણ તેમણે સામાજિક-આર્થિક વિકાસને આગળ ધપાવવા અનેક પગલાં ભર્યાં છે. સારા જીવનધોરણ, આરોગ્ય, શિક્ષણ અને સફાઈ લોકોને મળે તથા તેમને સ્પર્શતા પ્રશ્નો વિશે તેઓ જાગૃત બને અને તેઓ નિર્ણય પ્રક્રિયા પર પ્રભાવ પાડે તે માટે તેમણે કાર્યો કર્યાં છે. સુશાસન માટે કેટલાક નિર્દેશકો તૈયાર કરાયા છે:

- સહભાગી પ્રક્રિયા.
- સંસાધનોનો કાર્યક્ષમ અને અસરકારક ઉપયોગ.
- સમતા અને સમાનતાને પ્રોત્સાહન.
- નિષ્પક્ષ રીતે અમલમાં મુકાય તેવું કાનૂની માળખું.
- સેવાલક્ષિતા.
- પારદર્શિતા.
- ઉત્તરદાયિત્વ.

અમદાવાદની 'સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી'ના નિયામક ફાધર **સેડ્રિક પ્રકાશના** મતાનુસાર સુશાસન એ મૂળભૂત રીતે એક પ્રક્રિયા છે કે જેના દ્વારા દરેક નાગરિક તેના મૂળભૂત અધિકારો મેળવે છે અને તે તેની ફરજો પાળવા માટે પૂરતી મુક્તતા અને જવાબદારી અનુભવે છે. સુશાસન પ્રસ્થાપિત કરવામાં નાગરિક સમાજે મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે. આ ભૂમિકા ટીકાત્મક અને સહભાગી હોવી જોઈએ અને તેમાં સતત દેખરેખ અને મૂલ્યાંકન માટેની વ્યવસ્થાઓ હોવી જોઈએ. આ ભૂમિકા સાથે નાગરિક સમાજે સ્વતંત્રતાનું વાતાવરણ જળવાઈ રહે તે જોવાનું છે, કે જેમાં દરેક સ્ત્રી-પુરુષનાં અધિકારો અને ગૌરવ જળવાઈ રહે. સુશાસન માટે કેટલીક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું જરૂરી છે જેવી કે જાહેર સભાઓ, લોક અદાલતો, સ્વૈચ્છિક સંસ્થાઓના અસરકારક કાર્યક્રમો, બિનરાજકીય મંચો, સાર્વજનિક મહત્ત્વ ધરાવતા પ્રશ્નો અંગે લોક આંદોલનો વગેરે.

ઉદયપુરના 'સેવા મંદિર'ના ડેવલપમેન્ટ એસોસિયેટ **પૂનમ અબીબી** નાગરિક સમાજની વ્યાખ્યા આ રીતે કરે છે: સામાન્ય નાગરિકો માટે તેમના વિકાસમાં પ્રદાન આપવાનો અને તે માટેની જવાબદારી ઉઠાવવા માટેનો અવકાશ. આ અવકાશ કે સ્થાન ઔપચારિક કે અનૌપચારિક સંસ્થાઓ મેળવી શકે છે. ગરીબી નિવારણ માટે જવાબદાર એવા કલ્યાણ રાજ્યનો ખ્યાલ હકીકતમાં સફળ થયો નથી. આથી, 'સેવા મંદિર' માને છે કે જો રાજ્યે અસરકારક બનવું હોય અને સમાજે મૂલ્ય-આધારિત અને ચિરંતન વિકાસ સાધવો હોય તો રાજ્યે સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોકોની અન્ય સંસ્થાઓ સાથે અંકુશ વહેંચવો પડશે. છેલ્લાં ૫૦ વર્ષ દરમ્યાન રાજ્ય એકમાત્ર એવી સંસ્થા રહી છે કે જેની પાસે લોકો ટેકાની અપેક્ષા રાખી શકે છે. એટલે તેમણે રાજ્ય અને તેના એજન્ટોને સાનુકૂળ એવા સંબંધો સ્થાપવા પડે છે અને સમાધાનો કરવાં પડે છે. નાગરિક સમાજ લોકો માટે તેમની વિકાસકીય જરૂરિયાતો પૂરી પાડવા વધારાની એક બારી તરીકે કાર્ય કરવા શક્તિમાન બનશે. તેમાં અંતર્ગત રીતે જે વિવિધતા છે તે સંસાધનો, સત્તા અને પારદર્શકતા તથા ઉત્તરદાયિત્વ જેવાં મૂલ્યોનું વિકેન્દ્રીકરણ લાવે છે. લોકોની દૃષ્ટિએ એ મહત્ત્વનું છે કે વિકાસના વૈકલ્પિક અભિગમનો તેઓ અનુભવ કરે. નાગરિક સમાજ ગામડાંના લોકો સાથેના તેના સાતત્યપૂર્ણ સબંધોનો લાભ લઈને તથા તેના સિદ્ધાંતોને આધારે સ્થાનિક પ્રયાસો દ્વારા લોકોને તેમનાં વિકાસલક્ષી પ્રશ્નોનું સંચાલન કરવાની ક્ષમતા ઊભી કરવામાં મદદ કરી શકે. નાગરિક સમાજનું સ્વરૂપ જ એવું છે કે તે એક એવો અવકાશ ઊભો કરે છે કે જેનાથી અમુક મૂલ્યોના માળખામાં નિર્ણયો કરવાની સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે. રાજ્યમાં આવો અવકાશ કે આવું સ્થાન મેળવવાની સ્વતંત્રતાનો અભાવ છે અને માળખા અંગે નિર્ણય કરવા તે શક્તિમાન નથી કારણ કે તે અમુક અવરોધો હેઠળ જ કામ કરે છે.

જો કે, પૂનમજી એમ માને છે કે નાગરિક સમાજનાં સ્વરૂપો માનવીય અને નાણાકીય બંને પ્રકારના અનિશ્ચિત સંસાધનના પાયા ઉપર રચાયેલાં છે. રાજ્ય સ્વૈચ્છિક સંસ્થાઓ - જે નાગરિક સમાજનો એક ભાગ છે - ને સરકારી કાર્યક્રમો માટેના સસ્તા અને કાર્યક્ષમ અમલકર્તા તરીકે જુએ છે. દાતાઓ પણ આ સંસ્થાઓને લોકોને સક્ષમ બનાવવા માટેની સંક્રામક વ્યવસ્થા તરીકે જુએ છે. સમયના આ તબક્કે નાગરિક સમાજ પાસે સામાજિક વિકાસમાં ભજવવા માટે ખૂબ મર્યાદિત ભૂમિકા છે. તે તેના અસ્તિત્વ માટે રાજ્ય અને દાતા ઉપર ખૂબ જ અવલંબિત છે. નાગરિક સમાજની આ સંસ્થાઓને પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા માટે વાજબી તક અને નિર્ધારિત સ્થાન મળે તે માટે લાંબા ગાળાની ટેકારૂપ વ્યૂહરચના જરૂરી છે.




આવો એક પ્રયાસ 'હ્યુમેનિસ્ટ મુવમેન્ટ' દ્વારા થઈ રહ્યો છે. તેનું સૂત્ર છે કે 'જો આપણે હાથ પર હાથ ધરીને ન બેસી રહીએ તો ભારત કંઈક જુદું જ બની શકે'. તે નાગરિક સમાજની સહભાગિતા વધારવા માટેનું ધ્યેય ધરાવે છે. ગરીબી, નિરક્ષરતા, અનારોગ્ય, જ્ઞાતિવાદ, કોમવાદ, સ્ત્રી પ્રત્યે ભેદભાવ, ધર્મઝનૂન, રાજકારણનું ગુનાકરણ,

આ બધાને એક જ શબ્દમાં વર્ણવી શકાય: 'અમાનવીયકરણ'. વધતી હિંસા અને દરેક ક્ષેત્રમાં વધતા ભેદભાવમાં અમાનવીયકરણ દેખા દે છે. એની સાથે સાથે આપણી વ્યક્તિગત જિંદગીઓ પણ અમાનવીય બને છે, આપણે હૃદયવિહીન બનીએ છીએ, નિરાશાવાદી અને જડ બનીએ છીએ અને પરસ્પર દોષારોપણ કરીએ છીએ અને આપણે ગૌરવવિહીન પરિસ્થિતિમાં જીવવાનું ચાલુ રાખીએ છીએ.

આ આંદોલન એમ જણાવે છે કે વિવિધ ક્ષેત્રોમાં હજારો નાગરિકો અને જૂથો રોજેરોજ જે નક્કર કામ કરી રહ્યાં છે તેમાં એક ભિન્ન ભારતનું દર્શન થઈ શકે છે. તે એવા લોકો અને જૂથોનું બનેલું છે કે જેઓ એક ભિન્ન ભારતનું અસ્તિત્વ છે એમ દર્શાવવા સંકલિત કામ કરે છે. જો કે, જ્યાં સુધી આપણે છૂટાછવાયા અને વિભાજિત રહીએ છીએ ત્યાં સુધી આપણે ઝાઝું કશું સિદ્ધ કરી શકતા નથી. આપણે ઊભા થઈએ અને હાથ મિલાવીએ નહિ ત્યાં સુધી આપણા ઉમદા પણ છૂટાછવાયા પ્રયાસો આપણી જિંદગીનો અંતર્ગત ભાગ બની ગયેલા અમાનવીયકરણની સામે અડીખમ ઊભા રહેવા કદી સક્ષમ બનશે નહિ.

'હ્યુમેનિસ્ટ મુવમેન્ટ' દ્વારા ચલાવાતો 'એ ડિફરન્ટ ઈન્ડિયા' એક સર્વસામાન્ય મંચ છે કે જે કામ કરનારાં સેંકડો વ્યક્તિઓ અને જૂથોની સહભાગિતાથી ઊભો થયો છે. તેઓ પોતાની ઓળખ ગુમાવ્યા વિના 'એ ડિફરન્ટ ઈન્ડિયા' માટે કામ કરી રહ્યા છે. તેઓ તેમનો અવાજ અથવા તેમની અજોડ લાક્ષણિકતાઓ પણ ગુમાવતા નથી. જેઓ તમામ પ્રકારનાં પીડા અને વેદના, હિંસા અને ભેદભાવને નકારે છે અને એના વિશે કંઈક કરવા માંગે છે તેઓ આ મંચના સભ્ય છે. ૧૮ રાજ્યોમાં ૧૨૫ શહેરોમાં ૩૦૦થી વધુ જૂથો અને ૫૦૦થી વધુ લોકો વ્યક્તિગત રીતે આ મંચમાં જોડાયાં છે.

એક વર્ષની સંયુક્ત ઝુંબેશ ૧૯૯૯માં શરૂ થશે. તે એમ દર્શાવશે કે દેશ માટે સારું કામ કરવા લોકો ભેગા મળી શકે છે અને તે પરિણામદાયી બની શકે છે. આ સર્વસામાન્ય મંચ વધુ લોકો અને જૂથો સુધી પોતાની બેનમૂન દરખાસ્તો અને પ્રવૃત્તિઓ પહોંચાડવા માટે અને તે આગળ ધપાવવા માટે સારું, વિધાયક અને ઉપયોગી કામ કરનારા લોકોને ટેકો પૂરો પાડવા માટે છે.

તેનો હેતુ ભારતને માનવીય બનાવવાની સર્વસમાવેશી દૃષ્ટિ સાથે સામાજિક અને નૈતિક બળ ઊભું કરવાનો છે. પીડા અને વેદના, હિંસા અને ભેદભાવનાં તમામ સ્વરૂપોના નિવારણ માટે, સૌને સુખી અને સ્વતંત્ર બનાવવા માટે તે કામ કરશે. બીજા શબ્દોમાં કહીએ તો, તે સામાજિક બાબતોમાં નાણાં કે સત્તાને બદલે મનુષ્યને સૌથી મહત્ત્વના મૂલ્ય તરીકે પ્રસ્થાપિત કરવા અને ભિન્ન ભારતનું નિર્માણ શક્ય છે એવી શ્રદ્ધા લોકોમાં જગાવવા અને એ આપણા સૌ ઉપર જ આધારિત છે એવી જાગૃતિ ફેલાવવા કામ કરશે.

'ગુજરાત બિરાદરી' દ્વારા ગુજરાતમાં આવા જ એક સાંસ્કૃતિક અભિયાનનો પ્રયાસ થઈ રહ્યો છે. તેના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે: **૧.** ગુજરાતની અને તે દ્વારા ભારતની એકતા અને અખંડતાનું રક્ષણ કરવું. **૨.** ભારત સમક્ષની સમસ્યાઓ અંગે યોગ્ય દૃષ્ટિકોણ આપવા લોકોનો સાંસ્કૃતિક મોરચો ઊભો કરવો. **૩.** લોકશાહી સંસ્થાઓ માટે લોકોમાં માન ઊભું કરવું અને તે યોગ્ય રીતે ચલાવવાની ઈચ્છા ઊભી કરવી અને નૈતિક મૂલ્યોની પુનર્સ્થાપના કરવી.

સંસ્થા દરેક મનુષ્યને ભાઈ-બહેન ગણે છે અને દેશના સાથી નાગરિક ગણે છે. કોઈ પણ નાના કે મોટા જૂથની સાંસ્કૃતિક ઓળખને ગળે ટૂંપો દીધા વિના તે 'જીવો અને જીવવા દો'ની જવાબદારી સ્વીકારે છે.

તે એમ માને છે કે હિંસા જીવનની શૈલી હોઈ શકે નહિ. આગ, લૂંટફાટ, ખૂન અને સામૂહિક કતલ આ પૃથ્વી ઉપર મનુષ્ય તરીકે જીવન જીવવાની રીત ન હોઈ શકે. તેથી 'ગુજરાત બિરાદરી' કોઈની પણ દ્વારા થતા હિંસાના ઉપયોગને વખોડે છે.

'ગુજરાત બિરાદરી' સાંસ્કૃતિક અને બિનરાજકીય બંધુત્વની સંસ્થા છે. તેનો હેતુ સમગ્ર દેશની અને ખાસ કરીને ગુજરાતની એકતા અને અખંડતા જાળવવા માટે લોકોમાં જવાબદારીની ભાવનાને જાગૃત કરવાનો છે. આ સાંસ્કૃતિક બંધુત્વ લોકોને એમ સમજાવશે કે હિંસા લોકશાહીના તાણાવાણાને જ છિન્નવિચ્છિન્ન કરી નાંખે છે. અવારનવાર થતી હિંસા અને જાનમાલની હાનિનાં આક્રમણોથી આ લોકતાંત્રિક માળખું ટકી શકે નહિ. આ બંધુત્વનો હેતુ આપણા સામાજિક જીવનમાં પ્રવર્તમાન લુચ્ચાઈ, ભ્રષ્ટાચાર અને ગુનાખોરીના ત્રિવિધ તાપને નાથવા માટે લોકશક્તિને સંગઠિત કરવાનો છે.

'કોમનવેલ્થ ફાઉન્ડેશન' દ્વારા 'નવી સહસ્રાબ્દીમાં નાગરિક સમાજ' વિશે એક અભ્યાસ હાથ ધરાયો હતો. આ અભ્યાસનો હેતુ નાગરિક સમાજ અને રાજ્ય વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવાનો હતો. તેમાં દરેક વર્ગના નાગરિકોના સર્વેક્ષણનો સમાવેશ થતો હતો. રાજ્ય અને નાગરિક સમાજ વચ્ચેના સંબંધોના પ્રવર્તમાન માળખાની સમીક્ષા થવી જોઈએ અને તેની ભૂમિકા મજબૂત થવી જોઈએ તથા નવી સહસ્રાબ્દીમાં સામાજિક વિકાસ અને લોકતાંત્રિક પ્રક્રિયાઓને નવો જુસ્સો પૂરો પાડવો જોઈએ એવી ધારણા સાથે આ અભ્યાસ હાથ ધરાયો હતો.

મુલાકાતો, જૂથચર્ચાઓ અને સમુદાય ચર્ચાઓ દ્વારા પ્રાથમિક માહિતી ભેગી કરાઈ. તેમાં નીચેના ત્રણ મહત્ત્વના પ્રશ્નો ધ્યાનમાં રખાયા: **૧.** સારા સમાજ અંગે તમારું શું મંતવ્ય છે અને આજે કેટલા અંશે આવો સમાજ અસ્તિત્વમાં છે? **૨.** નાગરિકો, રાજ્ય અને અન્ય ક્ષેત્રો દ્વારા આવા સારા સમાજમાં કઈ ભૂમિકા શ્રેષ્ઠ રીતે બજાવવામાં

આવે છે? આજના સમાજમાં આવી ભૂમિકા ભજવવામાં કઈ મર્યાદાઓ રહેલી છે? **૩.** ભવિષ્યમાં સમાજના વિકાસમાં વધારે અસરકારક રીતે નાગરિકો તેમની ભૂમિકા કેવી રીતે ભજવી શકે?


હાલમાં આ પરિયોજના ભારત સહિતના ૫૨ દેશોમાં ઘણા મહિનાઓથી હાથ ધરાઈ રહી છે. ભારતમાં પ્રાદેશિક અભ્યાસોમાં ૯ સંસ્થાઓ સામેલ છે. 'ઉન્નતિ'એ એક સહભાગી સંસ્થા તરીકે ત્રણ અભ્યાસો હાથ ધર્યા છે: રાજસ્થાનમાં રણ પ્રદેશમાં નાના ખેડૂતો, ગુજરાતના કચ્છ પ્રદેશમાં નાના અને સીમાંત ખેડૂતો અને ગુજરાતમાં અમદાવાદમાં અસંગઠિત કામદારો સાથે.

કચ્છ અને રાજસ્થાનના અભ્યાસોમાંથી કેટલીક વિગતો નીચે આપવામાં આવી છે: કચ્છની ઝારપરા મત્સ્ય ઉદ્યોગ મંડળીના સક્રિય સભ્ય **મહંમદ ઈસ્લામ પૂછે** છે કે, "જ્યાં જીવન, આજીવિકા અને આવાસની કોઈ ખાતરી નથી એવો તે કેવો સમાજ છે?" મહેસૂલી અધિકારીઓ સમક્ષ તેમણે તમામ સાબિતીઓ રજૂ કરી હોવા છતાં તેઓ જે જમીન પર જીવે છે તે જમીનનો પટ્ટો તેમને આપવાનો તેઓ ઈન્કાર કરે છે. તેમના ઉપર તેઓ સખત રોષે ભરાયા છે. તેઓ કહે છે કે, "જે સમાજમાં લોકોનો અવાજ વર્ષો સુધી સંભળાતો નથી તેને સારો સમાજ કહી શકાય નહિ."

ભુજના 'જનવિકાસ ઈકોલોજી સેલ'ના **શ્રી સંદીપ વીરમાણી** જણાવે છે કે, "લોકોની પાયાની જરૂરિયાતો મહદંશે પરિપૂર્ણ થાય તેને સારો સમાજ કહી શકાય. આવો કોઈ સમાજ અત્યારે અસ્તિત્વમાં નથી. સ્વાતંત્ર્ય બાદ ખેતી, ઉદ્યોગ, વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે અનેક ફેરફારો થયા છે. વસ્તુઓની ગુણવત્તા અને જથ્થામાં અનેક ગણો વધારો થયો છે પરંતુ ગરીબો સુધી એ બહુ જ ઓછું પહોંચ્યું છે. અર્ધનગ્ન, અજ્ઞાન અને નિરક્ષર માછીમારો કાચાં ઝૂંપડાંમાં જીવે છે અને તેમની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી." તેમણે એવો મત વ્યક્ત કર્યો કે આ વિસ્તારમાં સિમેન્ટ, રસાયણો, ખાણકામ વગેરે જેવા ઉદ્યોગોના આગમનને લીધે એકંદરે પરિસ્થિતિ વણસી છે. લોકો ઉદ્યોગીકરણને લીધે ચિંતિત નથી પરંતુ જે પ્રકારના ઉદ્યોગો આવી રહ્યા છે તેને લીધે ચિંતિત છે. ઉદ્યોગો જળ, જમીન અને હવા જ પ્રદૂષિત નથી કરતા પરંતુ પ્રદેશની જીવનનિર્વાહની પરંપરાગત પદ્ધતિને છિન્નભિન્ન કરી નાંખે છે. તેઓ માને છે કે ગુજરાત સરકાર જે પ્રકારના ઉદ્યોગીકરણને પ્રોત્સાહન આપવા માગે છે તે રાજ્યની મહેસૂલી આવક વધારશે પરંતુ જીવનનિર્વાહ માટે જમીન અને દરિયા ઉપર આધારિત કચ્છના નાના અને સીમાંત ખેડૂતો, માછીમારો અને માલધારીઓના ભોગે જ તે થશે. અગરિયા મનુભાઈ કહે છે કે, "પાયાની સવલતો સૌ પ્રથમ પૂરી પડાવી જોઈએ." તેઓ તેમનાં બાળકોને શાળાએ મોકલવા માંગે છે પરંતુ અગરમાં છ માસ કરતાં પણ વધુ સમય માટે અત્યંત ખરાબ પરિસ્થિતિમાં કામ કર્યા પછી તેઓ એમ કરવાનું વિચારી પણ નથી શકતા.

'વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટયુટ', માંડવીના ટ્રસ્ટી **શ્રી તુલસીભાઈ ગજેરા** કહે છે કે, દરેક નાગરિક માટેના સારા જીવનનો આધાર પાણી અને પર્યાવરણના રક્ષણ અને જતન ઉપર છે. આ બે મહત્ત્વનાં સંસાધનો એટલી હદ સુધી બગડ્યાં છે કે હવે જો કોઈ ગફલત રાખવામાં આવે તો આ પ્રદેશમાં મનુષ્ય જીવન માટે જ ખતરો ઊભો થઈ શકે છે. છેલ્લાં કેટલાંક વર્ષો દરમ્યાન ભારત સરકારે કેટલાંક ઉપચારાત્મક પગલાં લીધાં છે ખરાં, પરંતુ પાણીની સમસ્યા ઉકેલવામાં તે સફળ થયાં નથી."

અગરિયા વચ્ચે કામ કરતા 'ગુજરાત જન જાગરણ સંઘ'નાં કર્મશીલ **સુશ્રી જયશ્રીબહેન** જણાવે છે કે, "શિક્ષણ-આરોગ્ય વગેરે જેવી તમામ પાયાની જરૂરિયાતો પૂરી કરી શકાય તેટલી આવક કે જીવનનિર્વાહ હોય તો જ સારી જિંદગી શક્ય બને."




અગરિયાના મૂળભૂત અધિકાર

મુંદ્રા તાલુકાના ધરબ ગામના **મહંમદ સફીકના** મતાનુસાર પર્યાવરણને અનુકૂળ ન હોય તેવા ઉદ્યોગો કચ્છના દરિયાકિનારે નહિ સ્થપાવા દઈને સરકાર મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. બોટનું એન્જિન ખરાબ થઈ જાય અને કામ ખોરંભે પડે, કુદરતી આફતો કે બીજા સંજોગોમાં ફિશિંગ ગિયરને અને જાળને નુકસાન થાય ત્યારે તથા અકસ્માતના સમયે માછીમારોને રક્ષણ આપવા સુરક્ષા જાળ જેવું કંઈક હોવું જોઈએ. સરકાર ધિરાણની સગવડ પૂરી પાડે છે પરંતુ સ્થાનિક શક્તિશાળી નેતાઓ એટલે કે દાદાઓના ટેકાથી સહકારી મંડળીના પ્રમુખ એ રકમનો દુરુપયોગ કરે છે. સ્થાનિક ધારાસભ્ય

સાથે તેઓ રાજકીય સંપર્ક ધરાવતા હોય છે. સરકારે આ પરિસ્થિતિ બદલવા માટે પ્રયાસ કરવો જોઈએ.

બહુમતી અગરિયાઓ એમ માને છે કે સરકારે મીઠાના ઉત્પાદકોને મજૂર કાયદાઓનો અમલ કરવા માટે, કામના સ્થળે પાયાની સેવાઓ પૂરી પાડવા માટે, લઘુતમ વેતન આપવા માટે, ફરતી આરોગ્યની સેવાઓ પૂરી પાડવા માટે, બાળકો માટે શિક્ષણની સવલત પૂરી પાડવા વગેરે માટે વિનંતી કરવી જોઈએ. તેમને નોકરીના અન્ય લાભો પણ અધિકારની રૂએ મળવા જોઈએ. પોતાનો કેસ આગળ ધપાવવામાં અને અધિકારો માટે લડવામાં શિક્ષણ અને જાગૃતિનો અભાવ છે. લાંબા સમયથી કામ કરતા કામદારોને નિયમિત લાભો પ્રાપ્ત થાય તે માટે વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. કામદારોના કલ્યાણને ધ્યાનમાં રાખીને કોન્ટ્રેક્ટ પ્રથા બદલવી જોઈએ અથવા સુધરવી જોઈએ.

રાજસ્થાનના ગંગાજલી ગામના **શ્રી હકમખાન** જણાવે છે કે સરકારી અધિકારીઓ બાંધકામના કામમાં આયોજનમાં અને અમલમાં ભાગીદાર થવાનું તેમને કદી કહેતા નથી. તેઓ હંમેશાં એ વિસ્તારની બહારના લોકો પાસે જ કામ લે છે તેથી તૂટી ગયેલાં બાંધકામોના સંચાલનમાં સામાન્ય માણસો પહેલ કરતા જ નથી. સામાન્ય છાપ એવી છે કે તૈયાર થયેલું બાંધકામ એ સરકારની માલિકીનું છે તેથી તેના સંચાલનમાં આપણે શા માટે ભાગ લેવો જોઈએ.

રાજસ્થાનના બિકાનેર જિલ્લાના ઈંદિરા ગાંધી નહેરના સ્રાવ વિસ્તારમાં કામ કરતા 'શાંતિ મૈત્રી મિશન'ના નિયામક **શ્રી કપિલ ગૌડ** જણાવે છે કે આ વિસ્તારમાં સામાન્ય લોકો ખુશ નથી. 'સ્રાવ વિસ્તાર વિકાસ સત્તામંડળ'એ સ્રાવ વિસ્તારમાં અનેક વિભાગો ઊભા કર્યા છે અને જિલ્લા વડા મથકે મોટા ભાગની કચેરીઓ રખાઈ છે કે જે ગામડાંઓથી આશરે ૭૫થી ૧૦૦ કિલોમિટર દૂર છે. મોટા ભાગના લોકો આ વિભાગો ક્યાં છે તે જાણતા નથી અને જેમણે સરકારી અધિકારીઓનો સંપર્ક સાધ્યો છે તેમને યોગ્ય જવાબો મળ્યા નથી. વધુમાં, લોકો પાસે દૂરનાં સ્થળોએ જવા માટેના પૈસા નથી. કપિલજીને લાગે છે કે સામાન્ય માણસની જાગૃતિ અને શિક્ષણ તથા પંચાયતી રાજને મજબૂત કરવામાં આવે તો ગ્રામ વિસ્તારોમાં નાગરિક સમાજનો ખ્યાલ વધુ મજબૂત થવામાં મદદ મળશે.

બિકાનેરના 'ઉરમૂલ ટ્રસ્ટ'ના **શ્રી અરવિંદ ઓઝા** કહે છે કે, સમાજમાં અને ખાસ કરીને પિયત વિસ્તારમાં શોષણનું પ્રમાણ વધ્યું છે. જેમની પાસે નાણાં છે અને જેઓ બાવડાંનું બળ ધરાવે છે તેઓ મુખ્યત્વે વિસ્તારની બહારના છે અને તેઓ જ નહેર વિસ્તારમાં દબાણ કરે છે તથા વધુ જમીનો ખરીદે છે. આ વિસ્તારમાં બહારનાઓને વસાવવાની સરકારની નીતિ તત્કાળ બંધ થવી જોઈએ. આ લોકો સ્થાનિક લોકોની સાથે સામાજિક સંઘર્ષ પણ ઊભો કરે છે. એ જ રીતે, વિખ્યાત પત્રકાર **શ્રી શહીદ મિર્ઝા** જણાવે છે કે, આર્થિક રીતે સારી સ્થિતિ ધરાવતા લોકો નહેર વિસ્તારમાં આવી રહ્યા છે અને સામાજિક સમસ્યાઓ ઊભી કરી રહ્યા છે. બહારનાઓએ જમીનની કિંમત વધારી છે અને એ રીતે સામાજિક સંઘર્ષો સપાટી પર આવ્યા છે. શ્રી મિર્ઝા અને શ્રી ઓઝા બંને એવો મત ધરાવે છે કે સ્રાવ વિસ્તારમાં તમામ પ્રકારનું આયોજન ગ્રામ સ્તરે શરૂ થવું જોઈએ. અરવિંદજીએ એમ પણ કહ્યું કે, ગ્રામ વિસ્તારોમાં સમુદાય આધારિત સંગઠનો અને મંડળો મોટા પ્રમાણમાં ઊભાં કરીને લોકોની સમસ્યાઓનો ઉકેલ લાવવા લોકોને સંગઠિત કરવાનો પ્રયાસ કરવાની ખૂબ જ જરૂર છે. તેઓ એ બાબતે પણ સંમત થયા કે સરકારી અને બિનસરકારી સંગઠનોની સામેલગીરી દ્વારા વિવિધ તાલીમ કાર્યક્રમો સાથે પંચાયતી રાજની સંસ્થાઓને મજબૂત કરવાની જરૂર છે. આમ, નાગરિક સમાજ અને રાજ્ય સમાજના શાસનની પ્રક્રિયાને એકસાથે પૂર્ણ કરે છે.

નાગરિક સમાજને મજબૂત કરવાનો અર્થ પ્રથમ તો સામાજિક સમતાને આગળ ધપાવવામાં નાગરિક સમાજની સંસ્થાઓનું પ્રદાન માન્ય રાખવાનો થાય છે. બીજું, સરકાર પ્રજા પ્રત્યે ઉત્તરદાયી હોવાને લીધે પ્રતિભાવાત્મક બને તે છે. ત્રીજું, નાગરિક સમાજનાં સંગઠનો સાથે રાજ્ય સત્તાની વહેંચણી એ રીતે કરે કે જેથી લોકો રાજ્ય અને તેના એજન્ટોને અનુકૂળ બને તે રીતે પોતાનું વર્તન ન ગોઠવે, પરંતુ લોકો સામાજિક ન્યાય અને સમતા પ્રસ્થાપિત કરવા સ્વૈચ્છિક રીતે કામ કરવા પ્રોત્સાહિત થાય. આ ત્રણેય બાબતો સાથે મળીને સુશાસન માટે લોકો અને નાગરિક સમાજને સક્ષમ બનાવી શકે છે.

**ઉપયોગી સરનામાં:**

**૧.** સેવા મંદિર, ખારોલ કોલોની, ફતેહપુર, ઉદયપુર-૩૧૩૦૦૧, રાજસ્થાન.

**૨.** 'પ્રિયા', ૪૯, તુઘલકાબાદ ઈન્સ્ટિટયુશનલ એરિયા, નવી દિલ્હી-૧૧૦૦૬૨.

**૩.** ગુજરાત બિરાદરી, સંપર્ક સરનામાં:
- શ્રી અરવિંદ દેસાઈ, ૫, થિયોસોફિકલ હાઉસિંગ સોસાયટી, વિજય રેસ્તોરાં પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન: ૦૭૯-૬૪૪૧૧૮૬.
- શ્રી ધીરુભાઈ ડોબરિયા, એ-૧, ગણેશ કોમ્પ્લેક્સ, ગીતામંદિર પાસે, રાજકોટ- ૩૬૦૦૦૨. ફોન: ૦૨૮૧-૩૬૪૦૫૫.
- શ્રી ચંપકભાઈ છત્રપતિ, ૫૫, સુવર્ણપુરી સોસાયટી, ચીકુવાડી, અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૫. ફોન: ૦૨૬૫-૩૨૯૪૮૧.

**૪.** નેશનલ કોઓર્ડિનેશન સેન્ટર, c/o હ્યુમેનિસ્ટ મુવમેન્ટ, ૧૧, યોગનીતિ, ૧૮, એસવી રોડ, શાંતાક્રુઝ પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૫૪.

# વિકાસલક્ષી પ્રક્રિયામાં માનવવાદી મૂલ્યોનું કેન્દ્ર

તાજેતરમાં એમ સમજાયું છે કે વિકાસનું એક મહત્ત્વનું પાસું માનવ વિકાસ છે અને વિકાસની પ્રક્રિયામાં તેના પર ધ્યાન કેન્દ્રિત થયું નથી. અમદાવાદના 'સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી'નાં અધ્યાપિકા **સુશ્રી દર્શિની મહાદેવિયા**એ 'સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ' (યુએનડીપી) દ્વારા તૈયાર કરાતા માનવ વિકાસ અહેવાલોની સમીક્ષા કરીને માનવ વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે.

## વિકાસ એટલે શું?

દ્વિતીય વિશ્વ યુદ્ધ બાદ જ્યારે વિકસતા દેશો સામ્રાજ્યવાદી દેશોની ચુંગાલમાંથી સ્વતંત્રતા પ્રાપ્ત કરી રહ્યા હતા ત્યારે વિકાસની પ્રક્રિયા ઉપર ખૂબ ભાર મૂકવામાં આવ્યો. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિકાસની શું અસર પડી છે તેને વિશે અનેક મૂળભૂત પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. નોબેલ ઈનામ વિજેતા અમર્ત્ય સેન કહે છે કે "લોકોનો વિકાસ થવો જોઈએ, વસ્તુઓનો નહિ." પરંતુ મોટા ભાગના દેશોએ લોકો ઉપર નહિ પણ વસ્તુઓ/ઉત્પાદન ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

છેલ્લાં ૩૦ વર્ષમાં દુનિયામાં વપરાશમાં જબરજસ્ત વધારો થયો છે. ૧૯૭૫માં ૧૯૯૮ કરતાં અડધી વપરાશ હતી. છેલ્લાં ૫૦ વર્ષમાં ગરીબી નોંધપાત્ર રીતે ઘટી છે. ૧૯૬૦થી વિકસતા દેશોમાં બાળમૃત્યુ અડધાથી ઓછાં થયાં છે. અપોષણનો દર ઘટીને ત્રીજા ભાગનો થઈ ગયો છે. શાળાએ ન જતાં બાળકોની સંખ્યા અર્ધી હતી તે ઘટીને હવે ચોથા ભાગ કરતાંય ઓછી થઈ છે. ગ્રામીણ કુટુંબોમાં દસમાંથી નવ કુટુંબોને ચોખ્ખું પીવાનું પાણી મળતું નહોતું. હવે એવાં કુટુંબોની સંખ્યા આશરે ચોથા ભાગની થઈ છે. પરંતુ, સાથે સાથે દુનિયાની ચોથા ભાગની વસ્તી ભયંકર ગરીબીમાં સબડે છે. તેઓ મુખ્યત્વે વિકસતા દેશોમાં જીવે છે. હાલ વિશ્વમાં ધાર્મિક અને જાતિગત ઓળખોને આધારે અનેક સંઘર્ષો ચાલે છે. દુનિયામાં સત્તાનું અસંતુલન છે. વૈશ્વિક અર્થતંત્ર એક એવી આર્થિક વ્યવસ્થા તરફ ધસી રહ્યું છે કે જેમાં થોડા જ દેશો વિશ્વ ઉપર વર્ચસ્વ ધરાવશે. તેઓ આર્થિક અને રાજકીય બંને રીતે વર્ચસ્વ ધરાવશે. પ્રશ્ન એ થાય છે કે આવી અસમાન પરિસ્થિતિ શા માટે ઊભી થઈ ? એનો ઉત્તર અનેક દેશો દ્વારા વિકાસની જે પ્રક્રિયા અપનાવવામાં આવી અને અસમાન વપરાશની જે તરાહ અનુસરવામાં આવી તેમાંથી મળે છે.


મોટા ભાગના દેશો દ્વારા અપનાવવામાં આવેલા વૃદ્ધિ-કેન્દ્રિત આર્થિક નમૂના દ્વારા વપરાશની તરાહ પ્રભાવિત છે. આ સદીના આરંભમાં વિકાસ એટલે વપરાશના વધારા તરફ દોરી જતો આવકનો વધારો એમ એની વ્યાખ્યા બંધાતી હતી. એમ મનાતું હતું કે જેમ આવક વધારે હશે તેમ વ્યક્તિ વધારે વસ્તુઓ અને સેવાઓ વાપરશે અને તે વધારે સુખી હશે. અને તેથી વ્યક્તિ પોતાના કલ્યાણ માટે એટલે કે શિક્ષણ, આરોગ્ય વગેરે માટે વધુ રોકાણ કરશે. એ જ રીતે દેશની આવક વધારે હશે તો લોકોનું વપરાશનું સ્તર ઊંચું હશે, તેમનું કલ્યાણ વધારે હશે, વધારે સારું આરોગ્ય અને શિક્ષણ મળતું હશે અને અંતે દેશ તેની પ્રજાની કાળજી રાખવા માટે વધુ સક્ષમ બન્યો હશે. એમ પણ ધારવામાં આવ્યું હતું કે જ્યારે દેશની આવક વધશે ત્યારે તે નીચે ઝમતી ઝમતી દેશના તમામ નાગરિકોને મળશે. જો કે, વાસ્તવમાં વસ્તીના ઘણા મોટા ભાગને રાષ્ટ્રીય આવકમાં થયેલા વધારાનો લાભ મળ્યો નથી અથવા બહુ જ ઓછો મળ્યો છે. આદિવાસીઓ અને ખાસ કરીને સ્ત્રીઓ આવો જ વર્ગ છે. એનાથી વિરુદ્ધ, આવકમાં થયેલા વધારાથી મદ્યપાન, માદક દ્રવ્યોનું સેવન અને ગુનાખોરી જેવાં દૂષણો વધ્યાં છે. આવકમાં થયેલા વધારાનો ઘણો મોટો ભાગ તો પર્યાવરણને હાનિ પહોંચાડીને સિદ્ધ થયો છે. વનોનો વિનાશ થયો છે. પ્રદૂષણનું પ્રમાણ ખૂબ વધ્યું છે. વિકસતા દેશોમાં ઘણા મોટા પ્રમાણમાં લોકો સાર્વજનિક જમીન, જળ, જંગલ વગેરે જેવાં પર્યાવરણીય સંસાધનો પર અસ્તિત્વ માટે આધાર રાખે છે. જ્યારે પર્યાવરણને હાનિ પહોંચે છે ત્યારે લોકોના આ વર્ગને સૌથી વધુ વિપરીત અસર થાય છે.

આર્થિક વિકાસનો અર્થ લોકોના જીવનની ગુણવત્તામાં વધારો એટલે કે વધુ સારું શિક્ષણ અને આરોગ્ય એવો નથી થતો. જો વિકાસની વ્યાખ્યા લોકોના વિકાસ તરીકે બાંધવામાં આવે તો તેમના જીવનની ગુણવત્તામાં સુધારો એ મહત્ત્વની બાબત બને છે. એટલે કે તેમની તકો વધે, પસંદગીઓ વધે અને તેમના જ્ઞાનમાં વધારો થાય પછી સમાનતા વધે, ગરીબી ઘટે અને લોકોનાં દુઃખ ઓછાં થાય અને તેઓ સંતોષપૂર્ણ જીવન જીવે.

આ સિદ્ધ કરવા માટે માત્ર આર્થિક વિકાસ એટલે કે આવકના વધારા ઉપર નહિ પણ માનવ વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું પડે. દુનિયાભરની સરકારો સુધી આ સંદેશો પહોંચાડવા માટે યુએનડીપી ૧૯૯૦થી માનવ વિકાસ અહેવાલ (હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ) પ્રકાશિત કરે છે. આ અહેવાલોના પાયામાં માનવ કેન્દ્રી વિકાસનું માળખું મહત્ત્વનું છે કે જેમાં આવકનો વધારો અને વસ્તુઓના ઉત્પાદન પહેલાં માનવીને મૂકવામાં આવે છે. આર્થિક વૃદ્ધિને માનવ વિકાસ સિદ્ધ કરવાના એક સાધન તરીકે જોવામાં આવે છે, સાધ્ય તરીકે નહિ.

## માનવ વિકાસ અહેવાલોના મહત્ત્વના મુદ્દા

લોકોની ક્ષમતાઓમાં સુધારા દ્વારા જીવનમાં પસંદગીઓના વિસ્તારની પ્રક્રિયા તરીકે માનવ વિકાસની વ્યાખ્યા બાંધવામાં આવે છે. જ્યારે આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઈએમએફ) અને વિશ્વ બેંક ફરી એક વાર લોકોના વિકાસને ભોગે અર્થતંત્રના કેન્દ્રમાં આર્થિક વૃદ્ધિને મૂકી રહ્યાં છે ત્યારે માનવ વિકાસના ખ્યાલ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.




માનવ વિકાસનાં પાસાં

૧૯૯૦નો માનવ વિકાસ અહેવાલ એમ કહે છે કે ગરીબીના નિવારણને આર્થિક વૃદ્ધિ પછીની બાબત ન ગણવી જોઈએ. તેણે એમ ભારપૂર્વક કહ્યું કે આર્થિક વૃદ્ધિના નમૂનામાં માનવ વિકાસ અને ગરીબીના નિવારણ પર ભાર મુકાવો જોઈએ.

૧૯૯૧નો માનવ વિકાસ અહેવાલ મુખ્યત્વે માનવ વિકાસ પ્રત્યે રાષ્ટ્રીય સરકારોની રાજકીય પ્રતિબદ્ધતા ઉપર અને વિકાસ માટે નાણાં ઊભાં કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જો રાષ્ટ્રીય સ્તરે મજબૂત રાજકીય ઈચ્છાશક્તિ હોય તો માનવ વિકાસ માટેનાં નાણાં આસાનીથી ઊભાં થઈ શકે છે એ વાત પર આ અહેવાલમાં ભાર મૂકવામાં આવ્યો છે.

૧૯૯૨નો માનવ વિકાસ અહેવાલ માનવ વિકાસના આંતરરાષ્ટ્રીય પાસા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે કહે છે કે સ્થળાંતરની નીતિઓ, વ્યાપાર આડેના અવરોધો અને આંતરરાષ્ટ્રીય દેવું ધનવાન અને ગરીબ દેશો વચ્ચેની અસમાનતાને વકરાવે છે.

૧૯૯૩નો માનવ વિકાસ અહેવાલ લોકોની સહભાગિતાના પાસા ઉપર ભાર મૂકે છે. અહેવાલમાં 'ચિરંતન માનવ વિકાસ' તથા 'લોકોનો વિકાસ, લોકો માટે અને લોકો દ્વારા' અંગેની વ્યાખ્યા બાંધવામાં આવી છે. એમાં શ્રમગહન નીતિઓ અને વૃદ્ધિ માટેના રોકાણને પ્રોત્સાહન આપવાનું ગર્ભિત સૂચન કરાયું છે.

૧૯૯૪ના માનવ વિકાસ અહેવાલમાં વિકસિત અને વિકાસશીલ દેશો વચ્ચેના સંબંધો વધુ તપાસવામાં આવ્યા છે અને વિકાસલક્ષી સહકાર માટેના નવા માળખાની રૂપરેખા આપવામાં આવી છે. રાષ્ટ્રો અને પ્રજાઓ વચ્ચે તકોની સમાનતાનું માળખું પ્રસ્થાપિત કરવા નવા વૈશ્વિક ખતપત્રને આકાર આપવાનો તેમાં પ્રયાસ કરાયો છે.

૧૯૯૫ના માનવ વિકાસ અહેવાલમાં સ્ત્રી-પુરુષ સમાનતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. એ અહેવાલમાં સ્ત્રીઓ અને પુરુષો બંનેને પાયાની સામાજિક સેવાઓ સમાન રીતે મળવી જોઈએ, રાજકીય અને આર્થિક નિર્ણય પ્રક્રિયામાં તેમની સમાન સહભાગિતા હોવી જોઈએ, સમાન કામ માટે તેમને સમાન વળતર મળવું જોઈએ, કાયદા હેઠળ રક્ષણ મળવું જોઈએ અને સ્ત્રી-પુરુષ વચ્ચેના તમામ ભેદભાવો દૂર થવા જોઈએ તેના પર ભાર મૂકવામાં આવ્યો છે. (*સ્રોત : 'વિચાર', વર્ષ.૧, નં.૨ એપ્રિલ-જુન, ૧૯૯૬*)

૧૯૯૬ના માનવ વિકાસ અહેવાલમાં આર્થિક વૃદ્ધિના પ્રકારો અને માનવ વિકાસ વચ્ચેના સંબંધોની ચર્ચા કરવામાં આવી છે. ૧૯૯૭ના અહેવાલમાં ગરીબી ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું છે અને ૧૯૯૮ના અહેવાલમાં વર્તમાન જગતની વપરાશની તરાહનાં વિવિધ પાસાંની ચર્ચા કરવામાં આવી છે. આ ત્રણેય અહેવાલો વિકસતા દેશોમાં જીવતા તમામ લોકો માટે અત્યંત મહત્ત્વના છે. તેમાં જે માહિતી આપવામાં આવી છે તેનો રાષ્ટ્રીય સરકારો સમક્ષ નીતિવિષયક એડવોકસી માટે ઉપયોગ કરી શકાય તેમ છે.

**ગરીબી અને માનવ વિકાસ**

૧૯૯૭નો માનવ વિકાસ અહેવાલ ગરીબીના પ્રશ્ન ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે ગરીબીની વ્યાખ્યા ફરીથી બાંધે છે. ગરીબીને આવકને આધારે જ નહિ, પણ તેમાં કલ્યાણના પાસાનો સમાવેશ કરીને જોવી જોઈએ એમ તે કહે છે. તે માનવ વિકાસના ગરીબીના સામાજિક પાસા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. એટલે કે માનવ વિકાસ

સિદ્ધ કરવા માટેની તકોના અભાવ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. યુએનડીપી આને 'માનવ ગરીબી'ના ખ્યાલ તરીકે ગણાવે છે. 'માનવ ગરીબી' એ સહ્ય જિંદગી જીવવા માટેની તકો અને પસંદગીઓનો અભાવ છે. અહીં ગરીબીનો અર્થ વધારે તો માનવ વિકાસ માટે આવશ્યક એવી તકો અને પસંદગીઓનો અભાવ છે. સુદીર્ઘ, તંદુરસ્ત અને સર્જનાત્મક જિંદગી જીવવા માટેની તક સૌને મળવી જોઈએ. સ્વાતંત્ર્ય, આત્મગૌરવ અને સારા જીવનધોરણ તરફ તથા બીજાઓના સન્માન તરફ તે જિંદગી આપણને દોરી જાય છે. યુએનડીપીએ જુદા જુદા દેશોની પ્રગતિ માપવા માટે ગરીબીના નિર્દેશક તરીકે માનવ ગરીબી આંક (હ્યુમન પોવર્ટી ઈન્ડેક્સ-એચપીઆઈ) તૈયાર કર્યો છે. આ આંક માનવ જીવનનાં ત્રણ આવશ્યક પાસાંમાં વંચિતતાને માપે છે: **૧.** આયુષ્ય - ૪૦ વર્ષથી વધુ ન જીવી શકે તેવી વસ્તીની ટકાવારી. **૨.** જ્ઞાનમાં વંચિતતા - પુખ્ત વયના નિરક્ષર લોકોનું ટકાવારી પ્રમાણ. **૩.** સારું જીવનધોરણ. આરોગ્ય સેવાઓ અને પીવાનું ચોખ્ખું પાણી કેટલા ટકા પ્રજાને મળે છે અને કેટલા ટકા બાળકો કુપોષણથી પિડાય છે તેના દ્વારા તે મપાય છે.

અહેવાલ જણાવે છે કે દુનિયાની આશરે ચોથા ભાગની વસ્તી યુએનડીપી દ્વારા વ્યાખ્યાયિત ગરીબીની રેખાની નીચે જીવે છે. વિશ્વની ત્રીજા ભાગની વસ્તીની રોજની આવક એક અમેરિકન ડોલર (રૂ.૪૦) કરતાં ઓછી છે. દુનિયાની કુલ ૫૧.૫૦ કરોડની વસ્તી ગરીબ છે અને તેમાંથી ૩૩.૫૦ કરોડ એટલે કે ૬૫ ટકા લોકો ભારતમાં જીવે છે. ભારતમાં ૫૩ ટકા લોકોની રોજની આવક એક અમેરિકન ડોલર (રૂ. ૪૦) કરતાં ઓછી છે. સોવિયત સંઘમાંથી વિખૂટા પડેલા દેશોમાં જીવનની ગુણવત્તા ઘટી છે અને ગરીબીમાં વધારો થયો છે.

**માનવ ગરીબી અને આવક ગરીબી**

| ક્રમ | દેશ | માનવ ગરીબી ટકામાં | આવક ગરીબી ટકામાં (દૈનિકનાં રૂ.૪૦થી ઓછી આવક) | દેશની ગરીબીની રેખા નીચે જીવતી વસ્તી (ટકામાં) |
|---|---|---|---|---|
| ૧. | ક્યુબા | ૫.૧ | — | — |
| ૨. | ચિલી | ૫.૪ | ૧૫ | — |
| ૩. | મેક્સિકો | ૧૦.૯ | ૧૫ | ૩૪ |
| ૪. | ચીન | ૧૭.૫ | ૨૯ | ૧૧ |
| ૫. | ઈન્ડોનેશિયા | ૨૦.૮ | ૧૫ | ૮ |
| ૬. | કેનિયા | ૨૬.૧ | ૫૦ | ૩૭ |
| ૭. | ઈજિપ્ત | ૩૪.૮ | ૮ | — |
| ૮. | ઝામ્બિયા | ૩૫.૧ | ૮૫ | ૮૬ |
| ૯. | ભારત | ૩૬.૭ | ૫૩ | — |
| ૧૦. | પાકિસ્તાન | ૪૬.૮ | ૧૨ | ૩૪ |
| ૧૧. | શ્રીલંકા | ૨૦.૭ | ૪ | ૨૨ |
| ૧૨. | બાંગ્લાદેશ | ૪૮.૩ | ૨૯ | ૪૮ |
| ૧૩. | ઈથિયોપિયા | ૫૬.૩ | ૩૪ | — |
| ૧૪. | નાઈજર | ૬૬.૦ | ૬૧ | — |

*સ્રોત: માનવ વિકાસ અહેવાલ, ૧૯૯૭.*

અનેક વિકસતા દેશોમાં માનવ ગરીબી ૨૦ ટકાથી ઓછી થઈ ગઈ છે, તે બાજુના કોઠામાં જણાવાયું છે. જેમ કે, ચીન, ફિલિપાઈન્સ, મેક્સિકો, કોલંબિયા, થાઈલેન્ડ, પનામા, ક્યુબા, ચિલી. ક્યુબામાં માત્ર ૫ ટકા વસ્તી જ માનવ ગરીબી ધરાવે છે. ક્યુબા, ચીન, ભારત, ચિલી, કેનિયા અને ઝામ્બિયામાં ઓછી આવક હોવા છતાં ગરીબીનું પ્રમાણ ઓછું છે. આ દેશોમાં વિકાસની વ્યૂહરચના સમાજવાદી વિચારધારા પર આધારિત રહી હોવાથી ત્યાં કલ્યાણલક્ષી કાર્યક્રમો ઘડાયા છે.

માનવ વિકાસ અહેવાલ-૧૯૯૭ એમ સૂચવે છે કે ગરીબીનાં તમામ પાસાંઓને ધ્યાનમાં લઈને તેનો ઉકેલ શોધવો જોઈએ. એનો અર્થ એ છે કે ફક્ત શહેરી(દા.ત. સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના) અને ગ્રામીણ રોજગારી કાર્યક્રમો જ ગરીબી ઘટાડવા માટે પૂરતા નથી. આરોગ્ય, શિક્ષણ અને પાયાની સેવાઓમાં રોકાણ થવું જોઈએ કે જેથી સૌથી નબળામાં નબળી વ્યક્તિને પણ તેનું કલ્યાણ કરવા માટેની તકો મળે. તમામ સ્તરે માનવ વિકાસ અને ગરીબીનું નિવારણ સિદ્ધ કરવા અને આપણી વ્યવસ્થામાં સૌથી નબળી વ્યક્તિ માટે તકોનું સર્જન કરવા યુએનડીપી દ્વારા છ પગલાં સૂચવવામાં આવ્યાં છે: **૧.** સ્ત્રીઓ અને પુરુષોને નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર કરીને સક્ષમ બનાવવાં. **૨.** સ્ત્રીઓને સક્ષમ બનાવવા માટે સ્ત્રી-પુરુષ સમાનતા અનિવાર્ય છે. **૩.** તમામ દેશોમાં ગરીબો-તરફી આર્થિક વૃદ્ધિ દ્વારા ગરીબીમાં સતત

ઘટાડો. **૪.** વૈશ્વિકીકરણની પ્રક્રિયામાં વૈશ્વિક સમતા ઉપર ભાર મૂકવો. **૫.** ગરીબો તરફી નીતિઓ માટે રાજકીય ટેકા અને જોડાણો વ્યાપક બનાવવા સરકાર દ્વારા વાતાવરણનું નિર્માણ. **૬.** સૌથી ગરીબ દેશોનું દેવું ઘટાડીને અને અપાતી સહાય વધારીને ટેકો આપવો.

## માનવ વિકાસ માટે ગરીબો–તરફી આર્થિક વૃદ્ધિ અનિવાર્ય છે

૧૯૯૦ સુધી એમ મનાતું રહ્યું કે કોઈ પણ દેશમાં આવકનો ઝડપી વધારો દેશની ગરીબીમાં ઘટાડો અને સામાજિક તથા આર્થિક કલ્યાણમાં સુધારો કરવાની સમસ્યાઓ ઉકેલી નાખશે. જો કે, હકીકતો એમ દર્શાવે છે કે માનવ વિકાસ અને આવકના વધારા વચ્ચે કોઈ સ્વયં સંબંધ નથી. જો આવો સંબંધ હોય તો પણ ઘણા દેશોમાં તેને ટેકારૂપ યોગ્ય નીતિઓના અભાવે તે ધીમે ધીમે નાશ પામ્યો છે. ૧૯૯૬નો માનવ વિકાસ અહેવાલ જણાવે છે કે દુનિયાના ૧૭૪ દેશોમાંથી ૧૦૦ દેશોમાં આવકનો વધારો ઘટ્યો છે. આમાંના મોટા ભાગના દેશો મુખ્યત્વે આફ્રિકા, લેટિન અમેરિકા અને ભૂતપૂર્વ સોવિયેત સંઘના છે. એશિયાના ૧૫ દેશો દુનિયાની બીજી ત્રીજા ભાગની વસ્તી ધરાવે છે અને ત્યાં આવકમાં જબરજસ્ત વધારો થયો છે. જે દેશોમાં આવક ઘટી છે ત્યાં એનું કારણ વસ્તીમાં થયેલો વધારો નથી. ત્યાં પ્રજોત્પત્તિ દર નીચો છે અને તેથી ત્યાં વસ્તી વૃદ્ધિ દર પણ નીચો છે. સામાન્યતયા કુટુંબનું મોટું કદ અને ઊંચા વસ્તી વૃદ્ધિ દરને વધારે ગરીબીના કારણ તરીકે રજૂ કરવામાં આવે છે. એને માટે આર્થિક વ્યવસ્થાને જવાબદાર ગણવામાં આવતી નથી. કાં તો ઊંચો આવક વધારો અને નીચો માનવ વિકાસ હોય છે અથવા ઊંચો માનવ વિકાસ અને નીચો આવક વધારો હોય છે. આ દરેક પરિસ્થિતિમાં સરકારની નીતિઓ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

આવકના સંદર્ભમાં ગરીબ અને ધનવાન દેશો વચ્ચેની અસમાનતા વધી છે. ૧૯૯૩માં કુલ વૈશ્વિક આવક ૨૩૦૦૦ અબજ ડોલર એટલે કે ૯૨૦ લાખ કરોડ રૂપિયા હતી. એમાંથી ૧૮૦૦૦ અબજ ડોલર(૭૮ ટકા) તો માત્ર ધનવાન વિકસિત દેશોમાં જ હતી. વિકસતા દેશોમાં દુનિયાની ૮૦ ટકા વસ્તી વસે છે પણ તેઓ માત્ર ૨૨ ટકા જ આવક ધરાવે છે. ૩૦ વર્ષ અગાઉ દુનિયાની સૌથી ગરીબ ૨૦ ટકા વસ્તી પાસે દુનિયાની માત્ર ૨.૩ ટકા જ આવક હતી. અત્યારે તે ઘટીને તેમની પાસે માત્ર ૧.૪ ટકા થઈ છે. આ જ ગાળા દરમ્યાન વિકસિત દેશોની એટલે કે દુનિયાના ૨૦ ટકા લોકોની આવક ૭૦ ટકાથી વધીને ૮૫ ટકા થઈ છે. આથી, ૩૦ વર્ષમાં અમીરો અને ગરીબો વચ્ચેનો તફાવત ૩૦:૧થી વધીને ૬૧:૧ થયો છે.

છેલ્લાં ૩૦ વર્ષમાં આર્થિક વૃદ્ધિનું સ્વરૂપ જ એવું રહ્યું છે કે તેણે ગરીબીમાં ઘટાડો કરવામાં કે માનવ વિકાસ સાધવામાં કોઈ પ્રદાન આપ્યું નથી. આર્થિક વૃદ્ધિ નોકરીવિહીન, નિર્દય, અવાજવિહીન, મૂળિયાંવિહીન અને ભાવિવિહીન રહી છે. વિકસિત દેશોમાં **નોકરીવિહીન વૃદ્ધિને** પરિણામે બેકારીનો સરેરાશ દર ૮ ટકાનો રહ્યો છે. જાપાનમાં તે ૨.૫ ટકા છે, તો સ્પેનમાં તે ૨૩ ટકાનો છે. વિકસતા દેશોમાં નોકરીવિહીન વૃદ્ધિનો અર્થ થાય છે કામના વધુ કલાકો, ઓછાં વેતનો અને એકસાથે અનેક નોકરીઓ. પરિણામે ભારત જેવા દેશોમાં બાળ મજૂરીમાં વધારો થયો છે. નોકરીવિહીન વૃદ્ધિનો અર્થ એ છે કે દેશની આવક જ્યારે વધી રહી છે ત્યારે રોજગારીની તકો વધતી નથી. યંત્રોની મદદથી જે ઉત્પાદન થાય છે તે ઉત્પાદનની પ્રક્રિયામાં લોકોને સામેલ કર્યા વિના ઉત્પાદનમાં વધારો કરે છે.

**નિર્દય આર્થિક વૃદ્ધિ** એ છે કે જ્યાં રાષ્ટ્રીય આવકમાં થયેલા વધારાનાં ફળ માત્ર અમીરો જ ભોગવે છે અને બહુમતી પ્રજા ગરીબી અને કંગાલિયતમાં સબડે છે. ૧૯૭૦-૮૫ના ગાળા દરમ્યાન વિશ્વની કુલ આવકમાં ૪૦ ટકાનો વધારો થયો છે અને સાથે સાથે ગરીબોની સંખ્યામાં ૧૭ ટકાનો વધારો થયો છે. આમ, નિર્દય આર્થિક વૃદ્ધિમાં ધનવાનો વધુ ધનવાન બને છે અને ગરીબો વધુ ગરીબ બને છે.

**અવાજવિહીન આર્થિક વૃદ્ધિ**નો અર્થ એ છે કે દેશમાં આવક વધવાની સાથે સાથે લોકશાહી કે સક્ષમતાનો વિસ્તાર થતો નથી. રાજકીય દમન અને એકહથ્થુ અંકુશે વૈકલ્પિક અવાજોને ડામી દીધા છે અને વધુ




આવકની સમાન વહેંચણી

સામાજિક-આર્થિક સહભાગિતા માટેની માંગને રૂંધી દીધી છે. આર્થિક વૃદ્ધિ અર્થતંત્રમાં મહિલાઓની ભૂમિકાને નકારે છે. તે એમ ધારી લે છે અને સ્વીકારે છે કે સ્ત્રીઓએ કુટુંબની સારસંભાળ માટે બલિદાનો આપવાનાં છે. તેમાં કોઈ આર્થિક વળતર હોતું નથી.


**મૂળિયાંવિહીન આર્થિક વૃદ્ધિ** એ છે કે જેમાં લોકો પોતાની સાંસ્કૃતિક ઓળખ ગુમાવે છે. અનેક દેશોમાં બહુમતીની સંસ્કૃતિ દ્વારા લઘુમતીની સંસ્કૃતિને દાબી દેવામાં આવે છે. કેટલાક કિસ્સામાં સરકારો પણ ઈરાદાપૂર્વક બહુમતીની સંસ્કૃતિ લાદે છે અથવા તેઓ એ લાદવાની પ્રક્રિયામાં સામેલ હોય છે. બજાર ઉપર વપરાશી ચીજોની જાહેરખબરોનો અંકુશ હોય છે. સામ્રાજ્યવાદી સંસ્કૃતિ લાદવાના પ્રયાસો પણ થાય છે. દા.ત. મેકડોનાલ્ડ્સની જાહેરખબરો લોકોને તેમની આહારની આદતો બદલવાનું અને સમોસાને બદલે બર્ગર અને પિઝા માટેની પસંદગી માટે આડકતરું દબાણ ઊભું કરે છે.

કેટલાક વિકસતા દેશોમાં આર્થિક વૃદ્ધિ પર્યાવરણના ભોગે થાય છે. પ્રાકૃતિક સંસાધનોનો બહુ થોડા લોકો બેફામ ઉપયોગ કરે છે, પાણીનો વધુ પડતો વપરાશ થાય છે, હવાનું પ્રદૂષણ ફેલાય છે અને વનવિનાશ થાય છે તથા પ્રાણીઓની અનેક જાતો નાશ પામે છે. દુનિયાભરમાં પાણીની પ્રાપ્યતા ઘટી છે. ભારતમાં રાજસ્થાન અને ગુજરાતનાં અનેક ગામોમાં પીવાનું પાણી પ્રાપ્ય નથી. વનસ્પતિનું આવરણ ઘટ્યું છે અને તેથી બળતણ તથા ઘાસચારાની પ્રાપ્યતા ઘટે છે અને પરિણામે મહિલાઓનાં વધુ સમય અને શક્તિ ખર્ચાય છે.

ચીન, દક્ષિણ કોરિયા અને જાપાન જેવા દેશોમાં આર્થિક વૃદ્ધિના લાભો તે દેશોની વસ્તીમાં વધુ વ્યાપક રીતે વહેંચાયા છે. આથી નીતિનિર્ધારકોએ એ બે વચ્ચેના સંબંધો વધુ મજબૂત કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. જો આર્થિક વૃદ્ધિની પ્રક્રિયામાં સમતા હોય અને લાભો લોકો વચ્ચે વહેંચાય તો આ સંબંધો મજબૂત થાય. એનો અર્થ એ છે કે નોકરીની નવી તકો ઊભી કરવાની એટલે કે શ્રમગહન આર્થિક વિકાસ સાધવાની જરૂર છે. જેઓ વંચિતો છે તેમની પાસે ઉત્પાદક માલમિલકત હોવી જોઈએ, એટલે કે જમીન સુધારાના કાયદાના અમલ દ્વારા તેમને ખેતીની જમીન મળવી જોઈએ, સરકારોએ માનવ વિકાસ થાય તે માટે સામાજિક ક્ષેત્રોમાં ખર્ચ કરવું જ જોઈએ, સ્ત્રી-પુરુષ સમાનતા આવે તે રીતે એ ખર્ચ થવું જોઈએ, મહિલાઓના સમગ્ર આરોગ્ય ઉપર ધ્યાન કેન્દ્રિત કરનારી વસ્તી નીતિ હોવી જોઈએ અને સક્રિય નાગરિક સમાજ સાથે સુશાસન માટેની તંત્રવ્યવસ્થા સ્થાપવી જોઈએ. આ બધા માટે એ અનિવાર્ય છે કે માનવ ક્ષમતાઓના વિકાસ માટે રાજકીય પ્રતિબદ્ધતા હોય.

### માનવ વિકાસની પ્રતિબદ્ધતા માટે પ્રવર્તમાન વપરાશની તરાહમાં પરિવર્તન

અગાઉ જણાવ્યું તે મુજબ દુનિયામાં કુલ વપરાશ વધી છે, અને અગાઉ કરતાં વધુ ને વધુ લોકોને વધારે સારાં અન્ન-આવાસ મળે છે. કેટલાક દેશોમાં જીવનધોરણમાં ઘણો જ વધારો થયો છે. જો યોગ્ય સંકલન હોય તો વપરાશ માનવ વિકાસ વધારી શકે છે. ગરીબો માટે અન્ન વપરાશમાં વધારો એટલે ભૂખમરો દૂર થવો અને આરોગ્ય સુધરવું. વપરાશની એ વસ્તુઓ પર ભાર મુકાવો જોઈએ કે જેનાથી સૌની પાયાની જરૂરિયાતો પૂરી થાય અને જેમની ઊંચી આવક છે તેમની વપરાશ ઘટે અને જેમની નીચી આવક છે એમની વપરાશ વધે એવી વપરાશની પુનર્વહેંચણી ઉપર ધ્યાન કેન્દ્રિત થવું જોઈએ. દા.ત. ભારતીય અર્થતંત્રમાં કોકા-કોલા જેવાં હળવાં પીણાંની વપરાશ વધવાને બદલે અન્નની વપરાશ વધવી જોઈએ. વપરાશ એવી હોવી જોઈએ કે જેનાથી લોકોનું આરોગ્ય અને જ્ઞાન વધે. વપરાશથી ગુનાઓ ના વધવા જોઈએ, અથવા આરોગ્ય બગડવું ના જોઈએ. દા.ત. શરાબની વપરાશથી આરોગ્ય બગડે છે, અકસ્માતો વધે છે અને સ્ત્રીઓને મારવાનું પ્રમાણ પણ વધે છે. વપરાશ સામાજિકપણે જવાબદાર હોવી જોઈએ અને પોતાના વપરાશથી બીજાઓનું કલ્યાણ ઘટે નહિ તે જોવાવું જોઈએ. દા.ત. ભારતમાં વીજ મથકોની નજીક જમીન, હવા અને પાણીનું ભારે પ્રદૂષણ હોય છે. સ્થાનિક લોકોને આ વીજળી મળતી નથી. પરંતુ શહેરોમાં આ જ વીજળી એરકન્ડિશનર્સ ચલાવવા




વપરાશની તરાહમાં પરિવર્તન

માટે મળે છે. વપરાશથી ગરીબ ઉત્પાદકો સક્ષમ બનવા જોઈએ, નહિ કે મોટી કંપનીઓ.

અંતે વપરાશ ટકાઉ હોવી જોઈએ એટલે કે તે ભાવિ પેઢીઓની જરૂરિયાતોને પહોંચી વળવા સક્ષમ હોવો જોઈએ. ગુજરાતમાં ઉદ્યોગીકરણ માટે જે રીતે પાણી વપરાઈ રહ્યું છે અને અત્યારે અનેક ગામડાં પીવાના પાણી વિના ટળવળે છે તે સંજોગોમાં ભવિષ્ય ચિરંતન કેવી રીતે બને? અગાઉ અત્યંત ખરાબ દુકાળોમાં પણ પીવાના પાણીની તંગી પડી ન હતી. પાણીની અછતને કારણે નહિ પણ અન્નની અછતને કારણે જ દુકાળ આવે છે. ૧૯૬૦ના દાયકા પછી જ ગુજરાતમાં પાણીના દુકાળ શરૂ થયા છે.

માનવ વિકાસ અહેવાલ-૧૯૯૮માં માત્ર વપરાશનો મુદ્દો જ ઉઠાવવામાં નથી આવ્યો પણ વપરાશની કઈ તરાહ અપનાવવામાં આવે છે તેનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. ઔદ્યોગિક દેશોમાં છેલ્લાં ૨૫ વર્ષ દરમ્યાન વાર્ષિક ૨.૩ ટકાના દરે વપરાશ વધી છે. પૂર્વ એશિયામાં તે વાર્ષિક ૬.૧ ટકાના જંગી દરે વધી છે. વપરાશના આ વિસ્ફોટમાંથી દુનિયાની સૌથી ગરીબ ૨૦ ટકા પ્રજા જ બાકાત રહી ગઈ છે. વિશ્વની ત્રીજા ભાગની વસ્તી ગરીબીમાં સબડે છે (એટલે પાયાની વપરાશનો જ અભાવ છે). દુનિયાભરમાં બે અબજ લોકો લોહીની કમીથી પીડિત છે. વિકસતા દેશોમાં -

- ૬૦ ટકા લોકો પાયાની સફાઈની સવલતો ધરાવતા નથી.
- ત્રીજા ભાગના લોકોને પીવાનું ચોખ્ખું પાણી મળતું નથી.
- ચોથા ભાગના લોકો પાસે યોગ્ય ઘર નથી.
- પાંચમા ભાગના લોકોને આધુનિક આરોગ્ય સવલતો મળતી નથી.
- પાંચમા ભાગનાં બાળકો પાંચમા ધોરણ સુધીનો પણ અભ્યાસ કરી શકતાં નથી.
- પાંચમા ભાગના લોકોને પૂરતા પ્રમાણમાં પ્રોટીન અને શક્તિ મળતાં નથી.

દુનિયાભરમાં વપરાશના સ્તરમાં ભારે અસમાનતા પ્રવર્તે છે. દુનિયાની ઉચ્ચ આવક ધરાવતા દેશોના માત્ર ૨૦ ટકા લોકો ૮૬ ટકા વપરાશ કરે છે અને સૌથી ગરીબ ૨૦ ટકા લોકો માત્ર ૧.૩ ટકા જેટલી નજીવો વપરાશ કરે છે.

વપરાશમાં વધારો થવા છતાં વિકસિત દેશોમાં પણ ગરીબી મોટા પાયા પર છે. ત્યાં પણ ૭થી ૧૭ ટકા લોકો ગરીબીમાં જીવે છે. વધુમાં, સતત વધતી વપરાશથી પર્યાવરણ બગડે છે. પેટ્રોલ, ડીઝલ, વીજળી ઉત્પન્ન કરવા માટેનો કોલસો વગેરે જેવાં બળતણોનો વપરાશ ૧૯૫૦ પછી પાંચ ગણી વધી છે. ૧૯૬૦ પછી પીવાના પાણીની વપરાશ બમણી થઈ છે. માછીમારી ચાર ગણી વધારે થાય છે. ઉદ્યોગો અને ઘરવપરાશ માટે છેલ્લાં ૨૫ વર્ષમાં લાકડાની વપરાશ ૪૦ ટકા વધી છે. ઉત્પાદનની પ્રક્રિયામાં પ્રદૂષણ ઘટે અને ઔદ્યોગિક કચરાનો ઉપયોગ થાય તેવી નવી ટેકનોલોજી પણ શોધાઈ છે. વિશ્વના પ્રભાવી ગ્રાહકો ધનવાન જૂથોમાંથી છે પણ તેમની વપરાશથી જે પ્રદૂષણ ફેલાય છે તેની સૌથી વધારે વિપરીત અસર ગરીબોને થાય છે.

- ઔદ્યોગિક વિશ્વમાં જન્મતું એક બાળક વિકસતા દેશોનાં ૩૦થી ૫૦ બાળકો જેટલી વપરાશ કરે છે.
- ૧૯૫૦ પછી ઔદ્યોગિક દેશોની જે ૨૦ ટકા વસ્તી છે તેને સંસાધનોમાં થયેલા વધારાના ૫૦ ટકા મળ્યા છે.
- ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં જીવતી ૨૦ ટકા પ્રજા કાર્બન ડાયોક્સાઈડ છોડવામાં ૫૩ ટકા ફાળો આપે છે, જ્યારે સૌથી ગરીબ ૨૦ ટકા માત્ર ૩ ટકા ફાળો આપે છે. વિકસતા દેશોમાં કાર્બન ડાયોક્સાઈડ હવામાં છોડવાનું માથાદીઠ પ્રમાણ વિકસિત દેશો કરતાં ઘણું ઓછું છે. દા.ત. ચીનમાં દર વર્ષે માથાદીઠ ૨.૭ મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઈડ હવામાં છોડાય છે જ્યારે અમેરિકામાં એ પ્રમાણ ૨૦.૫ મેટ્રિક ટન છે.
- વિકસતા દેશોમાં વનવિનાશ થઈ રહ્યો છે. લેટિન અમેરિકા અને વેસ્ટ ઈન્ડીઝમાં વનોનું પ્રમાણ ઘટ્યું છે. કાગળ બનાવવા માટે વૃક્ષો કપાયાં છે. લગભગ અર્ધાં વૃક્ષો કપાઈ ગયાં છે અને ઉત્પન્ન થતો પોણા ભાગનો કાગળ ઔદ્યોગિક દેશોમાં જ વપરાય છે.

પર્યાવરણના વિનાશ અને ગરીબી વચ્ચે મજબૂત સંબંધ છે. વિકસતા દેશોમાં પર્યાવરણની ગુણવત્તા અને ગરીબોના જીવનનિર્વાહની વ્યૂહરચના વચ્ચેનો સંબંધ એટલો બધો મજબૂત નથી અને ત્યાં મોટા ભાગના લોકો છેવાડે ફેંકાઈ ગયા છે.

વિકસતા દેશો તેમની વપરાશ એ રીતે વધારે કે જેથી પર્યાવરણને નુકસાન ના પહોંચે અને વપરાશ ગરીબો તરફી થાય એ જરૂરી છે. ભારતમાં પરિસ્થિતિ એનાથી તદ્દન ઊંધી છે. ૧૯૯૦ પછી ટેલિવિઝન, કાર, સ્કૂટર અને પીણાં જેવી વપરાશી ચીજોની વપરાશમાં થયેલા વધારાને કારણે આર્થિક વૃદ્ધિ દર ઊંચો ગયો છે. સાથે સાથે અનેક ઉદ્યોગો સ્થપાયા છે જે પ્રદૂષણ ફેલાવી રહ્યા છે. દા.ત. ગુજરાતમાં મોટા અને મધ્યમ ઉદ્યોગોમાં થયેલું ૫૦ ટકા કરતાં વધારે રોકાણ રસાયણો, ડાઈઝ અને કાપડ ઉદ્યોગમાં થયું છે.

## માનવ વિકાસ માટે સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા

માનવ વિકાસના અહેવાલોએ વિકાસની પ્રક્રિયામાં લોકોને સામેલ કરવા ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા કહ્યું છે. ભારત જેવા વિકસતા દેશો સમક્ષનું કર્તવ્ય એવા વિકાસની પ્રક્રિયાને આગળ ધપાવવાનું છે કે જે સમતાપૂર્ણ હોય, ચિરંતન હોય, વધારે માનવીય હોય, ઓછી વપરાશવાદી હોય, ગરીબી ઘટાડનારી હોય અને તકો તથા પસંદગીઓ વધારનારી હોય અને મહિલાઓ તથા સમાજના તમામ છેવાડે ફેંકાયેલા

વર્ગોને સમાવી લેનારી હોય. આવકની તકોની સાથે સાથે અપંગો, વૃદ્ધો અને સગર્ભા સ્ત્રીઓને લાભ જેવા સામાજિક સલામતીના લાભો, કામ સંબંધી જોખમો, મહિલાઓ અને સમાજના અન્ય વંચિત વર્ગોની જરૂરિયાતો અને કલ્યાણના પ્રશ્નોને ઉકેલવાની જરૂર છે. હાલના સંદર્ભમાં, સરકારોની ઉપરોક્ત બાબતો પ્રત્યે સૌથી વધુ જવાબદારી છે. એને માટે રાજકીય ઈચ્છાશક્તિ અને પ્રતિબદ્ધતા હોવાં અનિવાર્ય છે.

સ્વૈચ્છિક સંસ્થાઓ લોકકેન્દ્રી વિકાસની પુરસ્કર્તા રહી છે. ગરીબીનું તેમનું વિશ્લેષણ કૌટુંબિક સ્તરનું હોય છે અને તે માત્ર ભૌતિક વંચિતતાને જ ધ્યાનમાં નથી લેતું પણ સમાજમાં પ્રવર્તમાન અલગાવ, અસલામતી, એકાકીપણાના પ્રમાણને પણ ધ્યાનમાં લે છે. ગરીબીના વિશ્લેષણમાં પ્રાથમિક, આંતરિક અને આંતરરાષ્ટ્રીય નીતિવિષયક દૃષ્ટિકોણો જેવી વ્યાપક પ્રક્રિયાઓને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. સ્થાનિક પરિસ્થિતિનું વિશ્લેષણ કરતી વખતે ઉપરોક્ત દૃષ્ટિકોણને




લોકશાહીનો વિકાસ અને મહિલાઓની ભાગીદારી

આધારે માળખું તૈયાર થવું જોઈએ.

આમ, દરેક સંગઠને લાંબા ગાળાનો દૃષ્ટિકોણ ઊભો કરવો જોઈએ અને આ પ્રવૃત્તિઓની અસરની વ્યાપક અને સમગ્રલક્ષી સમજ ઊભી કરવી જોઈએ. તેમણે દરમિયાનગીરીનાં પોતાનાં ક્ષેત્રોની વિશિષ્ટ જરૂરિયાતો વિશે જ ચિંતા ન કરવી જોઈએ પણ દરમ્યાનગીરી અંગે યોગ્ય વ્યૂહરચના ઘડવા માટે સક્ષમ થવા આ પ્રવૃત્તિઓનાં વ્યાપક પાસાંને સમજવાં જોઈએ.

સરકાર અને નાગરિક સમાજનાં સંગઠનો વિકાસની પ્રક્રિયામાં સંયુક્ત ભાગીદાર છે. સરકાર કે સ્વૈચ્છિક સંસ્થાઓ બેમાંથી એકેય માનવ વિકાસમાં સુધારો લાવવાનું ભગીરથ કાર્ય એકલે હાથે નહિ કરી શકે. ૧૯૯૮ના માનવ વિકાસ અહેવાલ અનુસાર ભારત માનવ વિકાસમાં ૧૭૪ દેશોમાં ૧૩૮મા ક્રમે છે. ૧૯૯૫માં તેનો ક્રમ ૧૩૫મો હતો. એટલે કે પરિસ્થિતિ વણસી છે. આથી નાના અને વ્યક્તિગત પ્રયાસોથી પરિસ્થિતિ સુધરશે નહિ. આ પ્રયાસો વિસ્તૃત રીતે કરવાની જરૂર છે. પ્રાપ્ય મર્યાદિત સ્રોતોમાં રહીને માનવ ક્ષમતાઓનો વિકાસ કરવા માટે વિવિધ પ્રશ્નોના ઉકેલ માટેની વ્યૂહરચના ઘડવી એ મોટો પડકાર છે.

સ્વૈચ્છિક સંસ્થાઓનો અનુભવ એમ દર્શાવે છે કે તેઓ તેમની પ્રવૃત્તિઓમાં વિવિધીકરણ લાવ્યાં છે. શિક્ષણ જેવા કોઈ એક ક્ષેત્ર સંબંધી પ્રશ્નો ઉકેલવાને બદલે આવાસ અને પીવાના પાણી જેવા સામુદાયિક પ્રશ્નો અંગે તેઓ કામ કરે છે. મહિલાઓના આવક સર્જન અને ક્ષમતાવર્ધન અંગેનો કાર્યક્રમ હાથ ધરતી સ્વૈચ્છિક સંસ્થા તેમની પ્રજોત્પત્તિ સંબંધી આરોગ્યની જરૂરિયાતો વિશે પણ કામ કરે છે. માનવ વિકાસના અહેવાલોએ સૈદ્ધાંતિક રીતે એવી દલીલ કરી છે કે માનવ વિકાસનો પ્રશ્ન સમગ્રલક્ષી છે. સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યક્રમો એમ દર્શાવે છે કે આ મતને વધારે લોકપ્રિય બનાવવાની જરૂર છે.

સામુદાયિક જૂથોની સાથે સાથે સ્વૈચ્છિક સંસ્થાઓની બીજી એક મહત્ત્વની ભૂમિકા વિકાસની પ્રક્રિયામાં રખેવાળ તરીકે કામ કરવાની છે. વર્તમાન સંદર્ભમાં ઉદારીકરણના અંચળા હેઠળ અનેક પરિયોજનાઓ એવી છે કે જે માનવ વિકાસને વિપરીત અસર પહોંચાડી શકે છે. સ્વૈચ્છિક સંસ્થાઓએ તેમના પ્રદેશમાંના આર્થિક વિકાસને બરાબર તપાસવાની અને સમજવાની જરૂર છે તેમ જ લોકભાગીદારી દ્વારા સ્થાનિક વિકાસ માટેનાં સમજ અને અભિગમ વિકસાવવાની જરૂર છે. સંગઠન અને સક્ષમતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા માનવ વિકાસના અભિગમો લોકોની આકાંક્ષાઓ અને દૃષ્ટિને વધુ બળપૂર્વક આગળ ધપાવી શકે છે અને લોક કેન્દ્રી વિકાસને લોકપ્રિય બનાવી શકે છે. એ એક હકારાત્મક નિર્દેશ છે કે 'સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ' દ્વારા આ અભિગમનાં જરૂરિયાત અને મહત્ત્વ આંતરરાષ્ટ્રીય રીતે ઘોષિત કરાયાં છે અને તે વિવિધ રાષ્ટ્રોને વિકાસ માટે આ અભિગમ સ્વીકારવા પ્રેરણા આપે છે.

# 'ગુણી' પરંપરાના પુનર્સ્થાપન દ્વારા આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનો પ્રયાસ

**જાગરણ જન વિકાસ સમિતિ**, દક્ષિણ રાજસ્થાનમાં ઉદયપુર જિલ્લામાં અરવલ્લી પર્વત શ્રેણીઓમાં કાર્યરત છે. આ સંસ્થા છેલ્લાં પંદર વર્ષોથી આ ક્ષેત્રના નિરક્ષર અને અસંગઠિત આદિવાસીઓ, વંચિત વર્ગો સાથે કાર્યરત છે. આ સંસ્થાનો મુખ્ય કાર્યક્રમ ગામડાના 'ગુણી' સાથે છે જેની સવિસ્તર ચર્ચા નીચેના લેખમાં વિસ્તારપૂર્વક કરવામાં આવી છે.

## ભૂમિકા

ભારતની ચિકિત્સા પદ્ધતિ વિશ્વમાં પ્રાચીનતમ છે. આપણા દેશની એક સમયની વિપુલ વન સંપત્તિમાંની વૈવિધ્યપૂર્ણ ઔષધીય વનસ્પતિ આ પદ્ધતિનો આધાર બની હતી. સદીઓથી એકત્ર થતું અને ગુરુ-શિષ્ય પરંપરા દ્વારા જીવિત રખાયેલું જ્ઞાન જ આ પદ્ધતિનું પ્રચારક રહ્યું. આજે પણ દેશના ખૂણેખૂણે સ્થાનિક ઉપચાર અને રોગ નિદાન નિષ્ણાતો હાજર છે એ સહેજે આશ્ચર્યની વાત નથી. આ જ્ઞાન પુસ્તક-પોથીઓ કે પ્રયોગશાળાઓનું નથી પણ એવા અસાધારણ લોકોમાં છે કે જે લોકો ભલે નિરક્ષર હોય, પરંતુ તેઓ સ્વાસ્થ્ય વિશે ઊંડી વ્યવહારુ સમજ ધરાવે છે.

આધુનિક વિચારો અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણના અનુયાયીઓ આ પારંપરિક ચિકિત્સકોને પછાત અને તેમના ઉપાયને નરી અંધશ્રદ્ધાનું નામ આપી દે છે. આ દોષારોપણમાં તેઓ મુખ્યત્વે એ ભૂલી જાય છે કે તેઓ માત્ર પોતાના દેશના જ અત્યંત મહત્ત્વપૂર્ણ જ્ઞાનને જ નકારે છે એવું નથી, પરંતુ તેઓ એ તમામ પારંપરિક ચિકિત્સકોનું અપમાન કરે છે કે જેઓ આરોગ્યની સવલતોથી વંચિત અંતરિયાળ ગામોમાં માનવ શરીરના રોગોનું નિદાન અને સારવાર કરી રહ્યા છે.

ગ્રામ વિસ્તારોના સંપર્કમાં આવનારા બધા લોકો એ જાણે છે કે આરોગ્યની સવલતો ત્યાં ખૂબ જ અપર્યાપ્ત છે. દેશના મોટા ભાગના ગરીબ ગ્રામીણ લોકો માટે કાં તો કશું જ હોતું નથી, અથવા તો ખાલીખમ દવાખાનું, રજા પર ગયેલાં ડોકટર અને નર્સ તથા નકામી દવાઓ તેમના માથે મરાય છે. એવું જોવા મળે છે કે ગામડાંના લોકો ગમે તેમ કરીનેય શહેરી ડોક્ટરો સુધી પહોંચી જાય તો પણ તેઓ પોતાની કમાણી ખોવે છે અને પોતાનું આરોગ્ય પણ અંગ્રેજી દવાઓના ભરોસે દાવ પર લગાવી દે છે.

ગ્રામીણ સ્વાવલંબન કે આત્મનિર્ભરતાના મુદ્દે આજે આપણી સમક્ષ મહત્ત્વની સમસ્યાઓ ઊભી થઈ છે. અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા લોકોને પોતાનાં સંસાધનોનું સંચાલન આપમેળે પોતાની રીતે કરવા માટે ઉત્સુક કરવામાં આવે છે. રોગરહિત સ્વસ્થ જીવનને એક મૂળભૂત માનવીય અધિકારના રૂપમાં સ્વીકારવામાં આવ્યો છે અને સામુદાયિક સ્વસંચાલિત સ્વાસ્થ્ય કાર્યક્રમ માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ગ્રામીણ સામુદાયિક વિકાસ શિક્ષણ અને જાગૃતિ ક્ષેત્રે સંબંધિત રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના વલીની 'જાગરણ જનવિકાસ સમિતિ'એ ગ્રામીણ સમુદાય સુધી યોગ્ય આરોગ્ય સેવા પહોંચાડવા માટે એક નાનકડો પ્રયાસ આરંભ્યો છે. કાર્યક્રમનો એક મુખ્ય ઉદ્દેશ લુપ્ત થતી જતી ચિકિત્સા પરંપરા(ગુણી)ની પુનર્સ્થાપના અને અંતરિયાળ ગામોમાં વસતા ચિકિત્સકોનો પુનર્વસવાટ કરવાનો છે.

## ગુણી કોણ છે?

ભારતના ગામડે ગામડે કોઈક જાતિ કે સમુદાયની એવી વ્યક્તિઓ તો મળી જ આવે છે કે જેઓ સ્થાનિક જડીબુટ્ટીઓ તથા અન્ય સાધનો દ્વારા લોકોની વિવિધ પ્રકારની બીમારીઓની સારવાર કરે છે. આ સિદ્ધહસ્ત પારંપરિક ચિકિત્સકોને જ 'ગુણી' કહેવામાં આવે છે. પદવી વિનાના આ ડૉક્ટરો હાડકું બેસાડે છે, મચકોડ ઠીક કરી આપે છે, અને ચામડીના રોગ, દમ, સર્પદંશ, વા, જૂનાં હઠીલાં દર્દો, વાંઝિયાપણું, ગુપ્ત રોગ વગેરેની સારવાર કરવાની આશ્ચર્યજનક ક્ષમતા ધરાવે છે. આ ગુણી એક પ્રકારની વિશેષજ્ઞતા ધરાવે છે અને કોઈક અસાધ્ય રોગ માટે પણ દૂર દૂરનાં ગામડાંનાં લોકો તેમની પાસે સારવાર માટે દોડી આવે છે.

ગુણીઓની શોધ કરવામાં અને તેમના કામથી માહિતગાર થવાની પ્રક્રિયામાં ગુણી પરંપરાનાં કેટલાંક રોચક તથ્યો સામે આવ્યાં. ગુણી પોતાના કામમાં કોઈ પણ જાતિ કે ઊંચ-નીચના ભેદભાવ રાખતા નથી. પોતાની કુશળતાનો ઉપયોગ તેઓ જનસેવા માટે કરવામાં માને છે અને તેમાંથી નફો કરવાનો તેમનો પ્રયાસ હોતો નથી.

ગુણી પોતાની કલા અને સામર્થ્યને એક સિદ્ધિ સ્વરૂપે માને છે તેથી પોતાની ઉપચાર પદ્ધતિ માટે ઉપયોગમાં લેવાતી જડીબુટ્ટીઓનાં નામ, તેમની માત્રા કે તેમના ગુણધર્મો ગુપ્ત રાખે છે. અનેક ગુણીઓ સમયાંતરે આ જ્ઞાન કોઈ સાધુ કે ગુણી પાસેથી જ શીખે છે અને ગુરુ-શિષ્ય પરંપરા દ્વારા જ જ્ઞાનોપાર્જન કરે છે. કેટલાક ગુણી એવા પણ હોય છે કે જેઓ લાંબા ગાળા સુધી પ્રયોગો કરીને ચિકિત્સા જ્ઞાન સ્વયંસિદ્ધ કરી લે છે. એવું લાગે છે કે માનવ શરીરની રચના અંગેનું ગુણીઓનું જ્ઞાન સામાન્યતયા સંપૂર્ણ નથી હોતું. કમ-સે-કમ

તાલીમબદ્ધ ડૉક્ટરો જેટલું તો નથી જ હોતું કારણ કે તેઓ પુસ્તકો અને યંત્રોની મદદથી શરીરની રચનાને સમજે છે. તેમ છતાં ગુણી બીમારીને ઓળખી લે છે અને શરીરમાં તેની સ્થિતિનો અંદાજ આસાનીથી લગાવી લે છે. અનેક સ્ત્રીઓ પણ આ ગુણી ચિકિત્સા પરંપરા સાથે જોડાયેલી છે. ગત દાયકાઓમાં આ પારંપરિક ચિકિત્સકોની પરિસ્થિતિઓમાં નાટકીય પરિવર્તનો થયાં છે. 'અંગ્રેજી' દવાઓ, ટોનિક અને ઈન્જેક્શનની સોયના આકર્ષણથી અભિભૂત લોકો ગુણીઓની ઉપેક્ષા કરવા માંડ્યા છે. તેમના જ્ઞાનની સરખામણી વારંવાર ડોક્ટરોના ઉપચાર સાથે કરવામાં આવે છે તેથી ગુણીઓ પણ પોતાના જ્ઞાન પ્રત્યે ઉદાસીન બન્યા છે અને લઘુતાગ્રંથિથી પિડાવા માંડ્યા છે. એવાં અનેક ઉદાહરણો છે કે જ્યાં ગુણીઓએ સારવાર કરવાનું જ બંધ કરી દીધું હોય. આને પરિણામે ગુણીઓની આર્થિક સ્થિતિ પણ વણસી છે.

## પારંપરિક ચિકિત્સાની વર્તમાનકાળમાં પ્રસ્તુતતા

પાશ્ચાત્ય ચિકિત્સા પદ્ધતિ આજે સમગ્ર દેશમાં સ્વીકૃતિ પામી છે. શહેરોમાં તો ખાનગી ડોક્ટરોની ભીડ જામી છે, અને સરકારી તંત્રે પણ આ પદ્ધતિને પ્રોત્સાહિત કરવા કે અમલમાં મૂકવા માટે મેડિકલ કોલેજો, હોસ્પિટલો અને આરોગ્ય વિભાગો સ્થાપ્યાં છે. શું આ વ્યવસ્થા દેશભરમાં અને ખાસ કરીને અંતરિયાળ ગામોની જરૂરિયાતો માટે પર્યાપ્ત સિદ્ધ થઈ છે?

સરકારી ચિકિત્સાલયોની જે બેહાલી છે તેનાથી પરેશાન થઈને સામાન્ય લોકો પણ ખાનગી ડૉક્ટરો અને દવાખાનાં પાસે સ્વાભાવિક રીતે જ જાય છે. ડૉક્ટરો ઊંચી ફી લે છે. ઉપરાંત, મોંઘાંદાટ ગોળીઓ, કેપ્સ્યુલ્સ, ઈન્જેક્શન અને ટોનિક વાપરવાની ક્ષમતા શું ગ્રામીણ અને ગરીબ વર્ગ પાસે છે? એ જ રીતે સરકારી તેમ જ ખાનગી સવલતો સમગ્ર દેશ માટે પૂરતી નથી અને સુલભ પણ નથી. આ વિડંબનાનો સામનો કરતા રોગગ્રસ્તોને એક વિકલ્પ પૂરો પાડવાની ખૂબ આવશ્યકતા છે. સદ્ભાગ્યની બાબત એ છે કે આરોગ્યની સવલતોની વૈકલ્પિક પદ્ધતિઓ શોધીએ તો પછી વિદેશી રીતો તરફ મોં નહિ માંડવું પડે. ચિકિત્સા જ્ઞાનનો વિપુલ ભંડાર ગામેગામ પથરાયેલા ગુણીઓ પાસે છે અને એ જરૂર પડે ત્યારે તે ઉપલબ્ધ છે તથા સસ્તું નિદાન મેળવી આપવા માટે સક્ષમ છે. વધતી ગરીબી અને વધતા રોગોનું એક વિષચક્ર છે. તેને તોડવાનું કામ સરકાર કે ખાનગી ડોક્ટરો કરશે એવી અપેક્ષા રાખી શકાય તેમ નથી. આ સંદર્ભમાં ગામના પોતાના આરોગ્ય નિષ્ણાતની ભૂમિકા મહત્ત્વની બની જાય છે, કારણ કે તેઓ પોતાના જ્ઞાનથી લોકોને અનાવશ્યક ખર્ચા અને ખતરામાંથી બચાવી લે છે.

## લુપ્ત થતી ગુણીઓની પરંપરા

સદીઓથી એકત્રિત થયેલું જડીબુટ્ટીઓનું ઔષધીય જ્ઞાન અચાનક જ નાશ પામવા માંડે એ ખરેખર જ આશ્ચર્યજનક બાબત છે. આયુર્વેદમાં આ જ્ઞાન કંઈક અંશે સુરક્ષિત તો છે જ પરંતુ ઔષધ જ્ઞાન આયુર્વેદાચાર્યો સિવાય અન્યત્ર પણ વિકાસ પામ્યું છે. વર્ષોનાં પરીક્ષણ અને સ્વાધ્યાયથી ગામડાંના અનેક લોકોની બીમારીઓનો ઈલાજ અચૂક થાય છે અને તેણે આમ જનતાનો વિશ્વાસ મેળવ્યો છે.

### પાશ્ચાત્ય ચિકિત્સા પદ્ધતિની વિપરીત અસર

આકર્ષક પેકિંગ્સ, દવાનાં નવાં નવાં બંધારણો (ફોર્મ્યુલેશન્સ) અને ડોક્ટરો તથા હોસ્પિટલોની મોંમાંગી ફી તથા કમિશન આધુનિક દવાઓ, ટોનિક અને ઈન્જેક્શન્સનું વેચાણ ધનાધન વધારવામાં સહાયરૂપ થાય છે. આ રામાયણમાં ગરીબ પોતાના પૈસા તો ગુમાવે જ છે પણ સાથે સાથે પોતાનું આરોગ્ય પણ દાવ પર લગાવી દે છે.

એ સિદ્ધ થઈ ચૂક્યું છે કે મોટા ભાગની એલોપથિક દવાઓ રોગના લક્ષણને મટાડે છે, તેના મૂળને નહિ. ભારતના દવા બજારમાં આશરે ૮૦,૦૦૦ જેટલાં ફોર્મ્યુલેશન્સ વેચાય છે. એમાં માનવ શરીર માટે આશરે માત્ર ૨૦૦ જેટલી જ દવાઓ જરૂરી છે. બાકીની ખતરનાક દવાઓ આડ અસરો ઉત્પન્ન કરે છે. સારવાર થશે એવી શ્રદ્ધા સાથે જે કેપ્સ્યુલ, ટોનિક અને ઈન્જેક્શન લેવાય છે એ તરત આરામ તો કદાચ આપી શકે છે પરંતુ તેઓ શરીરની અન્ય પ્રક્રિયાઓમાં બાધા ઊભી કરે છે.

બહુરાષ્ટ્રીય તેમ જ રાષ્ટ્રીય કંપનીઓ દર વર્ષે દેશમાં આશરે રૂ.૩૦૦૦ કરોડની દવાઓ વેચે છે. એમાંથી ઘણી બધી દવાઓ રોગનું નિદાન કરવામાં કોઈ મદદ કરતી નથી. વળી, કંપનીઓ એ દવા બનાવતી નથી કે જેમની આમ જનતાને અને ગરીબોને જરૂર હોય છે. ખૂબ મોટા પ્રમાણમાં નવા નામથી નકામાં કેપ્સ્યુલ્સ અને ટોનિક બનાવીને કરોડો રૂપિયાનો નફો રળવામાં આવી રહ્યો છે. દવાઓની ભલામણ ચિઠ્ઠી લખી આપનારા ડોક્ટરોને ભારે કમિશન મળે છે અને લોભવશ ડોક્ટરો કશાય ક્ષોભ વિના મોંઘી દવાઓ અને ટોનિક લેવાની દર્દીઓને ભલામણ કરે છે.

સરકાર ખામોશ છે. સરકાર કેન્સર સંશોધન પાછળ રૂપિયામાંથી ૯૯ પૈસા ખર્ચે છે તો સામાન્ય રોગોના સંશોધન પાછળ માત્ર ૧ પૈસો ખર્ચે છે. દેશના આરોગ્યના અંદાજપત્રના ૯૯ ટકા રકમ પશ્ચિમી ચિકિત્સા પદ્ધતિ અને દવાઓ પાછળ ખર્ચાય છે. જ્યારે માત્ર ૧ ટકો રકમ આયુર્વેદિક, યૂનાની અને હોમિયોપથી પદ્ધતિઓ પાછળ ખર્ચાય છે. ૧૦ વર્ષ પહેલાં દવા બનાવતી કંપનીઓની સંખ્યા ૯૦૦૦ હતી અને આજે દેશમાં ૨૨૦૦૦ કંપનીઓ છે. આથી ગામડાંઓમાં છુપાયેલું પ્રકૃતિના નિયમો અને માનવ શરીરનો આદર કરતું ચિકિત્સા અને આરોગ્યલક્ષી જ્ઞાન ફરીથી એક ચાલક બળ બની શકે તો આ બહુપાંખિયા શોષણનો સામનો થઈ શકે છે.

ગુણી પરંપરા ગુરુ-શિષ્ય પરંપરાથી પેઢી-દર-પેઢી ચાલે છે અને દરેક પેઢી તેમાં નવી ખોજ, નવો ઉપચાર ઉમેરે છે. ગત કેટલાક દાયકાઓમાં આ પદ્ધતિના ઉપયોગમાં નાટકીય પરિવર્તનો થયાં છે. ગુણીઓના સરળ ઉપચારોની લોકપ્રિયતા ઘટી છે અને આજે એ સ્થિતિ છે કે અનેક સારા સિદ્ધહસ્ત ગુણીઓએ ચિકિત્સા કરવાનું બંધ કરી દીધું છે.

પારંપરિક ચિકિત્સા જ્ઞાન ઝડપથી લુપ્ત થઈ રહ્યું છે અને ગ્રામીણ વૈદોની સંખ્યા લગભગ દરેક વિસ્તારમાં ઘટી રહેલી જણાય છે. આવું કેમ બની રહ્યું છે? ગુણી પરંપરાની લોકપ્રિયતા ઘટવાનાં કારણો ક્યાં છે? આ પ્રશ્નોના નીચે મુજબ જવાબો મળે છે:

- અત્યંત ઝડપી બનેલા સમાજમાં ગોળી, કેપ્સ્યુલ, સોય અને ટોનિકથી લોકો આસાનીથી ભરમાઈ જાય છે. જડીબુટ્ટીઓ ધીમે ધીમે પણ અસકારક ઈલાજ કરે છે પણ લોકોની ધીરજ પહેલાં જેવી રહી નથી.
- ઝડપથી વનો કપાઈ રહ્યાં હોવાથી અનેક જડીબુટ્ટીઓ મળવાનું અઘરું બની ગયું છે. જડીબુટ્ટીઓ કે દવાઓનાં અન્ય સ્રોત વિકસાવવામાં આવી રહ્યાં નથી અને એમની અછતથી પારંપરિક ચિકિત્સા પદ્ધતિ પર વિપરીત અસર પડે છે. એમ પણ જોવા મળ્યું છે કે જ્ઞાનને વહેંચવાની ગુણીઓની પોતાની પ્રવૃત્તિ પણ ઘટી છે અને પહેલાંની જેમ ગુણીઓ કોઈ પણ વ્યક્તિને શિષ્ય બનાવતાં સંકોચ અનુભવે છે. આ કારણે નવા ગુણી યોગ્ય સંખ્યામાં તૈયાર થતા નથી.

સામાન્યતયા ગુણી પોતાના દ્વારા કરવામાં આવતી સારવાર માટે કોઈ ફી લેતા નથી તેથી જનસેવાના આ પ્રતીકને આજનું વપરાશવાદી માનસ સ્વીકારી શકતું નથી. લોકો એમ માનતા થઈ ગયા છે કે મફત મળતી દવાથી કોઈ ફાયદો થતો નથી, આરોગ્ય તો પૈસા ખર્ચવાથી જ મળી શકે છે. એટલે જડીબુટ્ટીના ઉપચારને લોકો સંપૂર્ણ સારવાર ગણતા નથી અને હોસ્પિટલો તથા ખાનગી ડોક્ટરોની જ પૂજા કરતા થાય છે.

વર્તમાન ચિકિત્સા વ્યવસ્થા મહદંશે પાશ્ચાત્ય પદ્ધતિઓ પર જ આધારિત છે. એ વાત સાચી કે પાશ્ચાત્ય ચિકિત્સા પદ્ધતિએ માનવ જીવનને માટે અનેક વરદાનો આપ્યાં છે. બીજી તરફ, આધુનિક ચિકિત્સા પદ્ધતિ ગરીબોના શોષણનું હથિયાર બની છે અને તે રૂઢ થવાથી પારંપરિક ચિકિત્સા જ્ઞાન ક્ષીણ થતું જાય છે. મોટા ભાગનું દવાઓનું ઉત્પાદન બહુરાષ્ટ્રીય કંપનીઓના હાથમાં છે. નફો કમાવાની હોડમાં આ કંપનીઓ એવી અનેક દવાઓ ભારતમાં અને બીજા ગરીબ દેશોમાં વેચે છે કે જેમના ઉપર પશ્ચિમના દેશોમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. શું એશિયા અને આફ્રિકાના માણસોનું જીવન અમેરિકા અને યુરોપના માણસોના જીવન કરતાં સસ્તું છે?

## ગુણી પરંપરાના પુનરુત્થાનમાં સંસ્થાની ભૂમિકા

૧૯૮૯ના વર્ષ દરમ્યાન ચરમર ગામનાં બાળકોમાં ગલઘોટુ રોગ ફેલાયો અને એનાથી અનેક મોત નીપજતાં ભારે ઊહાપોહ થયો હતો. સરકારી વ્યવસ્થાના અભાવને લીધે ૧૫ બાળકોનાં મોત થયાં. સંસ્થાએ આની માહિતી કુરાબડના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આપી તો ત્યાંથી ખૂબ જ તોછડાઈપૂર્ણ જવાબ મળ્યો. કહેવામાં આવ્યું કે, "આ રીતે તો ઘણા લોકો મરે છે. અમે કેટકેટલાનું ધ્યાન રાખીએ?" આ દુઃખદ પ્રસંગે સૌને ભારે સંવેદનશીલ બનાવી દીધા અને 'જાગરણ જન વિકાસ સમિતિ' એ 'ક્રાય'ના માધ્યમ દ્વારા વી.એચ.એ.આઈ.-દિલ્હી પાસે સહાય માગી. તેમણે જયપુરના આરોગ્ય વિભાગને તરત સહાય પૂરી પાડવા કહ્યું. ત્યારે લોકોને સારવાર મળી. આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓએ તપાસ કરી તો ગામના લોકોએ તેમને કહ્યું કે, "આ ગામમાં આજ સુધી કોઈ પણ ડૉક્ટર કે આરોગ્ય કાર્યકર પહોંચ્યા નથી."

આ રીતે દૂરના અંતરિયાળ અને પહાડી વિસ્તારોમાં આરોગ્ય સેવાઓથી વંચિત રહેવાને લીધે સગર્ભા સ્ત્રીઓ અને બાળકોનાં અકાળે મોત નીપજતાં સમિતિના કાર્યકર્તાઓએ જોયાં. ત્યારે અનેક પ્રકારના વિચારો મગજમાં વીજળીની જેમ ઝબક્યા. દા.ત. શહેરોમાં અંગ્રેજી દવાઓની દુકાનો પર વિદેશોમાં જેમના પર પ્રતિબંધ મુકાયેલો છે એ દવાઓ વેચવામાં આવે છે. પોતાનાં કમિશન અને ક્ષુલ્લક સ્વાર્થ માટે ડૉક્ટરો અને આરોગ્ય કાર્યકરો દ્વારા સીધા-સાદા ગ્રામજનોને નકામી ઢગલાબંધ દવાઓ અપાવાથી આડઅસરો જન્મે છે અને તેથી લોકોનાં મોત થાય છે અને બીજી ઘણી બીમારીઓ ફેલાય છે, મોંઘી દવાઓ અને ફીને નામે મોટી રકમ મેળવાય છે અને પૈસાના અભાવે ગરીબો આરોગ્ય સવલતોથી વંચિત રહી જાય છે.

એક સવાલ સ્વાભાવિક રૂપે જ મનમાં ઊઠે છે કે શા માટે નફો કમાવા માટે દવાઓને નામે બહુરાષ્ટ્રીય કંપનીઓ લૂંટ ચલાવે છે અથવા એલોપથીના દબાણમાં જીવવામાં આવે છે? શા માટે આપણે અંગ્રેજી દવાઓથી સારવાર કરનારા ડૉક્ટરો પર જ આધારિત થતા જઈએ છીએ? ડોક્ટરોની તો પ્રાથમિકતાઓ જ બદલાઈ ગઈ છે, તેમનું મુખ્ય ધ્યેય જ વધુ ને વધુ પૈસા કમાવાનું થઈ ગયું છે, તો પછી આપણે શા માટે આપણા ગૌરવપૂર્ણ ભૂતકાળ, પોતાની સભ્યતા, સંસ્કૃતિ અને પરંપરાગત જ્ઞાનને ભૂલતા જઈએ છીએ અથવા જાણીબૂજીને છોડી રહ્યા છીએ?

## ગુણીઓની શોધ અને ક્ષમતાવર્ધન

ઉપરોક્ત વૈચારિક મંથન પછી સંસ્થાના કાર્યકર્તાઓ પર્વતીય વિસ્તારોમાં રહેનારા સાધુ-સંતો અને દેશી જડીબુટ્ટીઓના વિશેષજ્ઞોની શોધ કરવા માંડ્યા ત્યારે તેમને ખબર પડી કે ગામડાંમાં આવા વિશેષજ્ઞો ઘણા છે અને તેઓ નિઃસ્વાર્થપણે લોકોની સારવાર કરે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને સમિતિના સાથીઓએ ગામે ગામે અને

ફળિયે ફળિયે જઈને એવા લોકો શોધી કાઢ્યા કે જેઓ સ્થાનિક જડીબુટ્ટીઓ અને અન્ય સાધનો દ્વારા લોકોના વિવિધ પ્રકારના રોગોની સારવાર કરતા હોય. આ નિષ્ણાતોમાં જડીબુટ્ટીઓ દ્વારા સારવાર કરવાની આશ્ચર્યજનક ક્ષમતા છે. એને ધ્યાનમાં રાખીને જ સંસ્થાએ એમનું નામ 'ગુણી' રાખ્યું છે.

સંસ્થાના સાથીઓએ ઉદયપુર જિલ્લાનાં અનેક ગામો, જંગલો અને પર્વતીય વિસ્તારોમાં વસનારા જડીબુટ્ટીના નિષ્ણાત સાધુ-સંતોનો સંપર્ક કર્યો ત્યારે તેમણે પોતાનું જ્ઞાન સ્પષ્ટ રીતે બતાવવાનો જ ઈન્કાર કરી દીધો અને કહ્યું કે, "અમે અમારા દ્વારા ઓળખાયેલી જડીબુટ્ટીઓ અને પોતાનું જ્ઞાન બીજાને બતાવતા નથી તથા ખુલ્લંખુલ્લા સારવાર પણ કરતા નથી. કારણ કે જો જાહેરમાં સારવાર કરીશું તો સરકાર અમારી પાસે પ્રમાણપત્ર માગશે અને હેરાન કરશે. જો અમે પોતાનું જ્ઞાન બીજાને બતાવી દઈશું તો અમારું જ્ઞાન જ ખતમ થઈ જશે."

ભવિષ્યમાં આ પદ્ધતિ ખલાસ થઈ જશે એવી માહિતી એમને અમે આપી અને તેમને સમજાવ્યું કે જો તમે આ જ્ઞાન કોઈને કહેશો નહિ તો એ તમારા મોતની સાથે જ જતું રહેશે અને આવનારી પેઢીઓ એનાથી વંચિત રહી જશે. ત્યાર પછી તેઓ પોતાનું જ્ઞાન અને સારવારની રીતો વિશે કહેવા તૈયાર થયા. ગુણીઓને વિશ્વાસમાં લઈને એમના જ્ઞાનનું સઘન અધ્યયન કર્યું તો ખબર પડી કે વર્તમાન સમાજમાં આ ગુણીઓ આરોગ્ય કાર્યકરના રૂપે પુનર્સ્થાપિત થઈ શકે છે અને એ રીતે આરોગ્ય સેવાનો એક વિકલ્પ ઊભો થઈ શકે છે. આને ધ્યાનમાં રાખીને સંસ્થાએ આ નિષ્ણાતોની ક્ષમતાઓના વિકાસ માટે નીચેના કાર્યક્રમો કર્યા:

**૧. ગુણીઓની કાર્યશાળા**

બે વર્ષના સતત પ્રયાસ પછી ૧૪થી ૧૬ જુન, ૧૯૯૧ દરમ્યાન એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. એમાં ૬૫ ગુણીઓ અને ૨૫ સ્વૈચ્છિક સંસ્થાઓએ ભાગ લીધો. તેમાં નીચેના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરાયું:

- જુદાં જુદાં સ્થળોએ રહેનારા ગુણીઓની સ્થિતિ અને તેમના ઉપચારની પદ્ધતિ.
- એમના કામની પરિસ્થિતિ અને તેમના પ્રત્યે સ્થાનિક લોકોનો દૃષ્ટિકોણ.
- એમની આજીવિકાનું સાધન.
- સ્થાનિક સ્તરે ઉપલબ્ધ જડીબુટ્ટીઓ.
- એમના જ્ઞાનની આદાન-પ્રદાનની પ્રક્રિયાઓ.
- પરંપરાગત આરોગ્ય સેવાઓની પુનર્સ્થાપનાની સંભાવના.

**તારણ:**

- ક્ષમતાવર્ધન માટે નિયમિત પ્રશિક્ષણ તથા રોગોપચાર શિબિરોનું આયોજન કરવામાં આવે.
- ગુણીઓના જ્ઞાનનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરવામાં આવે.
- નાના નાના વનસ્પતિ ઉદ્યાન બનાવાય.
- ગુણીઓ દ્વારા ઔષધાલયનું સંચાલન થાય.
- ગુણીઓ દ્વારા ઔષધ નિર્માણશાળાનું સંચાલન થાય.
- જડીબુટ્ટીઓનાં બિયારણનો સંગ્રહ કરાય.
- જડીબુટ્ટી ખેત અને સંશોધન કેન્દ્રની સ્થાપના કરવી.

**૨. પ્રાંતીય ગુણી સંમેલન**

૨૨થી ૨૪ ફેબ્રુઆરી ૧૯૯૩ દરમ્યાન એક પ્રાંતીય ગુણી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. તેમાં તમામ પ્રકારની ચિકિત્સા પદ્ધતિઓના ૨૦૦ ગુણીઓએ ભાગ લીધો. તેમાં સઘન ચર્ચા દરમ્યાન જે મુદ્દાઓ ઉપસ્થિત થયા તે નીચે મુજબ છે:

૧. ભારતમાં અનાદિ કાળથી ચાલી આવતી પરંપરાગત ચિકિત્સા પદ્ધતિ બિલકુલ અવૈજ્ઞાનિક નથી. પણ સૈદ્ધાંતિક રીતે અને પરીક્ષણની રીતે તે સંપૂર્ણ સાચી ઠરી છે. આ પદ્ધતિની એક ખાસ વિશેષતા એ છે કે આ પદ્ધતિથી બનતી દવાઓની આડઅસર થતી જ નથી.
૨. છેલ્લાં ૩૦-૪૦ વર્ષો દરમ્યાન જંગલોનો મોટા પ્રમાણમાં નાશ થયો છે. સાથે જ જંગલોમાં ઊગનારી જડીબુટ્ટીઓ પણ લુપ્ત થતી દેખાય છે. પર્યાવરણની દૃષ્ટિએ જંગલોમાં વનસ્પતિ ઉગાડવી આવશ્યક છે. માનવ કલ્યાણના હેતુ માટે પર્યાવરણીય સંતુલન જાળવી રાખવાની આવશ્યકતા ઊભી થઈ છે અને વનસ્પતિઓ તથા જડીબુટ્ટીઓનું પ્રચુર માત્રામાં વાવેતર કરવાની જરૂર છે.
૩. જે ગુણી ચિકિત્સા કાર્ય કરી રહ્યા છે તેમને સમાજમાં વિશિષ્ટ સ્થાન મળવું જોઈએ અને સરકાર દ્વારા તેમને માન્યતા અપાવવાના પ્રયાસ પણ કરવા જોઈએ.

**૩. પ્રશિક્ષણ કાર્યક્રમ**

ગુણીઓની ક્ષમતાઓ અને કુશળતાઓને વિકસાવવા માટે ૧૦-૧૦ દિવસની તાલીમ શિબિર ત્રણ તબક્કામાં કરવાનો નિર્ણય લેવાયો. તેની વિગતો નીચે મુજબ છે:

**પ્રથમ તબક્કો**

આ તબક્કામાં ગુણીઓનો પરિચય થાય અને તેમનું જ્ઞાન આદાન-પ્રદાનની પ્રક્રિયા દ્વારા બતાવાય છે. એ ઉપરાંત નીચેના મુદ્દાઓ વિશે ચર્ચા થાય છે:

- ગુણીઓની સમાજમાં ભૂમિકા.
- પરંપરાગત ચિકિત્સા પદ્ધતિને સમાજમાં પુનર્સ્થાપિત કરવી.
- મહિલાઓ અને બાળકોને થતા રોગોનાં કારણો અને નિવારણ.
- પશુઓની બીમારીઓ થતી રોકવી અને ઉપચાર.
- પર્યાવરણ અને આરોગ્ય વચ્ચેનો સંબંધ.
- પરંપરાગત આરોગ્ય પદ્ધતિ અને અન્ય પદ્ધતિઓનું વિશ્લેષણ.

• એલોપથિક દવાઓની આડ અસર અને પ્રતિબંધિત દવાઓની જાણકારી.
• બીમારીઓ પેદા ન થાય તે માટે માહિતી આપવી.

**બીજો તબક્કો**
આ તબક્કામાં જંગલમાં ગુણીઓના પરિભ્રમણનો કાર્યક્રમ રાખવામાં આવે છે. તેમાં જડીબુટ્ટીઓ ઓળખવામાં આવે છે અને શોધવામાં



જડીબુટ્ટીનું એકત્રીકરણ

આવે છે. ગુણીઓ એમને કયા નામથી ઓળખે છે અને કયા રોગમાં તેનો ઉપયોગ થાય છે અને કઈ દવા કેટલી માત્રામાં આપવામાં આવે છે એની જાણકારીનું આદાન-પ્રદાન કરવામાં આવે છે.


**ત્રીજો તબક્કો**
પ્રશિક્ષણના આ તબક્કામાં ઔષધ નિર્માણની પ્રક્રિયા દર્શાવવામાં આવે છે. તેમાં દરેક ગુણી પોતપોતાની દવાઓ બનાવે છે. એમાં કઈ જડીબુટ્ટી કઈ માત્રામાં નાખીને કઈ રીતે દવા બનાવાય છે તથા કઈ બીમારીમાં કેટલી માત્રામાં અને કયા સમયે એ અપાય છે વગેરેના જ્ઞાનનું આદાન-પ્રદાન કરવામાં આવે છે. તે પછી ગુણીને એક કિટ આપવામાં આવે છે. તે કિટમાં પ્રાથમિક સારવારની સામગ્રી હોય છે. એ ઉપરાંત પાંચ-પાંચ દિવસના બે પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવે છે. પ્રથમ શિબિર ‘જાગરણ જન વિકાસ સમિતિ’ના વિસ્તારમાં રાખવામાં આવે છે અને બીજો શિબિર સ્થાનિક સ્તરે સહભાગીઓના વિસ્તારમાં યોજવામાં આવે છે. પાંચ દિવસનો શિબિર પણ ૧૦ દિવસના શિબિરના ઉદ્દેશો અને વિષય વિશે જ રાખવામાં આવે છે.

એ ઉપરાંત, સમયે સમયે જે તે વિસ્તારમાં ફેલાતી બીમારીને રોકવા માટે પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવે છે. તેમાં ઋતુગત રોગોને રોકવાની અને તેમની સારવારની જાણકારી આપવામાં આવે છે. સાથે જ આવશ્યકતાનુસાર દવાઓ બનાવવાની અને ચ્યવનપ્રાશ બનાવવાની તાલીમ પણ અપાય છે.

**૪. રોગોપચાર શિબિર**
જે તે વિસ્તારમાં થતા રોગોને રોકવા માટે શિબિરોનું આયોજન કરવામાં આવે છે. તેમાં રોગીને ૧૫ દિવસની દવા આપવામાં આવે છે અને ૨૦ દિવસ પછી અનુવર્તી શિબિર રાખવામાં આવે છે. એમાં સારવારની સફળતા અને દવાઓની અસરની માહિતી મેળવાય છે અને આગળના સમય માટે દવાઓ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં રાજસ્થાનમાં ચિત્તોડગઢ, બાંસવાડા, ડુંગરપુર, રાજસમંદ, ઉદયપુર, ભીલવાડા, ભરતપુર, અલવર, જયપુર વગેરે જિલ્લાઓમાં તથા દિલ્લીમાં રોગોપચાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં દમ, શ્વેત પ્રદર, રક્ત પ્રદર, મસા, ચામડીના રોગ, વાત રોગ, ઝાડા-ઊલટી, પેટમાં દુઃખાવો, આંખમાં દુઃખાવો, કાનમાં દુઃખાવો, દંતશૂળ, ખાંસી અને તાવ વગેરે રોગોની સારવાર ગુણી દ્વારા જ તૈયાર કરાતી દવાઓ મારફતે કરવામાં આવી. અત્યાર સુધીમાં આવા ૪૨૩ શિબિરોમાં ૧,૫૬,૪૭૫ સ્ત્રીઓ, પુરુષો અને બાળકોની સારવાર કરવામાં આવી છે.

**૫. ઔષધાલય**
ઉદયપુર જિલ્લાના વલી, જાવદ, જયસમંદ, બાંસવાડી, બૈડા, રોડદા, બારા, ખેરવાડા, જયપુર જિલ્લાના રામનગર, ભીલવાડા જિલ્લાના શાહપુરા, પ્રતાપપુરા, બાંસવાડા જિલ્લાના ઘાટોલ, ડુંગરપુર જિલ્લાના સાબલા, છાપી, રાજસમંદ જિલ્લાના સાયરા, ચિત્તોડગઢ જિલ્લાના ડુંગલા તથા અલવર જિલ્લાના કરણપુરા ગામોમાં ગુણીઓ દ્વારા બનાવાયેલી દવાઓનાં ઔષધાલયોનું સંચાલન કરવામાં આવે છે.આવાં ૧૭ ઔષધાલયોમાં આજ સુધીમાં ૮૫,૫૬૩ સ્ત્રીઓ, પુરુષો અને બાળકોની સારવાર કરવામાં આવી છે. આ ઔષધાલયોમાં ગુણી નિર્ભયપણે આત્મવિશ્વાસ સાથે દર્દીઓની સારવાર કરે છે.

**૬. ગુણી પત્રિકા પ્રકાશન**
ગુણી દ્વારા થતાં કાર્યોને વેગ આપવા માટે તેમ જ તેમનો લાભ આમ જનતા સુધી પહોંચાડવા માટે જુલાઈ-૧૯૯૩થી ‘ગાંવકા ગુણી’ નામે



ઔષધાલયો

એક ત્રિમાસિક પત્રિકાનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં તેના ૧૬ અંક પ્રકાશિત થઈ ચૂક્યા છે.

**૭. ધનવંતરિ દિન**

પ્રાણીમાત્રને રોગમુક્ત તેમ જ દીર્ઘાયુ બનાવવા માટે જન્મેલા ભગવાન ધનવંતરિના પ્રાગટ્યદિન ધનતેરશે ધનવંતરિ દિનના સમારંભનું આયોજન કરવામાં આવે છે. આ સમારંભમાં ગ્રામ વિસ્તારમાં પ્રાપ્ય જડીબુટ્ટીઓના સંશોધન ઉપર ભાર મુકાય છે તથા ગુણીઓ તેમ જ જડીબુટ્ટીઓના ઉપચાર પ્રત્યે લોકોમાં વિશ્વાસ ઊભો કરવાના હેતુ સાથે રાજ્યના જુદા જુદા વિસ્તારોના ગુણીજનો ભાગ લે છે અને પોતપોતાના અનુભૂત નુસ્ખાઓનું નિદર્શન કરે છે અને બીજે દિવસે સવારે હવનયજ્ઞ પછી ગુણીજન પોતપોતાના હાથમાં જડીબુટ્ટીઓના ઉપયોગો દર્શાવતી તકતીઓ લઈને શહેરમાં સૂત્રો પોકારતા સરઘસાકારે ફરે છે.

**૮. ફાર્મસી**

દવાઓ તૈયાર કરવા માટે જડીબુટ્ટીઓને કૂટવાની, પીસવાની અને દવાઓનું પેકિંગ કરવાની કામગીરી કરનારી એક નાની ફાર્મસી ઊભી કરવામાં આવી છે. તેમાં ગુણી તેમ જ વૈદ્યોની દેખરેખ હેઠળ દમ, ખસ, શ્વેત તેમ જ રક્ત પ્રદર, મસા, આંખ-કાનના રોગો, સર્પદંશ વગેરે બીમારીઓ માટે તેલ, ચૂર્ણ, કાઢો વગેરેનું ઉત્પાદન કરવામાં આવે છે.

**૯. ગુણી ભ્રમણ**

ગુણીઓનું જ્ઞાન તથા કુશળતા વધારવા, સતેજ કરવા તેમ જ નવી જાણકારીઓ અને પદ્ધતિઓ વિશે તેમને માહિતી આપવા માટે દર વર્ષે એક વાર તેમના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવે છે.

**૧૦. દસ્તરોગ કાર્યશાળા**

તા.૬-૭/૬/૧૯૯૪ના રોજ ઝાડા અંગે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં ગિર્વી, ગોગુંદા, સલુંબર, સરાડા, ખેરવાડા તેમ જ ઝાડોલ તાલુકાના ૫૦ ગુણીઓએ ભાગ લીધો. તેના ઉદ્દેશો નીચે મુજબ હતા:

- દસ્તરોગ નિયંત્રણ અંગેની ગુણીઓની કુશળતા વધારવી.
- જીવનરક્ષક ઓ.આર.એસ. ઘેરે ઘેરે પહોંચાડવી અને ગુણીઓનો સહયોગ તે માટે પ્રાપ્ત કરવો.

**૧૧. પત્રકાર પરિષદ**

ગુણીઓનાં જ્ઞાન અને કાર્યના પ્રસાર-પ્રચારની સાથે સાથે ગુણીઓની ઓળખ વધારવાના હેતુ સાથે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું. તેમાં ઉદયપુરના તમામ પત્રકારોએ ભાગ લીધો. તેમણે ગુણીઓને આ પ્રકારના પ્રશ્નો પૂછ્યા: તેઓ ક્યારથી કામ કરે છે, ક્યા રોગની સારવાર કરે છે, કોની પાસેથી આ વિદ્યા શીખી છે, કઈ કઈ જડીબુટ્ટીઓનો ઉપયોગ કરે છે અને અત્યાર સુધીમાં કેટલા રોગીઓની સારવાર કરવામાં આવી છે. ગુણીઓએ આ પ્રશ્નોના જવાબ ખૂબ જ આત્મવિશ્વાસપૂર્વક આપ્યા.

**૧૨. ધર્મ ઉદ્યાન**

૧૯૯૩માં કેવડાની નાળમાં વનૌષધિ શોધ પ્રશિક્ષણ શિબિર રાખવામાં આવ્યો. તેમાં તમામ ગુણીઓએ એવો નિર્ણય કર્યો કે દુર્લભ જડીબુટ્ટીઓના રક્ષણ માટે અને રોજેરોજ જે જડીબુટ્ટીઓ કામમાં આવે છે તેમના જતન માટે એક નાનકડો બગીચો હોવો જોઈએ. તેનાથી હજારો લોકોની સારવાર થશે. તે એક ધાર્મિક કાર્ય છે. એટલે એ બગીચાને 'ધર્મ ઉદ્યાન' કહીશું. હાલ આવા નાના ૧૫ 'ધર્મ ઉદ્યાન' અને ૪ મોટા 'વનસ્પતિ ઉદ્યાન'નું સંચાલન કરવામાં આવે છે.

**૧૩. દવાઓની નોંધણી**

ગુણી દ્વારા ઉપયોગમાં લેવાતી દવાઓનું પરીક્ષણ તેમ જ શોધ કરવા રાજસ્થાન આયુર્વેદ નિદેશાલયમાં નોંધણી કરવામાં આવી. તેમાં દમ, શ્વેત પ્રદર, રક્ત પ્રદર, મસા, તાવ વગેરે બીમારીઓની દવાઓ તથા ચ્યવનપ્રાશનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આંખનાં દર્દો, નાસૂર વગેરે માટેની દવાઓ અને ચા વગેરેની નોંધણી માટે અરજી કરવામાં આવી છે.

**૧૪. વનૌષધિ સંગ્રહાલય**

ઉદયપુર જિલ્લાના વન વિસ્તારોની ૬૦ કુળની ૨૧૧ જડીબુટ્ટીઓ એકત્રિત કરીને તેમનું એક સંગ્રહાલય બનાવવામાં આવ્યું છે. આના દ્વારા કોઈ પણ વિસ્તારની વનૌષધિઓને ઓળખી શકાય છે.

## ગુણી પરંપરાના પુનર્જીવન માટે કેટલાક ઉપાય

ગુણી પરંપરાના પુનર્જીવન માટે નીચે કેટલાક ઉપાય દર્શાવ્યા છે:

૧. ગુણી પરંપરા આ પેઢીની સાથે સંપૂર્ણતયા લુપ્ત ન થઈ જાય તે માટે ગુણીઓએ શિષ્યો બનાવવા જોઈએ. એ રીતે ગુણીઓનું જ્ઞાન ભાવિ પેઢીઓને કામ આવતું રહેશે અને ચિકિત્સા પદ્ધતિ બંધ પણ નહિ પડે.

૨. ગુણીએ સારવાર પેટે કંઈક મહેનતાણું તો લેવું જ જોઈએ. એમની વણસતી જતી આર્થિક સ્થિતિમાં એ સહાયરૂપ પણ થશે અને તેમનો ઉત્સાહ પણ ટકી રહેશે.

૩. લોકોમાં ઔષધીય જ્ઞાન પ્રત્યે રુચિ અને સન્માન પેદા કરવા માટે વિશેષ શૈક્ષણિક પ્રયાસોની જરૂર છે. એ તો જ શક્ય બને જો વધુ ને વધુ લોકો પશ્ચિમી ચિકિત્સા પ્રણાલી પ્રત્યે વધારે સજાગ બને અને પોતાની કમાણી તથા શરીર નકામી દવાઓ પાછળ ખર્ચી ના નાખે. ગ્રામ સ્તરે આરોગ્ય શિક્ષણ અને ચેતના પારંપરિક ચિકિત્સા પદ્ધતિઓને પુન:સ્થાપિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

૪. વનો બેફામપણે કપાય છે તેથી દવાઓની પ્રાપ્યતા ઘટે છે અને ગુણી પરંપરા ક્ષીણ થવાનું તે એક મહત્ત્વનું કારણ છે. વિશેષ પ્રયાસો દ્વારા જડીબુટ્ટીઓની નર્સરી તથા બગીચા બનાવવાની ભારે આવશ્યકતા છે કે જેથી ગુણીઓને જરૂરી સામગ્રી મળી રહે. જે જડીબુટ્ટીઓનો ઉપયોગ અવારનવાર થાય છે તે પૂરતી માત્રામાં જો ગુણીઓ પાસે હોય તો દર્દીઓએ નિરાશ થઈને પાછા ન જવું પડે અને જરૂર પડે ત્યારે દવા મળી રહે.

૫. મોટા ભાગના ગુણી અમુક બીમારીઓની સારવારમાં જ સિદ્ધહસ્ત હોય છે. અનેક એવી સાધારણ બીમારીઓ હોય છે કે જેમની સારવાર તેઓ કરી શકતા નથી. જો એમના જ્ઞાનમાં વધારો થાય અને તે માટે યોગ્ય વ્યવસ્થા થાય તો તેમની કળા અને તેમની ભૂમિકા વધારે શ્રેષ્ઠ બનશે. એ માટે ગુણીઓમાં પારસ્પરિક આદાન-પ્રદાન થાય એ ખૂબ જરૂરી છે. એક ગુણી પોતાનું વિશેષ જ્ઞાન ગુપ્ત ન રાખે પણ બીજા ગુણી સાથે વહેંચે તો તે સમાજોપયોગી સિદ્ધ થાય. બીજી તરફ, ગુણીઓને આયુર્વેદિક પદ્ધતિની તાલીમ અપાય તો એમના જ્ઞાનમા ઇચ્છનીય વૃદ્ધિ થાય એમ બને. ગુણીઓની વધતી સમર્થતાથી લોકો પ્રભાવિત થશે અને આરોગ્ય જાળવવા માટે તેમના સુધી પહોંચશે.

૬. પશ્ચિમી ચિકિત્સા પદ્ધતિ સાથે સંકળાયેલાં મેડિકલ કોલેજો, ડૉક્ટરો અને આરોગ્ય ક્ષેત્રના કર્મશીલોમાં આપણા દેશની ચિકિત્સા પરંપરા વિશેની સમજ અને રુચિ પેદા કરવાં જોઈએ.

૭. લુપ્ત થતી ઔષધિઓ અને જડીબુટ્ટીઓના સંરક્ષણ માટે સંશોધન અને વનીકરણની વ્યવસ્થા કરવી જોઈએ.

૮. ગુણીઓ વિશેની માહિતી પંચાયત સ્તરે એકત્ર કરવી જોઈએ. ગુણીઓ અને તેમની વિશેષતાઓ વિશે એક ડિરેક્ટરી તૈયાર કરવામાં આવી શકે છે.

૯. મહિલાઓના અનેક રોગો પુરુષ ગુણીઓની પહોંચથી બહાર હોય છે. મહિલા ગુણીઓની સંખ્યામાં વધારો થવો જોઈએ કે જેથી મહિલાઓને તેનો વધુમાં વધુ લાભ મળી શકે.

### ૧૫. બીજ બૅંક

જડીબુટ્ટીઓનું રક્ષણ કરવા માટે તેમ જ લુપ્ત થતી જતી વનૌષધિઓને ફરીથી ઉગાડવા માટે લગભગ ૧૫૦ વનૌષધિઓના છોડનું બિયારણ એકત્રિત કરવા માટે બીજ બેંક સ્થાપવામાં આવી છે.

### ૧૬. ગુણીઓના નુસ્ખા

ગુણીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી જડીબુટ્ટીઓના વિવિધ રોગોની સારવાર માટેના નુસ્ખાનો અભ્યાસ કરવા એ જડીબુટ્ટીઓનાં નામ, સ્થાનિક નામ, માત્રા, બનાવવાની રીત અને પરહેજીની માહિતી ગુણીઓ પાસેથી પ્રાપ્ત કરીને 'ગુણિયોંકા ખજાના' નામક એક પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. પરંપરાગત સ્વાસ્થ્ય ચિકિત્સાના જ્ઞાનને આગળ વધારવા માટે નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે: **૧.** ગુણિયોંકા ખજાના, **૨.** ગુણી પરિચય પુસ્તિકા, **૩.** અરાવલી વનૌષધિયોંકે પારંપરિક ઉપયોગ, **૪.** ગુણી દર્શન.

### ૧૭. પશુ ચિકિત્સા

છેલ્લાં ૪ વર્ષથી પશુ ચિકિત્સાને પણ પરંપરાગત ચિકિત્સા કાર્યક્રમમાં જોડીને જડીબુટ્ટીઓથી પશુઓની સારવાર કરતા ગુણીઓ શોધવામાં આવ્યા. આ કાર્યક્રમ અન્વયે પશુ સારવાર શિબિરોનું આયોજન કરવામાં આવે છે. તેમાં પશુઓની ઓલાદ સુધારવા માટે કૃત્રિમ ગર્ભાધાન તેમ જ અસાધ્ય રોગોથી બચવા માટે રસીકરણ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં આવા ૫૨ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે અને ૨૫૫૨ ઢોરની સારવાર કરાઈ છે.

### ૧૮. પ્રદર્શન

પરંપરાગત સ્વાસ્થ્ય પદ્ધતિના પ્રચાર-પ્રસાર માટે ગુણીઓ દ્વારા થઈ રહેલાં આ કામોનું એક પ્રદર્શન તૈયાર કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન વિવિધ કાર્યક્રમોમાં દર્શાવવામાં આવે છે.

# આદિવાસીઓમાં લુપ્ત થઈ રહેલી પરંપરાગત જડીબુટ્ટીવિદ્યા

**શ્રી કનુભાઈ યોગી** પાટણ જિલ્લાના મણુંદમાં કાર્યરત 'રાવળ-યોગી ઉત્તેજક મંડળ' સાથે જોડાયેલા છે. તેમણે સાબરકાંઠાના આદિવાસી વિસ્તારમાં ફરીને, લોકવૈદ્યોને મળીને આ લેખ તૈયાર કર્યો છે. આ લેખ ચરખા-ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન નેટવર્ક(ગુજરાત) દ્વારા આયોજિત લેખન સ્પર્ધા, ૧૯૯૮માં તૃતીય પુરસ્કાર વિજેતા કૃતિમાંથી સંપાદિત કરવામાં આવ્યો છે.

આજે સહેજ માથું દુખતું હોય કે આંખ ફરકતી હોય તો લોકો તરત જ ડૉક્ટર પાસે દોડી જતા હોય છે અને આપણા સેવાભાવી ડૉક્ટરો પણ તેમને તરત જ ઈન્જેકશનો આપીને કે દવાઓનું લાંબું લચ પ્રિસ્ક્રિપ્શન લખી આપી પોતાનું ખિસ્સું ભારે કરી લેતા હોય છે. આ એક સામાન્ય ઘટના છે. આનાથી વિરુદ્ધ આજે પણ વિલાયતી દવાઓથી સો જોજન દૂર રહીને માત્ર સામાન્ય જ નહીં પરંતુ હઠીલા રોગોને પણ જંગલ વિસ્તારમાં રહેતા આદિવાસી લોકવૈદ્યો એક પૈસાનોય ખર્ચ લીધા વિના માત્ર જડીબુટ્ટીઓનો ઉપયોગ કરી સહેલાઈથી દૂર કરે છે.

**લોકવૈદ્યોનો ભૌગોલિક પરિવેશ:**
ભારતના વન વિસ્તારમાં વસતા અનુસૂચિત જનજાતિનાં ક્ષેત્રોમાં વનસ્પતિઓના ઔષધીય ઉપચારો જાણનારા અસંખ્ય લોકવૈદ્યો મળી આવે છે. ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ અને ડાંગની પટ્ટીના આદિવાસી વિસ્તારોમાં, જૂનાગઢ જિલ્લાના ગીર અને બરડા ક્ષેત્રમાં તેમ જ કચ્છમાં પણ જડીબુટ્ટીના જાણકારો હોવાનું જણાયું છે.

ગુજરાત અને રાજસ્થાનને જોડતી અરવલ્લીની પર્વતમાળા દુનિયાની ખૂબ જ જૂની પર્વતમાળા છે. આ પર્વતમાળાની ઓથમાં સાબરકાંઠા જિલ્લાનો ઉત્તર તરફનો ભાગ આવેલો છે. પોશિના, મામાપીપળા, કોટડા, લાંબડિયા, ખેરોજ, આતરસુંબા, વિજયનગર જેવા જંગલ વિસ્તારોમાં રહેતા આ જિલ્લાના આદિવાસી લોકવૈદ્યો આપણા શહેરી આયુર્વેદ ભણેલા વૈદ્યો અને એલોપથીના ડૉક્ટરો કરતાં પણ અસરકારક એવા વનૌષધીય ઉપચારો જાણે છે તથા તેનું પ્રત્યક્ષ પરિણામ પણ લાવી બતાવે છે. જંગલની જડીબુટ્ટીઓને જાણનારા આવા લોકવૈદ્યો બનાસકાંઠાના દાંતા તાલુકામાં અને આબુ રોડ વિસ્તારમાં પણ પોતાની સેવાઓ આપતા માલૂમ પડ્યા છે. ડાંગ જિલ્લામાં તો આવા ભગતો(લોકવૈદ્યો)નો કોઈ પાર નથી.

આ આદિવાસી લોકવૈદ્યો પોતે ખેતી અને પશુપાલન દ્વારા સામાન્ય આદિવાસીની જેમ જ પોતાનું ગુજરાન ચલાવે છે. વળી, તેઓ સભ્ય સમાજથી દૂર રહેતા હોઈ શહેરી માણસોથી થોડોક ડર અને સંકોચ અનુભવતા હોય છે. દેશી વનસ્પતિઓ પરના તેમના પરંપરાગત ઉપયોગો વિશે તેમને પૂછીએ તો કદાચ તેઓ જાણકારી ન પણ આપે એવું પણ બને. આ માટે તેમને ખૂબ વિશ્વાસમાં લઈએ તો સાચી જાણકારી જરૂર આપે છે.

આજની જીવનશૈલી અને માન્યતાઓ બદલાઈ ગઈ છે. એનું સીધું પરિણામ એ આવ્યું છે કે જડીબુટ્ટી વિદ્યા જેવી અનેક લોકવિદ્યાઓ આજે કાં તો લુપ્ત થવા પામી છે અગર તો લુપ્ત થવાના આરે ઊભી છે. જડીબુટ્ટીના જાણકારો વૃદ્ધ થઈ ગયા હોવાથી તેમ જ તેમની જાણકારી તેઓ પોતાના વારસદારોને પણ સહેલાઈથી બતાવતા ન હોઈ જંગલી જડીબુટ્ટીઓના ઔષધીય ઉપચારો અંગેની આ વિદ્યા ભૂંસાઈ જવાની તૈયારીમાં છે.

ઉત્તર ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થા 'રાવળયોગી ઉત્તેજક મંડળ (રિયમ)' દ્વારા પ્રાચીન લોક પરંપરાઓ અને લુપ્ત થતી લોકવિદ્યાઓના જતન માટે એક ખાસ મોડેલ વિસ્તાર તરીકે સાબરકાંઠાને પસંદ કરી અભ્યાસ કરવાનો નવીન પ્રયોગ હાથ ધરવામાં આવ્યો. આ અભ્યાસ દરમ્યાન જડીબુટ્ટીઓના અવનવા પ્રયોગોની દુનિયામાં પ્રવેશ કરવાનો અને તે અંગેના અવનવા અનુભવોમાંથી પસાર થવાનો મોકો મળ્યો.

**લોકવૈદ્યોની દુનિયા:**
સામાન્ય રીતે આદિવાસી સમાજ પોતાની મસ્તીમાં રહેનારો, સખત મહેનત કરનારો અને કષ્ટભરી જિંદગીથી ટેવાયેલો મનમોજી વર્ગ છે. તે ઉત્સવો અને મેળામાં મન ભરીને આનંદ મેળવી લે છે. શહેરી જીવન કે શહેરી સભ્યતાથી તે દૂર હોય છે. તબિયત બગડે તો ગણકારે નહીં. પણ ચાલે તેમ ન હોય તો પોતાના જ ગામના કે નજીકના ગામનાં ઝાડી કે વંશી(વનસ્પતિ)ની દવા કરનાર લોકવૈદ્ય, કે જે ક્યાંક ભોપો અથવા ભગતના નામે પણ ઓળખાય છે, તેની પાસે જાય છે. તેનાથી ન મટે તો બાધા-આખડીનો પણ આશરો લે છે અને છેક છેલ્લા ઉપાય તરીકે ડૉક્ટર પાસે જાય છે.

વાઘા વિરમા બેગડિયા

લોકવૈદ્યોમાં પણ આધુનિક તબીબીશાસ્ત્રની વિવિધ શાખાઓની જેમ વિવિધ રોગો પરના વિશેષજ્ઞ ચિકિત્સકો હોય છે. તેમાં મુખ્યત્વે ચામડીના રોગો, દાઝવું, દંતરોગ, સુવાવડ અને સ્ત્રીઓનાં દર્દ, શરીરની અંદરનાં દર્દ, વા, જનાવર કરડવું, બાળકોના રોગો ઉપરાંત પશુઓના રોગો માટેના ખાસ જાણકાર લોકવૈદ્યો હોય છે. અલબત્ત, કોઈ પણ રોગના વિશેષજ્ઞ લોકવૈદ્ય સામાન્ય એવા તમામ રોગોની સારવાર પણ કરતા જ હોય છે.

અહીંનાં જંગલોમાંથી અવનવી વનસ્પતિઓ મળી આવે છે જેના સેવનથી શ્રેષ્ઠ આરોગ્ય મેળવી શકાય છે. આ વિસ્તારમાં વસતા આદિવાસીઓ રોજ-બ-રોજ આ વનસ્પતિઓનો ઉપયોગ પણ કરતા હોય છે. આ કારણે તેઓને સામાન્ય રોગોમાં તો વૈદ્યકીય સારવારની બિલકુલ જરૂર પડતી નથી પરંતુ ઘણા હઠીલા રોગોને પણ વનસ્પતિજન્ય ઉપચારો વડે જંગલવાસી આદિવાસીઓ દૂર ભગાડી મૂકે છે. મોટા ભાગના આધુનિક ડૉક્ટરો આ જડીબુટ્ટીઓના ઉપયોગને અવિશ્વાસની નજરે જુએ છે, જેમ દોરા-ધાગા અને ભૂવાના સંદર્ભમાં આજના આધુનિક માનવીઓને વિશ્વાસ નથી બિલકુલ તે રીતે જ. જંગલના આદિવાસી લોકવૈદ્યો તો નાનામાં નાના છોડને જોઈ કહી આપે છે કે તેના ગુણધર્મ કયા કયા છે અને કયા રોગમાં તેનો ઉપયોગ કરી શકાય છે. આયુર્વેદશાસ્ત્રમાં જંગલની વનસ્પતિઓને જે મહત્ત્વ આપવામાં આવ્યું છે તેનાથી આ લોકવૈદ્યો અજાણ છે. પણ તેમની પાસે વનસ્પતિના સંદર્ભમાં જે જ્ઞાન છે તે વિજ્ઞાનીઓ પાસે પણ નથી. વનવાસીઓને તો વનસ્પતિઓમાં એટલો બધો દૃઢ વિશ્વાસ હોય છે કે તેઓ કોઈ પણ જાતના રોગમાં બીજી દવા વાપરવાના બદલે જંગલની ઔષધિઓ પર વધુ આધાર રાખે છે. આવી આ અદ્‌ભૂત જડીબુટ્ટીવિદ્યા લુપ્ત થવાની અણી પર આવવાનાં કારણો તપાસવાનો 'રીયમે' પ્રયત્ન કર્યો છે.

### જડીબુટ્ટીવિદ્યા નાશ થવાનાં કારણો:

અમે જોયું કે, બધાં જ આદિવાસી ગામોમાં વનસ્પતિઓના ઔષધીય ઉપયોગો જાણનારા લોકવૈદ્યો હોતા નથી. ૨ કે ૩ ગામો વચ્ચે કે ક્યારેક ૫-૧૦ ગામો વચ્ચે એકાદ લોકવૈદ્ય વૈદું કરતો હોય છે. કોઈક ગામમાં એક કરતાં પણ વધુ લોકવૈદ્યો મળી આવે છે. એક લોકવૈદ્યને બીજા લોકવૈદ્ય સાથે કોઈ ખાસ સંપર્ક કે સમન્વય હોતો નથી. સૌ પોતપોતાની રીતે જડીબુટ્ટીની સારવાર આપતા હોય છે. આ વિદ્યા લુપ્ત થવાનાં કારણોમાં સૌથી પ્રથમ કારણ એ છે કે જેટલા આદિવાસી લોકવૈદ્યો સાબરકાંઠા જિલ્લામાં છે તેમાંના ૭૫ ટકા લોકવૈદ્યો ૬૦ વર્ષથી ઉપરના અને ૨૦ ટકા લોકવૈદ્યો ૭૦-૭૫ કે તેથી વધુ વયના છે. એટલે કે ૯૫ ટકા લોકવૈદ્યો ૬૦ વર્ષથી વધુ ઉંમરના છે. જ્યારે બાકીના ૫ ટકા ૪૦થી ૬૦ વર્ષની વય વચ્ચેના છે. ૨૫થી ૩૫ વર્ષની વયનો લોકવૈદ્ય શોધ્યે જડતો નથી. આમ, આ લોકવિદ્યા લુપ્ત થવાનું એક કારણ એ ગણાવી શકાય કે ૯૫ ટકા લોકવૈદ્યો વૃદ્ધ છે અને આ વૃદ્ધત્વના કારણે દૂરદૂરના ડુંગરો, નદીઓ કે જંગલની ખીણો, શિખરો પરથી જડીબુટ્ટીઓ લાવી શકતા નથી. કારણ કે જંગલની જડીબુટ્ટીઓ મેળવવા માટે જંગલોમાં ખૂબ જ રખડવું પડતું હોય છે. ક્યારેક રાતવાસો પણ કરવો પડે તેમ જ પર્વતારોહણ પણ કરવું પડે તથા ૫-૧૦ કે ૨૦ કિમી સુધી પગે ચાલવું પડતું હોય છે. જડીબુટ્ટીઓ સહેલાઈથી મળતી નથી. જોઈતી વનસ્પતિ નજીકના જંગલમાંથી ન મળી આવે તો દૂર-દૂરનાં જંગલોમાં અને ટેકરીઓ પર વનસ્પતિ શોધવા જવું પડે છે.

લખમા ભીમા અંગારી

આ લોકવિદ્યા લુપ્ત થવાનું બીજું કારણ જંગલોમાંથી જડીબુટ્ટીઓનો થયેલો વિનાશ કે તેનું ઘટેલું પ્રમાણ ગણાવી શકાય. ત્રીજું અને મહત્ત્વનું કારણ અમને એ જણાયું કે લોકવૈદ્યોએ તેમની આ વિદ્યાનું જ્ઞાન કોઈ અન્યને આપ્યું નથી, પોતાનાં સંતાનોને પણ નહીં. હડાદથી અંબાજી વચ્ચેના ગેનાપીપલી ગામના વયોવૃદ્ધ લોકવૈદ્ય વાઘાને અમે પૂછ્યું કે શા માટે તમે તમારાં સંતાનોને આ વિદ્યા શીખવાડતા નથી? તો તેમણે જણાવ્યું કે "અમને કોઈએ શીખવ્યું નથી. અમે અમારા ગુરુ પાસે રહ્યા અને તેઓ જે જે વનસ્પતિ વાપરતા તે અમે જોતા અને યાદ રાખતા. આમ અનુભવથી અમે શીખ્યા. આ વિદ્યા શીખવાડ્યે આવડે નહીં. અનુભવ લેવો પડે. છોકરાંને શીખવું હોય તો અમારી સાથે રહેવું પડે. અમે જે દવાઓ કરીએ, જે જડીબુટ્ટીઓ લાવીએ તે જોવી-સમજવી પડે. વનસ્પતિઓમાંથી કઈ કઈ દવાઓ બને અને તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેની પૂરતી જાણકારી મેળવવી પડે. આજનાં છોકરાંને તે માટે કોઈ સમય કે શીખવા માટેની તૈયારી નથી તેથી અમે શીખવતા નથી, છતાં જે તત્પરતા બતાવે છે તેને જરૂર શીખવાડીએ છીએ."

કેટલાક લોકવૈદ્યો તેમની આ વિદ્યા એટલા માટે પણ નથી શીખવતા કે તેના કારણે પોતાનો ધંધો ચોપટ થઈ જાય અગર પોતાનું સમાજમાં જે માન-પાન છે તેવું બીજાને પણ મળવા માંડે તેથી પોતાનું મહત્ત્વ ઘટી જાય. કોઈ એકાદ ગામમાં એક કરતાં વધુ લોકવૈદ્યો હોય છે ત્યાં એવું બને છે કે એક લોકવૈદ્ય પાસે આવેલ દર્દીને સારું ન થાય તો બીજા લોકવૈદ્ય પાસે જવા દેવાને બદલે હું મટાડી ન શકું તો બીજો કોઈ મટાડી ન શકે તેમ માની શહેરના સરકારી કે ખાનગી દવાખાનામાં જવાની દર્દીને સલાહ આપવામાં આવે છે.

### લોકવૈદ્યો એ ધંધાદારી કે ફૂટપાથના વૈદ્ય-હકીમ નથી:

આદિવાસી લોકવૈદ્યો ક્યારેય દવાની દુકાન કે હાટડી માંડતા નથી. તેઓ મોટે ભાગે પોતાના ઘેર બેઠે જ દવા કરે છે. તેઓનું ગુજરાન

માત્ર ખેતી પર જ નિર્ભર હોય છે. દર્દીની દવા કર્યા બાદ માત્ર શ્રીફળ અને સવા રૂપિયો જ લે છે. કોઈ કોઈ લોકવૈદ્ય દર્દી પોતાની ઈચ્છાથી જે કંઈ આપે છે તે સ્વીકારે છે. સામેથી કશું માંગતા નથી. દવા કરવા પાછળ સેવાભાવ રહેલો છે, રૂપિયા કમાવાનો ભાવ નહીં. આ સાચા લોકવૈદ્યો છે. શહેરમાં ફૂટપાથો પર જડીબુટ્ટીઓની ભ્રામક જાહેરાતો કરનારા ધંધાદારી અને લેભાગુઓ હોય છે. લોકવૈદ્ય તો દર્દીને તપાસ્યા પછી તેના માટે જરૂરી જડીબુટ્ટી જંગલમાંથી તાજી જ મેળવે છે અને દવામાં ઉપયોગ કરે છે. તેઓ દવાઓનો સંઘરો કરીને ક્યારેય વેચતા નથી.

**દુર્લભ જડીબુટ્ટીઓ અને તેનું વ્યાપારીકરણ:**
જંગલની જડીબુટ્ટીઓનો મર્યાદિત ઉપયોગ થાય તો તેનો નાશ થતો નથી. ધોળી મૂસળી જેવી વનસ્પતિઓ દવા તરીકે વાપરવામાં આવે તો ક્યારેય નાશ ન પામે. જ્યારે આજે જંગલોમાંથી તેને ઉખાડીને બજારમાં વ્યાપારી ધોરણે વેચવામાં આવે છે ત્યારે ડુગરોમાં હવે તે શોધ્યે જડતી નથી. બીજી તરફ તેનો એક કિલોગ્રામના રૂ.૬૦૦થી ૮૦૦ જેટલો ભાવ મળે છે. લોકવૈદ્યોના બદલે વેપારીઓ સ્થાનિક આદિવાસી મજૂરોને વધુ આર્થિક લાભ આપીને પોતાનો સ્વાર્થ સાચવી લે છે. આવું જ વા-લાકડી નામની વાનો રોગ મટાડતી ઔષધિમાં પણ બને છે. અગાઉ આ વનસ્પતિ ખૂબ જ વિપુલ પ્રમાણમાં બધાં જ જંગલોમાં મળતી હતી પરંતુ વ્યાપારી ધોરણે ગેરકાયદેસર રીતે કાઢી લાવવાના કારણે હવે જંગલોમાં તે ભાગ્યે જ જોવા મળે છે. આ પ્રમાણે માલકાંગણીના વેલાઓ દુર્લભ બન્યા છે. કાળી વાઈસર, નાક છીંકણી અને ધોળો ખાખરો જેવી વનસ્પતિઓ ગાયબ થઈ ગઈ છે. નસોતર, કાળીપાઠ, શાલપર્ણી, અનંતમૂળ જેવી વનસ્પતિઓ હવે પુસ્તકોનાં પાનાં પર રહી ગઈ છે. ઔષધિઓની ઓળખ અને તેના ઉપયોગોનો આ વારસો જાળવી રાખવાની સાંપ્રતમાં ખાસ જરૂર ઊભી થઈ છે. કારણ કે આ દ્વારા ઘણી બધી વનસ્પતિઓ વિશેનાં રહસ્યો બહાર આવવાની શક્યતા છે.

**જડીબુટ્ટીના ઔષધીય ઉપયોગો:**
જડીબુટ્ટીઓ વિશેનું આ જ્ઞાન પણ કેટલું અનેરું છે તે જાણવું રસપ્રદ થઈ પડશે. જેઠા નોપા પરમાર. ખેડબ્રહ્મા તાલુકાના પોશીના પાસેના કાજાવારુ ગામનો ૬૫ વર્ષની વયનો છતાં સશક્ત લોકવૈદ્ય. ખેતરની વચ્ચે જ તેનું ઝૂંપડું હતું. આ લખનાર તેની પાસે જતાં જ તે ડઘાઈ ગયો પણ પાસે બેસીને વિશ્વાસમાં લઈ જંગલની જડીબુટ્ટીઓ વિશે પૂછપરછ કરી ત્યારે તેનો શ્વાસ હેઠો બેઠો અને પછી નિરાંતે વાત કરી. જેઠા નોપા પરમારે જણાવ્યું કે તે ચાંદાનો સ્પેશ્યાલિસ્ટ છે. ચંપાભાઈ કોઠારી નામની વ્યક્તિને પગમાં એટલી બધી તકલીફ ઊભી થઈ કે તેઓ ચાલી પણ શકતા નહોતા. ખેડબ્રહ્મા અને અન્ય સ્થળોએ તેમણે ઘણી જ દવાઓ કરી પણ કશોય ફેર પડતો નહોતો. ચંપાભાઈના પિતાએ જેઠાનો સંપર્ક સાધ્યો અને તેની પાસે દવા ચાલુ કરાવી તો થોડાક જ દિવસોમાં સારું થઈ ગયું. જેઠાભાઈએ જરખનું તેલ અને ધોળા સાજડની છાલ ઘસીને ચોપડવાનો પ્રયોગ કર્યો હતો. માત્ર ૧૫ વર્ષની વયથી જ જેઠાભાઈએ વૈદું શરૂ કર્યું હતું અને આ આવડત તેમણે તેમના પિતરાઈ ભાઈ પાસેથી મેળવી હતી. તેમણે આશરે ૧૦૦૦ દર્દીઓની દવા કરી છે. ઉદયપુરના પુરવી અને રઘુ નામના માણસો પાનરવા ગામની એક સ્ત્રીને તેમની પાસે ઊંટ પર બેસાડીને લાવ્યા હતા. આ સ્ત્રીની છાતી ચાંદીઓથી ભરાઈ ગઈ હતી. તેઓ ડૉક્ટરની દવાઓથી કંટાળ્યા હતા. તેમણે આ સ્ત્રીની દવા કરી અને ૪થી ૫ દિવસમાં જ તેનાં ચાંદા સૂકવી નાખ્યાં. આ દર્દી તેમને મન અટપટો હતો. જેઠાભાઈ દવા કરવાની ફી પેટે માત્ર ૧ નાળિયેર અને સવા રૂપિયો જ લે છે.

**જેઠા નોપા પરમારે જણાવેલાં**
**જુદી જુદી ઔષધિઓના ઉપયોગો**

**૧.** કાન દુ:ખતો હોય તો આકડાનું પાન ગરમ કરી તેનું ટીપું કાનમાં નાંખવું. **૨.** ચાંદા કે ઘા ઉપર સાદડની છાલ વાટીને બાંધવી. **૩.** ગાંઠ થઈ હોય તો ધોળો સાજડ વાટીને લુગદી બનાવી તે લુગદી સહેજ ગરમ કરી ગાંઠ પર બાંધવી. **૪.** ખીલ ઉપર ફાફડાથોરની લુગદી અથવા શીમળાની છાલ કે કાંટો વાટીને ચોપડવો. **૫.** પેશાબમાં વીર્ય જતું હોય તો કોઠીનાં પાન વાટીને પાવાં. **૬.** ઢોર દૂધ ન આપતું હોય તો સરગવો ખવડાવવો. **૭.** ગૂમડાં પર કંબોઈનાં પાન વાટીને લગાડવાથી ગૂમડું જલદી પાકીને ફૂટી જાય છે. **૮.** માતાને દૂધ ઓછું આવે તેના પર સુવાની ભાજી ગોળ નાંખીને ખવડાવવી.

પોશિના વિસ્તારના સોનગઢ ડુંગરની ઓથમાં આવેલું બીજું એક નાનકડું પણ રળિયામણું લાખિયા નામનું ગામ. આ ગામનો નાથા પૂના ડાભી છેલ્લાં કેટલાંક વર્ષોથી જડીબુટ્ટીઓની દવા માટે જાણીતો બન્યો હોઈ તેની મુલાકાત અમે લીધી. ઉંમર આશરે ૫૦ વર્ષ. ખેતી કરીને ગુજરાન ચલાવે. સાપ કરડ્યો હોય તો સાપ ઉતારવા માટે તેની બોલબાલા.

નાથા પૂના ડાભીએ પોતાના પિતા પાસેથી ૨૦ વર્ષ પહેલાં આ વિદ્યા શીખી હતી. પંદર વર્ષની ઉંમરે નાથા પૂનાએ સાથુબાઈને પગનું ચાંદું મટાડી દીધું હતું. ચણોઠીનું મૂળ પથરા ઉપર પાણીમાં વાટીને લુગદી બનાવી. તે લુગદી ચાંદા ઉપર ચોપડતાં બે અઠવાડિયામાં જ સાથુભાઈનું દર્દ છૂમંતર થઈ ગયું હતું. જો કોઈને સાપ કરડે તો નાથા પૂના લીમડાનો સાવરણો માથે ફેરવીને દર્દીને ઊલટી કરાવે. જો ઊલટી ન થાય તો ઝેર તીવ્ર ગણાય. ઊલટી કરાવવા માટે લીમડાનાં પાન વાટીને અથવા અંકોલનું મૂળ ઘસીને પાવાથી તરત ઊલટી થઈ જાય. ઝેરની વધારે અસર જણાય તો દર્દીને સરકારી દવાખાને મોકલી આપે. છેલ્લાં વીસ વર્ષમાં નાથા પૂનાએ ૭૦૦થી ૮૦૦ લોકોની દવા કરી છે. નવાઈની વાત તો એ છે કે નાથા પૂના દવા કરવાનું કોઈ મહેનતાણું લેતા નથી.

**જડીબુટ્ટીવિદ્યાનું જતનઃ**

ગુજરાત સરકારના આયુર્વેદ વિભાગ દ્વારા વર્ષો અગાઉ ડાંગ જિલ્લાના જડીબુટ્ટી જાણનારાઓ(ભગતો)નું સંમેલન આહવામાં યોજાયું હતું. ત્યારે આ લખનારે ડાંગી લોકવૈદ્યોના જડીબુટ્ટીઓ પરના અનેક પ્રયોગોની નોંધ તૈયાર કરી હતી. ત્યાર બાદ અનેક વાર આ ભગતોના જડીબુટ્ટીના અવનવા પ્રયોગો તેમની સાથે જંગલોમાં જઈ જાણ્યા છે. મે-૯૮માં ગુજરાત સરકારના વન વિભાગે વઘઈ ખાતેના પ્રકૃતિ શિક્ષણ કેન્દ્રમાં આવા લોકવૈદ્યોને એકઠા કરી તેમની જડીબુટ્ટી વિદ્યાને પ્રકાશમાં લાવવાનો અને જંગલોમાંથી લુપ્ત થતી ઔષધિઓના સંવર્ધન માટેનો સ્તુત્ય પ્રયાસ બે દિવસીય શિબિર દ્વારા કર્યો. આ લખનારે તેમાં હાજર રહી આદિવાસીઓમાં પડેલા તેમના પરંપરાગત જ્ઞાનને જનહિતાર્થે બહાર લાવવાનો પ્રયાસ કર્યો હતો. જંગલની જડીબુટ્ટીઓની ઓળખ અને તેના ઉપયોગો વિશેનો આ શિબિર લોકવૈદ્યો માટે જ નહીં પરંતુ વનવિભાગ તથા આયુર્વેદ વિભાગના તજજ્ઞો માટે પણ ઘણો ઉપયોગી નીવડ્યો. વન વિભાગનું આ પગલું ઘણું જ સરાહનીય છે. આદિવાસીઓના આ જ્ઞાનનું થાય તે માટે પણ વન ખાતાએ યોજના બનાવી છે તે સાચી દિશાનું કદમ છે. ગુજરાત સરકારે હજુ આ દિશામાં આગળ વધીને લોકવૈદ્યોના આ જ્ઞાનને ગ્રંથસ્થ કરવાની તાતી જરૂર છે. આ માટે બિનસરકારી સંસ્થાઓ આગળ આવે તે ઈચ્છનીય છે.


**જડીબુટ્ટી વિશે આટલું જાણો**

**૧.** કંઠમાળ પર હેતરી(કાંચનાર) વૃક્ષનાં પાન વાટીને ચોપડવાં **૨.** ખરજવા પર ચિરમોળી(ચણોઠી)નું મૂળ ઘસીને પાવું. **૩.** પેટના દુખાવા પર આકડાનાં પાન ગરમ કરીને બાંધવાં. **૪.** જુલાબ લેવા માટે દંતીનું મૂળ ઘસીને પાવું. **૫.** ખીલ તથા ચહેરા પરની ફોલ્લીઓ દૂર કરવા માટે નાળિયેર ફોડી તેના પાણીથી મોઢું ધોવું. **૬.** ઝાડા બંધ કરવા સરગવા કે કાંચનારની છાલ વાટીને પાવી, અગર બિલીનું પાકું ફળ પાણીમાં ઓગાળી પી જવું. **૭.** ઝાડો કરવા માટે કિરમેળો(ગરમાળો)ની પાકી સીંગ અડધી કરીને તોડીને રાત્રે પાણીમાં પલાળી રાખવી. સવારે તેને મસળીને તે પાણી નરણા કોઠે પી જવું. એક ખાસ બાબત નાથાભાઈએ બતાવી કે દરેક માણસે લીમડાનું દાતણ કરવું જોઈએ અને ચૈત્ર માસમાં લીમડાના પાનનો રસ પણ પીવો જોઈએ.

આજના વનસ્પતિશાસ્ત્રીઓ પણ આવી ઘણી વનસ્પતિઓથી અજાણ હોય છે. અગર તો વનસ્પતિને ઓળખવા સિવાય તેના ઔષધીય ગુણો વિશે સાવ અજ્ઞાત હોય છે. રાષ્ટ્રીય વનસ્પતિ અનુસંધાન સંસ્થા(સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિસિનલ એન્ડ એરોમેટિક પ્લાન્ટ્સ-સિમેપ)ના વિજ્ઞાનીઓને એ જાણીને ખૂબ જ નવાઈ લાગી હતી કે ભારતમાં જેને ખૂબ પછાત કહેવામાં આવે છે તે આદિવાસીઓ વનસ્પતિ તથા જંગલમાં ઊગતા અન્ય છોડવાઓના ઔષધીય ગુણો વિશે વિજ્ઞાનીઓ કરતાં વધુ જાણકારી ધરાવતા હોય છે. આ સંસ્થાએ હાથ ધરેલા સર્વેક્ષણ દ્વારા જાણવા મળ્યું છે કે અમુક વનસ્પતિ તો એટલી બધી ગુણકારી છે કે તેનો ઈલાજ કેન્સર જેવા રોગ ઉપર કરી શકાય છે. ગર્ભ નિરોધ માટે પણ અનેક જડીબુટ્ટી મળી આવતી હોય છે. અનેક પ્રયોગોથી એ વાત સાબિત થઈ ગઈ છે કે આ લોકવૈદ્યોએ જે રીતે જણાવ્યું હતું તે જ ગુણો ચોક્કસ પ્રકારની વનસ્પતિમાંથી મળી આવ્યા હતા. આમ, અભણ જણાતા આદિવાસીઓ વિજ્ઞાનીઓ કરતાં વધુ જાણકાર સાબિત થયા હતા.

આજે પણ આયુર્વેદના તબીબો જે વનસ્પતિઓનો ઉપયોગ જે દર્દોમાં કરે છે તેવા જ ઉપયોગો આ લોકવૈદ્યો કરે છે. તેઓ કોઈ યુનિવર્સિટી કે કોલેજમાં ભણ્યા નથી કે કોઈ વૈદ્ય પાસેથી જ્ઞાન કે અનુભવ લીધો નથી તેમ છતાંયે આ સામ્ય તેમના જડીબુટ્ટીના જ્ઞાનની સચોટતા દર્શાવે છે.

રાવળયોગી ઉત્તેજક મંડળ (રિયમ) માને છે કે લોકવિદ્યાનો વારસો જાળવી રાખવા માટે લોકવૈદ્યોની જાણકારી અન્ય સુધી પહોંચે તથા આ જ્ઞાનનો સુયોગ્ય ઉપયોગ થાય અને તેની સાથોસાથ જંગલી જડીબુટ્ટીઓનું સંવર્ધન પણ થતું રહે તેવાં પગલાં લેવાવાં જોઈએ. આ માટેના સંનિષ્ઠ પ્રયાસો હાથ ધરવા અત્યંત જરૂરી છે. કોણ પહેલ કરશે તે માટે? તે એક મોટો સવાલ છે. સરકારે અને સ્વૈચ્છિક સંસ્થાઓએ આગળ આવીને આ કાર્યને ક્રમબદ્ધ રીતે આગળ ધપાવવું જોઈએ. નહીંતર વનવાસીઓની આ પરંપરાગત લોકવિદ્યા સહેલાઈથી લુપ્ત થઈ જશે તો કોઈનેય લેશમાત્ર આશ્ચર્ય નહીં થાય.



**નોંધ**

'વિચાર'ના આ અંકમાં અમે અનિવાર્ય કારણોસર **સજીવ વિચાર** નો સમાવેશ કરી શક્યા નથી તેની નોંધ લેવા વિનંતી છે.

# સાંપ્રત પ્રવાહ

**વ્યાવસાયિક રોગ જાગૃતિ શિબિર**
કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ-અમદાવાદ દ્વારા કારખાના નિરીક્ષણ સેવા-વડોદરા તેમ જ કામદાર રાજ્ય વીમા યોજના-વડોદરાના સક્રિય સહયોગથી તા.૨૮,૨૯ જાન્યુઆરી ૧૯૯૯ના રોજ ફેડરેશન બીલ્ડિંગ અલકાપુરી, વડોદરા મુકામે વ્યાવસાયિક રોગ જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનું ઉદ્‌ઘાટન તા. ૨૮ જાન્યુઆરી ૧૯૯૯ના રોજ શ્રી બી. એન. મહેતા, ચીફ ઈન્સ્પેકટર ઓફ ફેકટરીઝ, ગુજરાત, ડૉ. શ્રી નીતિન વોરા, નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વીમા યોજના, ગુજરાત, શ્રી હરવીરસિંહ, પ્રાદેશિક નાયબ નિયામક, કામદાર રાજ્ય વીમા નિગમ, ગુજરાત, ડૉ. શ્રી જે. આર. પરીખ, નાયબ નિયામક, એન.આઈ.ઓ.એચ. - ગુજરાત તથા શ્રી હૌસલાપ્રસાદ મિશ્રા, પ્રમુખ-કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ- અમદાવાદના હસ્તે મંગલદીપ પ્રગટાવી કરવામાં આવ્યું હતું. વ્યાવસાયિક રોગ નિદાન કેન્દ્ર, કા.રા.વી.યોજના જનરલ હૉસ્પિટલ, બાપુનગરના ડૉ.મંગલમ રાઠોડ તથા ન્યૂ શોરોક મિલ્સ, નડિયાદના સેફ્ટી મેનેજર શ્રી મહેતા પણ ઉપસ્થિત રહ્યા હતા.

શિબિરમાં તાલીમાર્થીઓ તરીકે કારખાના નિરીક્ષણ સેવાના વડોદરા, રાજકોટ, સુરત, અમદાવાદના પદાધિકારીઓ તેમ જ સર્ટિફાઈંગ સર્જન્સ, કામદાર રાજ્ય વીમા યોજનાના વડોદરા, રાજકોટ, સુરત, ભરૂચ, નવસારી, વાપીના તબીબો, વિવિધ કારખાનાંની સેફટી કમિટીના સભ્યો તથા અન્ય પ્રતિનિધિઓ તેમ જ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ (જનપથ, વ્યાવસાયિક સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ, વ્યવસાય અને સલામતી મંડળ, એ.ઈ.સી. કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ)ના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. બે દિવસની જાગૃતિ શિબિરમાં વિવિધ વિષયોના જાણકાર નિષ્ણાત વક્તાઓ દ્વારા માહિતી-માર્ગદર્શન આપવામાં આવ્યાં હતાં. વિવિધ વ્યવસાયના કારણે જોખમકારક રસાયણોના ભોગ બનતા કામદારો માટે વિગતે માર્ગદર્શન આપવામાં આવ્યાં હતાં. વિવિધ વ્યવસાયના કારણે જોખમકારક રસાયોણોના ભોગ બનતા કામદારો માટે વિગતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્વાસ્થયની વખતોવખત તપાસ, કાર્ય સ્થળ પર સાવચેતી, સલામતીનાં સાધનો, ઉપાયો, અકસ્માત તેમ જ મૃત્યુ સંદર્ભે તથા વિશેષતઃ વ્યાવસાયિક રોગ માટે વળતરની પ્રક્રિયા સરળ કેમ થાય તે વિશે માહિતી સાથે સુચારુ ઉપાયોની ચર્ચા-વિચારણા થઈ હતી. સ્થળ પર જ તેના નિકાલનાં સૂચનો થયાં હતાં. કેટલાંક મુખ્ય સૂચનો નીચે મુજબ હતાં: **૧.** માલિકો દ્વારા કામદારો માટે વ્યાવસાયિક રોગ બાબતે જાગૃતિ અભિયાન ચલાવવું જોઈએ. ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા દરેક અધિકારીને ફરજિયાત વ્યાવસાયિક તાલીમ સ્વાસ્થ્ય સુરક્ષા બાબતે લેવી જોઈએ. તથા દરેક કારખાનામાં મોટાં પોસ્ટર બનાવીને કારખાનાની અંદર થતા દરેક અકસ્માત અને રોગ વિશે માહિતી આપવી જોઈએ. **૨.** અંકલેશ્વર અને ભરુચ ખાતે ઔદ્યોગિક વિકાસ ખૂબ જ ઝડપથી થઈ રહ્યો છે. ત્યાં કા.રા.વી.યોજનાને સક્ષમ બનાવવાની જરૂર છે. વીમા યોજનાના દરેક દવાખાનામાં વ્યાવસાયિક રોગના જાણકાર ડોક્ટરોની વ્યવસ્થા કરવી જોઈએ. **૩.** વ્યાવસાયિક રોગ થવાના સંભવ હોય તેવા કામદારોનાં ખાતાં બદલવા માલિકોએ ધ્યાન આપવું. **૪.** કામદારોને રોગ બાબતે પૂર્ણ જાણકારી લેખિતમાં આપવી જોઈએ. **૫.** સરકારી, અર્ધસરકારી તથા ખાનગી સંસ્થાઓએ સમયે સમયે એકસાથે બેસી સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ. **૬.** નવા ઉદ્યોગો આવી રહ્યા છે. પણ આ ઉદ્યોગોથી માનવજાત ઉપર શું અસરો થશે તેની જાણકારી સમયે સમયે સરકારે આપવી જોઈએ. વ્યાવસાયિક રોગોને નિયંત્રણમાં રાખવા માટે બોર્ડ બનાવવાની સખત જરૂર છે. આ બાબતે સરકાર પહેલ કરે. કારણ કે ભારતમાં ગુજરાત એક મોટા ઔદ્યોગિક રાજ્ય તરીકે બહાર આવી રહ્યું છે.

બીજે દિવસે સમાપન સમારંભમાં અધ્યક્ષ ડૉ. શ્રી વી. એમ. શાહ વિભાગીય નાયબ નિયામક, આરોગ્ય તબીબી સેવાઓ, વડોદરા, અતિથિવિશેષ ડૉ. શ્રી કમલ પાઠક, અધીક્ષક શ્રી સયાજી જનરલ હૉસ્પિટલ, વડોદરાએ હાજર રહી શિબિરાર્થીઓ સહકાર સાથે ભવિષ્યમાં કામગીરી ચાલુ રાખશે તો કામદાર સ્વાસ્થ્યને લગતા પ્રશ્નોનું નિરાકરણ સહજ બનશે તેમ જણાવ્યું હતું. માનવીય અભિગમને પ્રાધાન્ય આપી કામદારના સ્વાસ્થ્યનું રાષ્ટ્ર ઘડતરમાં અમૂલ્ય યોગદાન હોઈ તેને અગ્રીમતા આપવાનો સૂર તેમણે વ્યક્ત કર્યો હતો. ભોપાલની જેમ વડોદરા પણ જવાળામુખીની ટોચ પર હોઈ ભવિષ્યમાં ગમે ત્યારે આવી પડનારા મોટા જોખમ સંદર્ભે પણ ગંભીરતાથી વિચારી તેની પૂર્વતૈયારીરૂપ પગલાં માટે ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો. વધુ માહિતી સંપર્ક સાધો: કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ, ગોવિંદ પટેલ બંગલો, નાગરવેલ હનુમાન રોડ, રખિયાલ, અમદાવાદ-૩૮૦૦૨૩.

**બાળ અધિકારો અંગે કાર્યશાળા**
અમદાવાદમાં બાળકોના અધિકારો અંગે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓની કામગીરીને વેગ આપવા, બાળ અધિકારો અંગેનાં માહિતી અને અનુભવોનું આદાન-પ્રદાન કરવા તથા બાળઅધિકારો અંગે જનજાગૃતિ, સંસ્થાઓનું ક્ષમતાવર્ધન અને ઍડવોકસી(હિમાયત) કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓને એક સક્ષમ મંચ પૂરો પાડવાના હેતુ સાથે બે દિવસની એક કાર્યશાળા યોજાઈ ગઈ. યુનિસેફ, ગુજરાતના સૌજન્યથી એનજીઓ

ફૉરમ ફોર ચાઈલ્ડ રાઈટ્સના નેજા હેઠળ અમદાવાદમાં ૨૩-૨૪ માર્ચ, ૧૯૯૯ દરમ્યાન યોજાઈ ગયેલી આ કાર્યશાળામાં ૩૩ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. કાર્યશાળામાં બાળ અધિકારો અંગે વક્તવ્ય આપતાં 'વિકાસ અધ્યયન કેન્દ્ર'ના શ્રી સોફિયા ખાને બાળ અધિકારો અંગે કાયદાની કલમો જણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, "આપણાં કુટુંબોમાં પણ બાળકોના અભિપ્રાયોની દરકાર કરવામાં આવતી નથી." કાર્યશાળામાં 'યુનિસેફ', ગાંધીનગરના પ્રતિનિધિ શ્રી સેન્ડી બ્લાન્શેટ, રાજ્ય સરકારના 'સામાજિક ન્યાય અને સક્ષમતા વિભાગ'ના અધિક મુખ્ય સચિવ ડૉ. પી. કે. દાસ, અને બાળ અધિકારોના અભ્યાસુ શ્રી ગીતા શર્માએ ઉપસ્થિત રહી બાળ અધિકારોનાં જુદાં જુદાં પાસાં અંગે વક્તવ્યો આપ્યાં હતાં. 'ચરખા'ના શ્રી સંજય દવેએ સ્વૈચ્છિક સંસ્થાઓ અને સંચાર માધ્યમો વિશે વક્તવ્ય આપ્યું હતું.

કાર્યશાળા દરમ્યાન જુદા જુદા મુદ્દા ઉપર જૂથ ચર્ચા ઉપરથી બાળ અધિકારોના જતન માટે કામ કરવા મુખ્યત્વે નીચે મુજબનું કાર્યઆયોજન કરવામાં આવ્યું હતું: **૧.** બાળ અધિકારોના જતન માટે સ્વૈચ્છિક સંસ્થાઓએ નિયમિત રીતે પોતાના કાર્ય અનુભવોની આપ-લે કરવી. **૨.** બાળ અધિકારો વિશે વ્યાપક જાગૃતિ લાવવા એક ત્રિ-માસિક શરૂ કરવું. **૩.** બાળકોના પ્રશ્નો અને અધિકારો અંગે સંશોધન અને દસ્તાવેજીકરણ કરવું. **૪.** બાળ અધિકારોના જતનની પ્રવૃત્તિને વેગ આપવાની માંગ દર્શાવતું આવેદનપત્ર શહેરના મેયર, રાજ્યના મુખ્યમંત્રી અને રાજ્યપાલને સુપરત કરવું. **૫.** બાળકોના અધિકારો અંગે સરકાર, મ્યુનિસિપલ કૉર્પોરેશન અને સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓને વાકેફ કરવા કાર્યક્રમો યોજવા. ફોરમમાં જોડાવા અને વધુ માહિતી મેળવવા સંપર્ક સાધો: એનજીઓ ફૉરમ ફોર ચાઈલ્ડ રાઈટ્સ, c/o ગુજરાત રાજ્ય બાળકલ્યાણ સંઘ, હિમાવન, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : ૬૫૭૭૯૧૯, ૬૫૭૬૮૦૪.

**સંસ્થાના અગ્રણીઓએ વિકાસલક્ષી આલેખન કરવું જોઈએ: શ્રી ઈન્દુકુમાર જાની**

"ગુજરાતમાં અંતરિયાળ ગામોમાં થઈ રહેલાં વિકાસલક્ષી કાર્યો વિશે અખબારોમાં ભાગ્યે જ કશું લખાતું હોય છે. વિકાસલક્ષી કાર્યો વિશે અખબારોમાં નિયમિત રીતે આલેખન થાય તે માટે વિકાસકાર્યોમાં જોડાયેલા સામાજિક કાર્યકરોએ લખવાની ટેવ વિકસાવવી જોઈએ. આજે સ્વૈચ્છિક સંસ્થાઓના નિયામકો અને અગ્રણી કાર્યકરો જ લખવાનો છોછ રાખે છે" - 'ચરખા' દ્વારા યોજાઈ ગયેલા લેખન-સ્પર્ધા પુરસ્કાર વિતરણ કાર્યક્રમમાં સભાને સંબોધતાં 'નયામાર્ગ'ના તંત્રીશ્રી ઈન્દુકુમાર જાનીએ ઉપર મુજબ જણાવ્યું હતું. વિકાસલક્ષી કાર્યોમાં જોડાયેલા સામાજિક કાર્યકરોને પોતાનાં કાર્યોના અનુભવો વિશે નિયમિત રીતે આલેખન કરવા પ્રોત્સાહન પૂરું પાડવા 'ચરખા' દ્વારા દર વર્ષે લેખન-સ્પર્ધા યોજવામાં આવે છે. તેમાં વિજેતા નીવડેલી પ્રથમ પાંચ લેખનકૃતિઓને રોકડ પુરસ્કારો આપવામાં આવે છે. ૧૯૯૮ની ત્રીજી લેખન-સ્પર્ધાનો પુરસ્કાર વિતરણ કાર્યક્રમ ૧૮ જાન્યુઆરી, ૧૯૯૯ના રોજ અમદાવાદ ખાતે યોજાઈ ગયો. લેખન-સ્પર્ધા-૧૯૯૮માં ૨૦ સ્વૈચ્છિક સંસ્થાઓના ૭૭ સામાજિક કાર્યકરોએ ભાગ લીધો હતો. કાનૂની સહાય અને માનવ અધિકાર કેન્દ્ર, સુરતના દાનુભાઈ વસાવા પ્રથમ, એ જ સંસ્થાનાં જશુબહેન ગામીત દ્વિતીય, રાવળ-યોગી ઉત્તેજક મંડળ, મણુંદના કનુભાઈ યોગી ત્રીજા, શ્રમજીવી સમાજ, ભિલોડાના મોહનભાઈ પરમાર ચોથા અને સહિયર સંસ્થાનાં શીતલબહેન ઘેલાણી પાંચમા સ્થાને રહ્યાં હતાં. દાનુભાઈ વસાવાએ સુરત જિલ્લામાં અંધશ્રદ્ધા નિવારણ અને કાનૂની સહાય અંગેનાં સંસ્થાનાં કાર્યો અંગે; જશુબહેન ગામીતે થર્મલ પાવર સ્ટેશનથી સ્થાનિક લોકોના આરોગ્યને થતા નુકસાન અંગે; કનુભાઈ યોગીએ સાબરકાંઠાના આદિવાસી લોકવૈદ્યો વિશે; મોહનભાઈ પરમારે સહભાગી વન વ્યવસ્થામાં મહિલાઓની ભાગીદારી વિશે અને શીતલબહેન ઘેલાણીએ જાતીય શિક્ષણ આપવાની આવશ્યકતા અંગે આલેખન કર્યું હતું. વિકાસલક્ષી મુદ્દા વિશે નિયમિત આલેખન કરવા બદલ 'આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ'ના શ્રી વી. જી. નકુમનું રોકડ પુરસ્કાર આપી સન્માન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે કર્મશીલ-પત્રકાર શ્રી ઈન્દુકુમાર જાની, લેખક-પત્રકાર શ્રી દિલીપ રાણપુરા અને આર્કિટેક-સામાજિક કાર્યકર શ્રી ચારૂલબહેન ભરવાડાએ સેવા આપી હતી.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેલા સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટીના નિયામકશ્રી ફાધર સેડ્રિક પ્રકાશના હસ્તે સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કારો એનાયત થયા હતા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન, ત્રણેય નિર્ણાયકો અને 'ચરખા'ના એક્ઝિક્યુટિવ ટ્રસ્ટી શ્રી બિનોય આચાર્યે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. 'ચરખા'ના સંયોજક શ્રી સંજય દવેએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. 'ચરખા' દ્વારા છેલ્લાં ત્રણ વર્ષથી વિકાસલક્ષી મુદ્દાઓ વિશે લેખન સ્પર્ધા યોજાય છે. લેખન સ્પર્ધા-૧૯૯૮માં એકના એક વિષયોનું પુનરાવર્તન થતું જોવા મળ્યું છે. વળી, માત્ર ૨૦થી ૨૫ સંસ્થાઓ જ તેમાં ભાગ લે છે. તે જોતાં આ વર્ષે લેખન-સ્પર્ધા મોકૂફ રાખવાનો અમે નિર્ણય લીધો છે. આ અંગે આપના પ્રતિભાવો આવકાર્ય છે. સંપર્ક: સંયોજક, 'ચરખા', જી- ૧-૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦૦૧૫.

**સામાજિક ન્યાય સમિતિને સક્રિય કરવા માટે તાલુકા સ્તરની બેઠકનું આયોજન**

ગુજરાતમાં પંચાયતી રાજ અધિનિયમ - ૧૯૯૩ની જોગવાઈ મુજબ દરેક સ્તરની પંચાયતી રાજ સંસ્થાઓએ સામાજિક ન્યાય સમિતિની રચના કરવી ફરજિયાત છે. આ સમિતિની રચના પાછળનો મુખ્ય ઉદ્દેશ પંચાયતનાં કાર્યોમાં સુસંવાદિતા જળવાઈ રહે અને જે લાભો અન્ય ઉપલા વર્ગને મળે છે તે જ લાભો બાકીના વંચિત વર્ગને ચોક્કસ મળે જ તે છે. પરંતુ અનુભવ જણાવે છે કે દરેક પંચાયતમાં સામાજિક ન્યાય સમિતિ (સા.ન્યા.સ.)ની રચના થયેલી છે પરંતુ તે

સક્રિય નથી. મોટા ભાગના સા.ન્યા.સ.ના ચેરમેનને પણ સમિતિનાં કાર્યો વિશે માહિતી નથી. આથી 'ઉન્નતિ' તેની સહયોગી સંસ્થાઓની સાથે રહીને સા.ન્યા.સ.ને સક્રિય કરવા માટે પ્રયત્નશીલ છે. આ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને જ 'ગ્રુપ' - બાવળા અને 'ઉન્નતિ' અમદાવાદ દ્વારા સામાજિક ન્યાય સમિતિને સાચા અર્થમાં કાર્યાન્વિત કરવા માટે તા. ૯ માર્ચ-૧૯૯૯ના રોજ બાવળા ખાતે ત્રણ તાલુકાની ગ્રામ પંચાયતોની એક બેઠકનું આયોજન કરાયું. તેમાં ધોળકા, બાવળા અને સાણંદ તાલુકાની ૩૨ ગ્રામ પંચાયતના સામાજિક ન્યાય સમિતિના સભ્યો, અધ્યક્ષો અને સરપંચોએ ભાગ લીધો. આ મીટિંગનું ઉદ્‌ઘાટન અમદાવાદ જિલ્લાના સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ શ્રી હરીશભાઈ શ્રીમાળીએ કર્યું. તેમણે પોતાના અનુભવો જણાવ્યા અને ત્યાર બાદ સહભાગીઓ અને અધ્યક્ષ વચ્ચે પ્રશ્નોત્તરી થઈ. તેમણે સહભાગીઓના પ્રશ્નો ઉકેલવા ખાતરી પણ આપી. આ ઉપરાંત, 'ઉન્નતિ' અને 'અસાગ' સંસ્થાઓ દ્વારા સામાજિક ન્યાય સમિતિનાં કાર્યો, ફરજો અને હક્કો વિશે વિસ્તૃત જાણકારી પણ અપાઈ. કાર્યક્રમ દરમ્યાન નીચે મુજબનાં કેટલાંક સૂચનો આવ્યાં: **૧.** જેમ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સ્તરે સામાજિક ન્યાય સમિતિ માટે ફંડ ફાળવાયેલું છે તેવું જ ગ્રામ પંચાયતના સ્તરે પણ હોવું જોઈએ. **૨.** જેમ ગ્રામ પંચાયતના સ્તરે સા.ન્યા.સ.ના સભ્યો માટે તાલીમ કાર્યક્રમનું આયોજન થાય છે તે જ રીતે તાલુકા પંચાયતના સ્તરે પણ આયોજન થવું જોઈએ. **૩.** ત્રણેય સ્તરની સા.ન્યા.સ. વચ્ચે સીધું જોડાણ હોવું જોઈએ. **૪.** ઉપરના ત્રણ તાલુકાની ગ્રામ પંચાયતોની સા.ન્યા.સ.નો સંઘ બનાવવો. તેને 'ગ્રુપ' સહકાર આપે. **૫.** સા.ન્યા.સ. ની બેઠક 'ગ્રુપ'ના સહકારથી યોજવી.

# આગામી કાર્યક્રમ

**વિશ્વ શાંતિ યાત્રા (પોખરણથી સારનાથ):** દુનિયાના બધા દેશો પોતાનું સંરક્ષણ બજેટ ઘટાડીને તે વિકાસકાર્યો માટે ફાળવે અને પરમાણુ શસ્ત્રોનો નાશ કરીને શાંતિપૂર્ણ વિશ્વવ્યવસ્થા સ્થાપવામાં આવે તે હેતુથી પોખરણથી સારનાથ સુધીની એક પદયાત્રાનું આયોજન થયું છે. લખનૌની સ્વૈચ્છિક સંસ્થા 'લોકઅભિયાન'ના નેજા હેઠળ યોજાનારી આ પદયાત્રા ૧૧ મે, ૧૯૯૯ના રોજ રાજસ્થાનના જેસલમેર જિલ્લાના ખેતોલાઈ(ભારત સરકાર દ્વારા મે, ૧૯૯૮માં કરવામાં આવેલા પરમાણુ પરીક્ષણ પાસેનું સ્થળ) ગામથી શરૂ થશે. તે પોખરણ, ફલૌદી, નાગોર, મકરાણા, જયપુર, ભરતપુર, આગ્રા, શિકોહાબાદ, કનૌજ, કાનપુર, ફતેહપુર, અલ્હાબાદ, વારાણસી થઈને ૬ ઑગસ્ટ, ૧૯૯૯ના રોજ સારનાથમાં સમાપ્ત થશે. આ વિશ્વ શાંતિ પદયાત્રામાં દેશભરનાં સ્વૈચ્છિક સંગઠનો; શ્રી નારાયણ દેસાઈ તથા શ્રી એસ. એન. સુબ્બારાવ, આચાર્ય રામમૂર્તિ જેવા અગ્રણી નાગરિકો અને સામાજિક કાર્યકરો ભાગ લેશે. પોખરણથી સારનાથ સુધીનું ૧૫૦૦ કિમીનું અંતર દરરોજ ૧૮-૨૦ કિમી. ચાલીને પૂરું કરવામાં આવશે. સમગ્ર યાત્રા દરમ્યાન ૧૫થી ૨૦ લોકો જોડાશે. યાત્રા દરમ્યાન વિશ્વ શાંતિ માટે સહી(હસ્તાક્ષર) ઝુંબેશ ચલાવાશે અને તેમાં આશરે બે લાખ લોકોની સહી લેવાશે. સહી કરનાર દરેક વ્યક્તિ લોકઅભિયાનને જે એક રૂપિયો ફાળા પેટે આપશે તેમાંથી પદયાત્રાનો ખર્ચ નીકળશે એ આ પદયાત્રાની નોંધપાત્ર બાબત છે. સમતાપૂર્ણ, ન્યાયપૂર્ણ અને શાંતિપૂર્ણ સમાજની સ્થાપના માટે કટિબદ્ધ વ્યક્તિઓને આ પદયાત્રામાં જોડાવા લોક અભિયાને આહ્વાન કર્યું છે. પદયાત્રા અંગેની વધુ માહિતી મળી શકે તે માટે http://members.tripod.com/peace-march/morcha.htm નામની વેબસાઈટ પણ શરૂ કરવામાં આવી છે. વધુ માહિતી માટે સંપર્ક: લોક અભિયાન, ઉપકારમ્ કરોતિ, દયાનન્દ સેવા સંસ્થાન, મોતીનગર, લખનઉ-૨૨૬ ૦૦૪.

**સહભાગિતા વિશે સઘન વિચાર:** દક્ષિણ એશિયાઈ દેશોના વિકાસલક્ષી વ્યવસાયીઓ માટે અંગ્રેજીમાં 'રિવિઝિટિંગ પાર્ટિસિપેશન' અંગેના બીજા અભ્યાસક્રમનું આયોજન ૮થી ૧૫ જુલાઈ, ૧૯૯૯ દરમ્યાન કરાયું છે. તેના મુખ્ય હેતુઓ આ મુજબ છે: **૧.** વિકાસલક્ષી વ્યવસાયીને સહભાગિતાના ફિલસૂફી વિશે સંવેદનશીલ બનાવવાં. **૨.** સહભાગિતા અને સહભાગી વિકાસ અંગેના પ્રશ્નો વિશેના નવા ખ્યાલોનો અભ્યાસ કરવો. **૩.** આપણા કાર્યમાં સહભાગિતાના સિદ્ધાંતો, ખ્યાલો અને પદ્ધતિઓના સૂચિતાર્થો આકારવા. વધુ વિગતો માટે સંપર્ક સાધો: 'પ્રિયા' ૪૨, તુઘલકાબાદ ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા, નવી દિલ્હી-૧૧૦૦૬૨. ફોન. ૬૯૮ ૧૯૦૮, ૬૯૮૯૫૫૯, ફેક્સ: ૯૧-૧૧-૬૯૮ ૦૧૮૩ ઈ-મેલ: pria@sdalt.ernet.in

**સંસ્થા સંચાલન પ્રશિક્ષણ:** સંસ્થા સંચાલન પ્રશિક્ષણ અંગે હિંદીમાં તા.૭થી ૧૨ જુન, ૧૯૯૯ દરમ્યાન સહભાગી શિક્ષણ કેન્દ્ર લખનઉ, તથા ૨૯ જૂન-૨ જુલાઈ, ૧૯૯૯ દરમ્યાન 'ઉન્નતિ' અમદાવાદ દ્વારા ગુજરાતીમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રશિક્ષણના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે: **૧.** સંસ્થાગત સંચાલનની સૈદ્ધાંતિક સમજ ઊભી કરવી. **૨.** સંસ્થા સંચાલનનાં વિવિધ પાસાંઓ અંગે જાગૃતિ પેદા કરવી. **૩.** સંસ્થાના વડાઓની નેતૃત્વ શૈલી અને સંસ્થા પર તેના પ્રભાવને સમજવાં. **૪.** સંસ્થાગત કાર્યપ્રણાલી અને પ્રક્રિયાઓ-જેમ કે સંસ્થાનું માળખું, ભૂમિકા, જવાબદારી, નેતૃત્વનો વ્યવહાર, પ્રશ્નોનો ઉકેલ વગેરેના સંદર્ભમાં એના પ્રભાવ અને સંબંધોને સમજવા. આ પ્રશિક્ષણમાં સ્ત્રી-પુરુષ બંને જેઓ પોતાની સંસ્થામાં સંચાલનની અને મુખ્ય જવાબદારીઓ સંભાળતાં હોય તેવા સંસ્થાના પ્રમુખ, મુખ્ય કાર્યક્રમ સંયોજક વગેરે ખાસ આમંત્રિત છે. વધુ માહિતી માટે સંપર્ક સાધો: હિન્દી કાર્યક્રમ સહભાગી શિક્ષણ કેન્દ્ર, સહભાગી રોડ, પોલિસ ફાયર સ્ટેશન પાછળ, સીતાપુર રોડ, લખનઉ-૨૨૭૨૦૮, ઈ-મેઈલ: Sahbhagi@lw1.vsnl.net.in ગુજરાતી કાર્યક્રમ, 'ઉન્નતિ' અમદાવાદ.

# સંદર્ભ સાહિત્ય

**આઠમા રાષ્ટ્રીય પોલીસ પંચના અહેવાલનો સાર**
ભારત સરકારના ગૃહ મંત્રાલયે ૧૯૭૭માં આઠમા રાષ્ટ્રીય પોલિસ પંચની રચના કરી હતી. આ પંચે જે આઠ અહેવાલો સુપરત કર્યા તેમાંથી આઠમા અહેવાલમાંથી કેટલોક ભાગ આ પુસ્તિકામાં અનુવાદ કરીને મૂકવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર અત્યારે આ અહેવાલની ભલામણોનો અમલ કરવા તત્પર થઈ છે ત્યારે આ પુસ્તિકા સમયસરની છે. તેમાં ગુનાખોરી જન્માવતાં વસ્તી, લોકોનો પ્રતિભાવ, ફોજદારી ન્યાય વ્યવસ્થાનો પ્રતિભાવ અને પોલિસનો પ્રતિભાવ જેવાં પરિબળોની છણાવટ કરવામાં આવી છે. એ પછી પોલિસની પોતાના જ સંગઠન પ્રત્યે, કાનૂન પ્રત્યે અને પ્રજા પ્રત્યે શી જવાબદારી છે તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

પુસ્તિકામાં છેલ્લે પંચનાં અવલોકનો અને ભલમણોનો સાર આપવામાં આવ્યો છે. ગ્રામ વિસ્તારોમાં એક વર્ષમાં ૯૦ દિવસ રહેવા અંગેની ખાતાકીય સૂચનાઓનું એસડીપીઓ અને એસપી સ્તરના તમામ અધિકારીઓએ પાલન કરવું જોઈએ, રાજ્યોમાં 'રાજ્ય સલામતી પંચ'ની રચના કરવી જોઈએ, લોકો પ્રત્યેની જવાબદારી વિશે પોલિસ કર્મચારીઓને સંવેદનશીલ બનાવવા જોઈએ વગેરે સૂચનો આ પંચે કર્યાં છે. પ્રાપ્તિસ્થાન : 'દિશા', ૯, મંગલદીપ ફ્લેટ્સ, ચંદ્રભાગા પુલ પાસે, પો. ગાંધી આશ્રમ, અમદાવાદ-૩૮૦૦૨૭.

**વારસામાં વિનાશ**
વડોદરામાં તા. ૨૨થી ૨૪ જાન્યુઆરી, ૧૯૯૯ દરમ્યાન પર્યાવરણના પ્રશ્ને એક ન્યાય પંચ બેસાડવામાં આવ્યું હતું. 'પર્યાવરણ સુરક્ષા સમિતિ' દ્વારા યોજાયેલા જાહેર સુનાવણી કાર્યક્રમમાં વાપીથી વડોદરાની પટ્ટીમાં ફેલાયેલા પ્રદૂષણથી થયેલી અસરો અંગે લોકજુબાની ગોઠવાઈ હતી. આ જુબાની દરમ્યાન વાપી, વલસાડ અને અંકલેશ્વર વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસની પર્યાવરણ પર થયેલી વિપરીત અસર અંગે પર્યાવરણ સુરક્ષા સમિતિના કાર્યકરોએ કરેલી રજૂઆતની વિગતો આ પુસ્તિકામાં આપવામાં આવી છે. સુનાવણી પ્રસંગે વિવિધ ક્ષેત્રના ૧૧ નિષ્ણાતો હાજર રહ્યા હતા. ન્યાયાધીશની પેનલ તરીકે તેમણે આપેલાં તારણોમાં જણાવાયું છે કે સૌથી ગંભીર અને ન બદલી શકાય તેવી અસર ભૂગર્ભ જળ ઉપર થઈ છે અને તે અત્યંત પ્રદૂષિત થયું છે.

વળી, મોટા ભાગની જગ્યાઓએ પીએચ, બીઓડી અને સીઓડીનાં મૂળભૂત ધારાધોરણો નક્કી કર્યા મુજબ જળવાતાં નથી. જે પરિસ્થિતિ છે તેનાથી માત્ર કાયદાનું ઉલ્લંઘન જ નથી થઈ રહ્યું પણ લોકોના જીવન માટે જ ભય ઊભો થયો છે. ન્યાય પંચના એક વરિષ્ઠ સભ્ય મુંબઈની વડી અદાલતના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ એચ. સુરેશે ગુજરાતની કહેવાતી સુવર્ણ પટ્ટીને ગંદી અને ગંધાતી પટ્ટી ગણાવી હતી. પર્યાવરણના પ્રશ્નમાં રસ ધરાવતા તમામ કર્મશીલો માટે આ પુસ્તિકા જ્ઞાનવર્ધક છે. પ્રાપ્તિ સ્થાન: પર્યાવરણ સુરક્ષા સમિતિ, મુ. કાટીંદ્રા, પો. પીપધરા, વાયા રાજપારડી, જિ. ભરૂચ-૩૯૩૧૧૫.

**સૌરાષ્ટ્રની જળ સમસ્યા**
ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારની પાણીની સમસ્યા ઘણી જ તીવ્ર અને ગહન છે. વારંવારના દુકાળો તથા ઉનાળા દરમ્યાન પીવાના પાણીની પણ તીવ્ર તંગીએ સૌરાષ્ટ્રમાંથી સ્થળાંતરને વ્યાપક પ્રમાણમાં ઉત્તેજન આપ્યું છે. લેખક શ્રી અરવિંદ આચાર્યે સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, ભાવનગર, જૂનાગઢ, રાજકોટ, જામનગર અને અમરેલી એમ છ જિલ્લાની વિગતવાર આંકડાકીય માહિતી આપીને પીવાના પાણીની અને પિયત પાણીની કેટલી વિકટ સમસ્યા છે તેનો આ પુસ્તકમાં ખ્યાલ આપ્યો છે.

સૌરાષ્ટ્રની નદીઓનાં નીર કેમ સુકાઈ ગયાં છે અને વરસાદી પાણીનો સંગ્રહ શા માટે થઈ શકતો નથી એની સુપેરે સમજ આ પુસ્તકમાંથી મળે છે. ગુજરાતની જળ સંપત્તિ, ભૂગર્ભ જળ સંપત્તિ, સૌરાષ્ટ્રની જળ સંપત્તિ વગેરે અંગે વિસ્તૃત માહિતી આપીને જળ સમસ્યાની ઊંડી છણાવટ કરવામાં આવી છે. પાણીની તંગીથી થતી લોકોની હાલાકીનું હૃદયદ્રાવક બયાન પણ એમાં છે. પાણીની અછતે ઊભી કરેલી સામાજિક સમસ્યાઓ અને મોટા આર્થિક ખર્ચાઓની પણ વિગતવાર છણાવટ કરાઈ છે. પાણીની અછત લોકોને માત્ર ત્રાસ નથી આપતી, પણ તે લોકો વચ્ચે તનાવ અને વિખવાદો સર્જે છે. શ્રી આચાર્યે આ ગંભીર સમસ્યાના ઉકેલના લાંબા અને ટૂંકા ગાળાના ઉપાયો પણ સૂચવ્યા છે. તેમણે કહ્યું છે કે ટૂંકા ગાળામાં પીવાનું પાણી મહી નદી કે નર્મદા નદીમાંથી પાઈપ લાઈન દ્વારા પહોંચાડવું. ટ્યુબવેલથી ભૂગર્ભ જળ ખેંચતા ખેડૂતો અને ઉદ્યોગ તથા સુધરાઈઓ માટે તળ ધરતીને રિચાર્જ કરાવવાનું સરકારે ફરજિયાત બનાવવું જોઈએ એવું સૂચન પણ તેમણે કર્યું છે. ટ્યુબવેલોનું નિયમન થાય તથા નાના ચેક ડેમ દ્વારા વરસાદી પાણી સંઘરાય તે માટેના પ્રયાસનો પણ તેમણે ઉલ્લેખ કર્યો છે. પુસ્તકમાં એક કર્મશીલની છાંટ અવશ્ય વર્તાઈ આવે છે. પ્રાપ્તિસ્થાન : સુરેન્દ્રનગર વિકાસ સંસ્થાન, સી/૧/૬૧૫, જીઆઈડીસી એસ્ટેટ, વઢવાણ-૩૬૩૦૩૫.

### 'ઉન્નતિ' છેલ્લા ત્રણ મહિનામાં

અમે અમારા વાચકોને એ જણાવતાં આનંદ અનુભવીએ છીએ કે અમે અમારા કાર્યક્રમો અને સંસ્થાગત વ્યવસ્થાઓની સમીક્ષા કરી રહ્યા છીએ. કાર્યક્રમની સમીક્ષા માટે અમે નવી દિલ્લીના એનસીએઈઆર(નેશનલ કાઉન્સિલ ઑફ એપ્લાઈડ ઈકોનોમિક્સ એન્ડ રિસર્ચ)નાં વરિષ્ઠ અર્થશાસ્ત્રી સુશ્રી રત્ના સુદર્શન, અમદાવાદના 'ફાઉન્ડેશન ફોર પબ્લિક ઈન્ટરેસ્ટ'ના શ્રી મિહિર ભટ્ટ અને નવી દિલ્લીના 'પાર્ટિસિપેટરી રિસર્ચ ઈન એશિયા'ના શ્રી હર્ષ જેટલીની બનેલી એક બાહ્ય ટુકડીનો સહયોગ લીધો છે. મૂલ્યાંકનમાં અમારા સહભાગીઓ પાસેથી અમને પ્રતિભાવો અને સૂચનો મળ્યાં. ત્યાર બાદ ત્રણેય મૂલ્યાંકનકારોએ ગુજરાત અને રાજસ્થાનમાં એક-એક સપ્તાહ ગાળ્યું અને અમારા સહભાગીઓ સાથે વિગતે ચર્ચા કરી. અમારા સહભાગીઓ તરફથી અમને મળેલા પ્રતિભાવોથી અમે ખૂબ જ આનંદની લાગણી અનુભવીએ છીએ. 'વિચાર'ના આગામી અંકમાં આ મૂલ્યાંકનનાં તારણો અમે આપની સમક્ષ રજૂ કરીશું. તેને આધારે 'ઉન્નતિ'ની ભાવિ વ્યૂહરચનાની દિશા નક્કી થશે.

### ક્ષમતાવર્ધન એકમ (ગુજરાત)

- અમદાવાદમાં ૨૮-૨૯, જાન્યુઆરી, ૧૯૯૯ દરમ્યાન 'સહભાગી તાલીમને વ્યાપક સ્તરે વિકસાવવા' એક કાર્યશાળાનું આયોજન કર્યું હતું. આ કાર્યશાળામાં સહભાગી તાલીમનો કેવી રીતે પ્રસાર કરવો તેની વ્યૂહરચનાઓ વિશે ચર્ચા થઈ. આ પ્રયાસને આગળ ધપાવવા સહભાગી તાલીમના ક્ષેત્રે થતા નવીનતમ પ્રયોગોનું દસ્તાવેજીકરણ કરવાનું અને તેનું પ્રકાશન કરવાનું નક્કી કરાયું.
- ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશનાં સ્વસહાય જૂથોના નેતાઓની એક કાર્યશાળાના આયોજન માટે 'ફ્રેન્ડ્ઝ ઓફ વીમેન્સ વર્લ્ડ બેંકિંગ(ઈન્ડિયા)'ને ટેકો પૂરો પડાયો. આ કાર્યશાળામાં અમારા કાર્યકરોએ નેતૃત્વ નિર્માણ અને સહભાગી તાલીમની પદ્ધતિઓ અંગે એક બેઠકમાં તાલીમ આપી.
- 'ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી મંડળી લિમિટેડ'ના મુખ્ય પ્રશિક્ષક સભ્યોને તાલીમ અંગે ટેકો પૂરો પાડવાનું ચાલુ છે. અત્યાર સુધીમાં સહભાગી તાલીમ પદ્ધતિ અંગે અમે આઠ દિવસ બેઠકો લીધી છે.
- 'એક્શન એઈડ(ઈન્ડિયા)'ની સહભાગી સંસ્થાઓ માટે માર્ચ ૧૬-૨૦, ૧૯૯૯ દરમ્યાન ભાવિ દૃષ્ટિકોણ અંગેનો દસ્તાવેજ તૈયાર કરવા માટેની કાર્યશાળાનું અમે સંચાલન કર્યું. આ દસ્તાવેજમાં સ્ત્રી-પુરુષ સમાનતા, ચિરંતનતા તથા સહભાગિતા જેવાં દૃષ્ટિકોણ અંગેના સ્પષ્ટ નિવેદન સાથે સ્થાનિક જરૂરિયાતો, સંસ્થાગત રણનીતિના અને કાર્યક્રમ આયોજનનો સમાવેશ થાય છે. પોશિનાના 'નવદીપ પ્રગતિ યુવક મંડળ' માટે 'ઉન્નતિ' અમદાવાદની વિકાસ ક્ષેત્રની કન્સલ્ટન્ટ એજન્સી 'કોહેશન' સાથેના સહયોગમાં એક નમૂનારૂપ દસ્તાવેજ તૈયાર કરશે.
- વડોદરાના 'શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ'ને તેના કાર્યકરોની ક્ષમતાવર્ધનની જરૂરિયાતો આકારવા માટે ટેકો પૂરો પાડવામાં આવી રહ્યો છે.
- આણંદમાં 'ઈરમા' દ્વારા આયોજિત 'વોલેગ-મેપ'માં સૂક્ષ્મ સ્તરીય આયોજન વિશે એક બેઠક લેવામાં આવી.
- અમે 'ઢાકા એહસાનિયા મિશન'ને વ્યૂહાત્મક સમીક્ષા હાથ ધરવા માટે પણ ટેકો પૂરો પાડ્યો છે.
- કેટલાંક નક્કી કરાયેલાં સ્થાનિક જૂથોને આ ત્રણ માસ દરમ્યાન અમે સતત સઘન ટેકો પૂરો પાડ્યો છે.

### ક્ષમતાવર્ધન એકમ (રાજસ્થાન)

- ૮થી ૧૩, ફેબ્રુઆરી-૧૯૯૯ દરમ્યાન રાજ્યના કર્મશીલો માટે વિકાસના દૃષ્ટિકોણો વિશે અભિમુખીકરણ (ઓરિએન્ટેશન) પર કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો હેતુ સહભાગીઓ સહિભાગિતા, ચિરંતનતા, ગરીબી, સ્ત્રી-પુરુષ સમાનતા જેવા વિકાસના મુખ્ય દૃષ્ટિકોણ વિશે તેમની સમજ વિકસાવે તે હતો.
- તા. ૭-૩-૧૯૯૯ના રોજ જોધપુર યુનિવર્સિટી સાથેના સહયોગમાં રાજસ્થાનના રણ પ્રદેશમાં સ્ત્રી-પુરુષ ભેદભાવ અંગે સહભાગી સંશોધન હાથ ધરવા એક બેઠક યોજવામાં આવી હતી.
- દલિતોના પ્રશ્નોના ઉકેલની વ્યૂહરચના ઘડવા માટે 'વસુંધરા સેવા સમિતિ', 'સમાજ એવમ્ પર્યાવરણ વિકાસ સમિતિ', 'મરુધર ગંગા સોસાયટી' અને 'ઈન્સ્ટિટ્યુટ ફોર ડેવલપમેન્ટ એજ્યુકેશન એન્ડ અવેરનેસ' જેવાં સ્થાનિક જૂથો સાથેના સહયોગમાં સંયુક્ત પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રશ્નની ચર્ચા માટે અને સંયુક્ત કાર્યલક્ષી યોજના તૈયાર કરવા માટે તા.૨૫-૨-૧૯૯૯ના રોજ સહભાગીઓ સાથે એક બેઠક યોજવામાં આવી હતી.

• જયપુરની 'અરાવલી' સંસ્થાને અમે તેમની સહયોગી સંસ્થાઓની ક્ષમતા વધારવા માટે યુવાન વ્યવસાયીઓ પૂરા પાડવા માટે સહયોગ આપ્યો.

**સ્વશાસન એકમ (ગુજરાત)**

• અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં 'ગ્રુપ' સંસ્થા સાથેના સહયોગમાં પંચાયતોને સીધી રીતે જ મજબૂત કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. રાજ્યના પંચાયત કાયદા અન્વયે ગ્રામ, તાલુકા અને જિલ્લા એમ ત્રણેય સ્તરે વંચિત સમુદાયોને સમાન લાભો આપવા સામાજિક ન્યાય સમિતિઓનું ગઠન કરવું ફરજિયાત છે. અમે પંચાયતો સાથે આ અંગે કામ કર્યું છે અને આવી સમિતિઓની રચનાની પ્રક્રિયા આગળ ધપાવી છે. તા-૯-૩-૧૯૯૯ના રોજ તાલુકા સ્તરની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું. તેમાં ૩૮ સરપંચો, સામાજિક ન્યાય સમિતિઓના સભ્યો અને અધ્યક્ષો ભેગા થયા અને તેમણે તેમની ભૂમિકાઓ અને જવાબદારીઓ વિશે ચર્ચા કરી. તેના અનુસંધાનમાં તેમણે તેમની ક્ષમતા વધારવા માટે પોતાની તાલીમની જરૂરિયાત વ્યક્ત કરી.
• રાજ્યમાં પંચાયતી રાજ સંસ્થાઓની સ્થિતિ અંગેનો એક અહેવાલ તૈયાર કરાઈ રહ્યો છે. એના સંદર્ભમાં અમે નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરી છે: **૧.** દ્વારકાના 'ગ્રામ વિકાસ ટ્રસ્ટ'ના સહયોગમાં તા-૧૯-૩-૧૯૯૯ના રોજ સૌરાષ્ટ્રમાં ગ્રામ સભા, પંચાયતની બેઠકો, સંસાધન એકત્રીકરણનું પ્રમાણ, આયોજનની પ્રક્રિયા તથા દલિત અને મહિલા નેતાઓની સ્વીકૃતિની પરિસ્થિતિ તપાસવા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. **૨.** મહિલા સરપંચોએ તેમનું નેતૃત્વ પ્રસ્થાપિત કરવા આપેલી લડતોને પ્રકાશમાં લાવવા માટે પાંચ મહિલા સરપંચોનો અભ્યાસ હાથ ધરાયો છે. **૩.** છેલ્લાં પાંચ વર્ષમાં 'સંદેશ' અને 'ધ ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'માં પંચાયતી રાજ અંગે આવેલા સમાચારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. **૪.** 'સ્ટેટ ઈન્સ્ટિટ્યુટ ઑફ રુરલ ડેવલપમેન્ટ' દ્વારા 'ગ્રામ વિકાસમાં પંચાયતી રાજ સંસ્થાઓની ભૂમિકા' વિશે વ્યાખ્યાન આપવા અમને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. **૫.** દ્વારકાના 'ગ્રામ વિકાસ સેવા ટ્રસ્ટ' દ્વારા તા-૫-૩-૧૯૯૯ના રોજ ગૌચર જમીન અંગે યોજાયેલી એક બેઠકમાં અમે સક્રિય સહયોગ આપ્યો. આ બેઠક દરમ્યાન એક ઠરાવ પસાર કરવામાં આવ્યો અને તે કલેક્ટરને સુપરત કરવામાં આવ્યો.

**સ્વશાસન એકમ (રાજસ્થાન)**

રાજસ્થાનમાં સ્વશાસન એકમ મગરા મેવાડ વિકાસ સમિતિ (એમ.એમ.વી.એસ) સાથે સહયોગમાં જાવાજા (અજમેર)માં અને 'શાંતિ મૈત્રી મિશન' સાથે સહયોગમાં પુગલ(બિકાનેર)માં પંચાયતો સાથે સીધું જ કાર્યરત છે. આ દરમ્યાન જાવાજા પંચાયત સાથે નીચે મુજબનાં કાર્ય થયાં:

• **૧.** 'મહિલા જાગૃત દળ'ની રચના દ્વારા મહિલાઓની સહભાગિતા વધારવા જાવાજામાં ખાસ પ્રયાસો કરવામાં આવ્યા છે. જાન્યુઆરી-૧૯૯૯ દરમ્યાન આ દળોએ ગ્રામ સભાની બેઠકોમાં મહિલાઓની ભાગીદારી વધારવા સક્રિય ભૂમિકા ભજવી. **૨.** આ વિસ્તારમાં જ પીવાના પાણીની અને પિયત પાણીની પ્રાપ્તિ તથા આરોગ્ય જેવા સામાજિક ક્ષેત્રના પ્રશ્નો અંગે આયોજન વિશે ચર્ચા થઈ. **૩.** આગામી ત્રણ માસમાં અમલમાં મુકાય તેવી કાર્યલક્ષી યોજના ઘડવા માટે સંકળાયેલી વિવિધ વ્યક્તિઓ(સ્ટેકહોલ્ડર્સ)ની એક બેઠક બોલાવવામાં આવી હતી. **૪.** શાળાના શિક્ષકોને પંચાયતી રાજના મુખ્ય મુદ્દાઓ વિશે તાલીમ આપીને અને અભ્યાસક્રમમાં એ મુદ્દાઓ દાખલ કરીને પંચાયતી રાજના ખ્યાલનો પ્રચાર કરી રહ્યા છીએ.
• પુગલ ગ્રામ પંચાયતમાં આ દરમ્યાન નીચે મુજબનાં કાર્યો થયાં: **૧.** પુગલમાં 'ઈન્દિરા ગાંધી નહેર પરિયોજના'નો મોટો પ્રભાવ છે. કારણ કે 'કમાન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી' (સીએડીએ) દ્વારા આ પરિયોજનાનું સંચાલન થાય છે. ગંગાજલી પંચાયતમાં સહભાગી ગ્રામીણ અધ્યયન (પી.આર.એ.) દ્વારા નમૂનારૂપ સૂક્ષ્મ સ્તરીય યોજના તૈયાર કરાઈ રહી છે. **૨.** સ્થાનિક સંસાધનોને ઓળખી કાઢવા અને તેમનો યોગ્ય ઉપયોગ કરવા માટે આ વિસ્તારની પંચાયતોના ૬૬ સભ્યોની એક મુખ્ય ટુકડી રચવામાં આવી છે. આ ટુકડી સામુદાયિક પ્રશ્નો ઉઠાવે છે અને સરકાર સાથે મંત્રણા કરે છે. **૩.** પંચાયતના પ્રતિનિધિઓ સાથે નિયમિત માસિક બેઠકો યોજાય છે અને અમારા દ્વારા તેમને તાલીમ પૂરી પડાય છે.
• અમે અજમેરના 'મગરા મેવાડ વિકાસ સંસ્થાન' (એમએમવીએસ) સાથેના સહયોગમાં જાવાજા ખાતે અને જોધપુરમાં અમારા કાર્યાલય ખાતે એક 'પંચાયત સંદર્ભ કેન્દ્ર' સ્થાપી રહ્યા છીએ. તેનો મુખ્ય હેતુ જિલ્લાગત પંચાયત સભ્યોને શૈક્ષણિક સહયોગ આપવાનો છે.
• બાડમેર અને બિકાનેર જિલ્લાઓની પંચાયતમાં નાણાં વ્યવસ્થાનો એક અભ્યાસ હાથ ધરાયો હતો અને તેનો અહેવાલ તૈયાર કરાયો છે.

- લોકોની સહભાગિતા અને મહિલાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને રાજ્યમાં પંચાયતી રાજ સંસ્થાઓની સ્થિતિ અંગેનો બીજો એક અહેવાલ તૈયાર થઈ રહ્યો છે.

### સંશોધન અને એડવોકસી (ગુજરાત)

- શહેરી સ્વશાસનને મજબૂત કરવા માટે એક સંશોધન હાથ ધર્યું છે. ૭૪મા બંધારણીય સુધારા સાથે શહેરોમાં શાસનમાં લોકોની વધુ સહભાગિતા માટેનો અવકાશ વધ્યો છે. સંશોધનનો હેતુ નાનાં અને મધ્યમ શહેરોમાં સ્વશાસનની સ્થિતિ તપાસવાનો છે. ગુજરાતમાં અમદાવાદ જિલ્લામાં ધોળકા, સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા અને જૂનાગઢ જિલ્લામાં જૂનાગઢ શહેરોમાં આ અભ્યાસ હાથ ધરાઈ રહ્યો છે. આ ત્રણ માસ દરમિયાન સરકારી ખાતાંઓ, નગરપાલિકાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે અનુકૂળ વાતાવરણ માટે અને નગરપાલિકાઓ અંગેની માહિતી એકત્ર કરવા માટે ઘનિષ્ઠ સંબંધો ઊભા કરાયા છે. આ મુદ્દા ઉપર છેલ્લાં પાંચ વર્ષમાં કરાયેલા કામની સમીક્ષા પણ કરી રહ્યા છીએ.
- 'કોમનવેલ્થ ફાઉન્ડેશન' દ્વારા 'સિવિલ સોસાયટી ઈન ધ ન્યૂ મિલેનિયમ' (નવી સહસ્ત્રાબ્દીમાં નાગરિક સમાજ)ના સંદર્ભમાં આમ જનતાના અભિપ્રાયો અંગેનો એક અભ્યાસ પૂરો થયો છે. 'કોમનવેલ્થ ફાઉન્ડેશન' દ્વારા પર દેશોમાં આ અભ્યાસ સંયુક્ત પ્રયાસો દ્વારા કરાઈ રહ્યો છે. ભારતમાં ૧૮ ક્ષેત્રો પસંદ કરાયાં છે. 'ઉન્નતિ'એ ત્રણ ક્ષેત્રોમાં અભ્યાસ કર્યો છે. નવેમ્બર-૧૯૯૯માં ભરાનારી 'ચોગમ' પરિષદ માટે ભારત માટે તૈયાર થનારા અહેવાલમાં આ અહેવાલનું સંકલન થશે.
- ગુજરાતના ભરૂચની સંસ્થા 'સેવા રુરલ'ના સામુદાયિક આરોગ્ય કાર્યક્રમનો સહભાગી અભ્યાસ અને દસ્તાવેજીકરણ કરાઈ રહ્યાં છે.

### દસ્તાવેજીકરણ એકમ

- દસ્તાવેજીકરણ એકમ હિન્દી અને ગુજરાતીમાં 'વિચાર'નું પ્રકાશન કરે છે.
- ચરખા (ગુજરાત) દ્વારા અનેક સંગઠનોને સંચાર(મિડિયા) સંબંધી ટેકો પૂરો પડાયો છે. અમદાવાદની 'નવસર્જન'ના ટેકાથી ચાલતા પાદરાની 'પરિવર્તન' સંસ્થાના કર્મશીલો પર સ્થાનિક હિંદુત્વવાદીઓએ કરેલા હિંસક હુમલાના 'ચરખા' દ્વારા અપાયેલા અહેવાલને તમામ પ્રાદેશિક અખબારોએ પ્રકાશિત કર્યો હતો.
- દર વર્ષની જેમ જાન્યુઆરી-૧૯૯૯માં ગુજરાતના કર્મશીલોની લેખન કુશળતાને પ્રોત્સાહન આપવા માટેની લેખન સ્પર્ધાનો ઈનામ વિતરણ સમારંભ યોજવામાં આવ્યો હતો.
- 'સેવા'ના કર્મશીલોની લેખન કુશળતા વધારવા માટે તા.૩-૫, માર્ચ, ૧૯૯૯ દરમ્યાન એક કાર્યશાળા યોજાઈ હતી. એ જ રીતે અમદાવાદના ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર દ્વારા ટેકો મેળવનારી પરિયોજના અમલકર્તા સંસ્થાઓની જળસ્રાવ વિકાસ ટુકડીઓ માટે પણ આવી જ કાર્યશાળા યોજવામાં આવી હતી.

उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંસ્થાન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.

ફોન: (૦૭૯) ૬૭૪૬૧૪૫, ફેક્સ: ૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnati@ad1.vsnl.net.in

**ક્ષેત્રીય કાર્યાલય:** ૨૧-એ, ૯, પોલ રોડ, બછરાજજી કા બાગ, જોધપુર-૩૪૨૦૦૩, રાજસ્થાન. ફોન/ફેક્સ: (૦૨૯૧) ૬૪૩૨૪૮

રૂપાંકન: યશોદા કોરિયા, 'ઉન્નતિ', ડિઝાઈન કન્સલ્ટન્ટ: તરુણ દીપ ગિરધર, ચિત્રાંકન: રણજીત બાલમુચુ

મુદ્રણ: સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., ૫૫/૧૫, સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન નં.૫૪૬૪૯૯૦.

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.